૨૦૪ વર્ષ

દૈનિક મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 116 ■ વિક્રમ સંવત ૨૦૮૨
અધિક જયેષ્ઠ સુદ - ૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 18 May 2026, Monday ■ REGD.No. MCS/058/2024-26

સોમવાર, ૧૮ મે ૨૦૨૬, (૧૦ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | ધર્મતેજ પૂર્તિ | ૫ ૬ ૭ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# કચ્છમાં વધુ ૨૦,૦૦૦ ટન ગૅસ આવ્યો




નવી દિલ્હીઃ પશ્ચિમ એશિયામાં વધી રહેલા તણાવ અને તેલ પુરવઠા અંગે વૈશ્વિક ચિંતાઓ વચ્ચે ભારત માટે રાહતના સમાચાર આવ્યા છે. માર્શલ આઇલેન્ડ્સ ધ્વજવાળું ટેન્કર ''સિમી'' સુરક્ષિત રીતે ગુજરાતના કચ્છ જિલ્લાના કંડલાના પોર્ટ પર પહોંચ્યું હતું. આ જહાજમાં આશરે ૨૦,૦૦૦ ટન એલપીજી ગેસ છે. ટેન્કર ૧૩ મેના રોજ વ્યૂહાત્મક રીતે મહત્ત્વપૂર્ણ હોર્મુઝ સ્ટ્રેટ પાર કરીને ભારતમાં પહોંચ્યું હતું. ન્યૂઝ એજન્સીના મતે યુદ્ધ શરૂ થયા પછી ૧૫ એલપીજી જહાજો ભારતમાં આવ્યા છે. એલપીજી ટેન્કર ''સિમી'' એ ૧૩ મેના રોજ હોર્મુઝ સ્ટ્રેટ પાર કર્યું હતું. અહેવાલો અનુસાર, ભારત આવતા એલપીજી જહાજ ''એમવીસનશાઇન'' એ પણ તાજેતરમાં સુરક્ષિત રીતે હોર્મુઝ પાર કર્યું હતું.

ભારતીય નૌકાદળ સહિત અનેક એજન્સીઓ જહાજોને સુરક્ષિત રીતે હોર્મુઝ પાર કરવામાં મદદ કરી રહી છે. ઈરાનના વિદેશ મંત્રી સૈયદ અબ્બાસ અરાઘચીએ વિદેશ મંત્રી એસ. જયશંકર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે ઈરાન હોર્મુઝ સ્ટ્રેટમાં સુરક્ષા જાળવવાની પોતાની જવાબદારી નિભાવવાનું ચાલુ રાખશે. અરાઘચીએ જણાવ્યું હતું કે મિત્ર દેશો વેપાર સુરક્ષા માટે ઈરાન પર આધાર રાખી શકે છે. દરમિયાન, ઈરાનના નાયબ વિદેશ મંત્રી કાઝેમે જણાવ્યું હતું કે આ ક્ષેત્રમાં શાંતિ સ્થાપિત થયા પછી હોર્મુઝ સ્ટ્રેટ વધુ સુરક્ષિત બનશે. તેમણે કહ્યું કે ત્યાં પારદર્શિતા અને સુરક્ષા વધશે અને આંતરરાષ્ટ્રીય કાયદાની બહાર કોઈ પગલાં લેવામાં આવશે નહીં. તેમણે એમ પણ કહ્યું કે અમેરિકા ગંભીર રાજદ્વારીમાં સામેલ નથી, પરંતુ જો આ ક્ષેત્રમાં શાંતિ સ્થાપિત થશે તો તે વધુ સુરક્ષા અને સ્થિરતા તરફ દોરી જશે.

ન્યૂઝ એજન્સીએ કહ્યું કે ભારત આવતું એલપીજી ટેન્કર એમવી સનશાઇન હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થઈ રહ્યું હતું અને તેને ભારતમાં સુરક્ષિત રીતે પહોંચવા માટે તમામ શક્ય સહાય પૂરી પાડવામાં આવી રહી હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે પર્શિયન ગલ્ફમાંથી સુરક્ષિત રીતે પસાર થનારું આ ૧૫મું એલપીજી જહાજ હતું.

(જુઓ પાનું ૨) ▶▶

## અબુ ધાબીના અણુ-ઊર્જા મથક પાસે હુમલો

કૈરોઃ અબુ ધાબીના અણુ-ઊર્જા મથક પાસે રવિવારે થયેલા ડ્રોન હુમલાને કારણે આગ ફાટી નીકળી હોવાનું યુએઈના સત્તાધિકારીઓએ કહ્યું હતું.

ડ્રોન હુમલાને કારણે અલ ધાફ્રામાં બારાખા અણુ ઊર્જા મથકના પરિસરની બહાર આવેલા ઈલેક્ટ્રિકલ જનરેટરમાં આગ ફાટી નીકળી હોવાનું સત્તાવાર બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

જોકે હુમલાને કારણે કોઈને ઈજા નહોતી થઈ અને કિરણોત્સર્ગના સુરક્ષા સ્તરને પણ કોઈ હાનિ ન પહોંચી હોવાનું નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

અમેરિકા અને ઈરાન વચ્ચે સહેલાઈથી તૂટી જાય તેવા યુદ્ધવિરામ વચ્ચે આ ડ્રોન હુમલો કરવામાં આવ્યો હતો.

હુમલાને કારણે અખાતના દેશોમાં તણાવ અને જોખમ વધતા વિશ્વભરમાં ઊર્જાની કટોકટી વધુ ઘેરી બને તેવી શક્યતા છે. (એજન્સી)■

## ગુજરાતને સેમિકન્ડકટરના ઉત્પાદનમાં નેધરલૅન્ડ્સ સહાય કરશે

હેગ (નેધરલૅન્ડ્સ)ઃ ટાટા ગ્રૂપની કંપની ટાટા ઇલેક્ટ્રોનિક્સ અને નેધરલૅન્ડ્સની કંપની એએસએમએલએ ભારતના સેમિકન્ડકટર ઉત્પાદન મહત્ત્વાકાંક્ષાઓને પૂર્ણ કરવા માટે વ્યૂહાત્મક ભાગીદારી કરી છે, જે દેશના સ્થાનિક ચિપ ઉત્પાદન પ્રયાસોમાં એક મહત્ત્વપૂર્ણ પગલું છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે નેધરલૅન્ડ્સની મુલાકાત દરમિયાન આ કરારની જાહેરાત કરી હતી. ડચ કંપની એએસએમએલ ગુજરાતના ધોલેરામાં ટાટા ઇલેક્ટ્રોનિક્સના આગામી ૩૦૦એમએમ સૅમિકન્ડક્ટર ફેબ્રિકેશન પ્લાન્ટ માટે લેટેસ્ટ લિથોગ્રાફી મશીનરી અને સોલ્યુશન્સ પ્રદાન કરશે. આ કરાર ભારત અને નેધરલેન્ડ્સ વચ્ચેના સંબંધોને મજબૂત બનાવશે.

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ ભાગીદારી દ્વારા એએસએમએલ ગુજરાતના ધોલેરામાં ટાટા ઇલેક્ટ્રોનિક્સની સેમિકન્ડક્ટર ફેક્ટરીની સ્થાપના અને સફળ સંચાલનમાં મદદ કરશે. ટાટા ઇલેક્ટ્રોનિક્સ ૯૧,૦૦૦ કરોડના રોકાણ

(જુઓ પાનું ૨) ▶▶

## રાજધાની એક્સપ્રેસમાં આગ

રતલામઃ ત્રિવેન્દ્રમ-હઝરત નિઝામુદ્દીન રાજધાની એક્સપ્રેસ(૧૨૪૩૧)ના બી૧ કોચમાં રવિવારે સવારે આશરે ૫-૩૦ વાગ્યે ભીષણ આગ ફાટી નીકળી હતી. સદનસીબે તમામ મુસાફરોને સમયસર સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા. જેના કારણે મોટી દુર્ઘટના ટળી હતી.

આ બનાવની પ્રાપ્ત માહિતી મુજબ આ દુર્ઘટના કોટા રેલવે ડિવિઝન હેઠળના રતલામ જિલ્લાના આલોટ સ્ટેશન નજીક લુણી રિચ્છા-વિક્રમગઢ આલોટ સ્ટેશન વચ્ચે બની હોવાનું જણાવાઇ રહ્યું છે. ટ્રેન તેની ગતિએ

(જુઓ પાનું ૨) ▶▶

## ભોજશાળામાં મહાઆરતી યોજાઈ

ધારઃ મધ્ય પ્રદેશના ધારમાં આવેલી ભોજશાળા દેવી સરસ્વતીનું મંદિર હોવાનું કહેતા મધ્ય પ્રદેશ વડી અદાલતની ઈન્દોર બૅન્ચના ચુકાદા બાદ રવિવારે હિંદુઓએ આ મંદિરનું ગૌમૂત્રથી શુદ્ધીકરણ કર્યું હતું અને પૂજા તેમ જ મહાઆરતી કરી હતી. હિંદુઓ રવિવારે મોટી સંખ્યામાં ભોજશાળાના મંદિરે દર્શનાર્થે આવ્યા હતા.

ભોજશાળામાં શનિવાર રાત્રે એએસઆઈની માર્ગદર્શિકા બાદ રવિવાર સવારે પૂજા-અર્ચના શરૂ થઈ. મંદિરના ગર્ભગૃહને ગૌમૂત્રથી પવિત્ર કરવામાં આવ્યું. રંગોળી

(જુઓ પાનું ૨) ▶▶

## મૉસ્કો પર યુક્રેનનો હુમલોઃ એક ભારતીય સહિત ચારનાં મોત

કીવઃ રશિયા-યુક્રેન યુદ્ધ શરૂ થયા બાદ યુક્રેને મૉસ્કો પર કરેલા અત્યાર સુધીના સૌથી મોટા ડ્રોન હુમલામાં એક ભારતીય સહિત ચારનાં મોત થયાં હોવાનું અને અનેક લોકો ઘાયલ થયા હોવાનું સત્તાધિકારીઓએ જણાવ્યું હતું.

મૉસ્કો નજીક આવેલા ખિમકી ગામસ્થિત ઘર પર ડ્રોન ત્રાટકતા એક મહિલા અને બે પુરુષનાં મોત થયા હોવાનું ગવર્નર ઍન્ડ્રે વૉરોબાયૅવે કહ્યું હતું. મૉસ્કોમાં

(જુઓ પાનું ૨) ▶▶

## કેન્દ્રના પ્રધાનના પુત્રની ધરપકડ

હૈદરાબાદઃ કેન્દ્રીય પ્રધાન બંદી સંજય કુમારના પુત્ર ભગીરથની શનિવારે રાત્રે પ્રોટેકશન ઑફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સયુઅલ ઓફેન્સીસ (પોક્સો) કેસમાં ધરપકડ કરવામાં આવી હતી અને મેજિસ્ટ્રેટે તેને જ્યુડિશિયલ કસ્ટડીમાં રિમાન્ડ પર મોકલવાનો આદેશ આપ્યો હતો. પોલીસના સિનિયર અધિકારીએ કહ્યું હતું કે પોલીસે આરોપીની ધરપકડ કરી છે. સાયબરબાદના કમિશનર

(જુઓ પાનું ૨) ▶▶

## કોંગોમાં ઇબોલાનો રોગચાળોઃ ૮૦નાં મોત

નવી દિલ્હીઃ વિશ્વ આરોગ્ય સંગઠન(ડબ્લ્યુએચઓ)એ તાજેતરમાં ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો અને યુગાન્ડામાં ફેલાયેલા ઇબોલા વાઇરસના પ્રકોપને ઇન્ટરનેશનલ ઇમર્જન્સી ઓફ કન્સર્ન એટલે કે આંતરરાષ્ટ્રીય ચિંતાની જાહેર આરોગ્ય કટોકટી જાહેર કરી છે. આ બીમારી બુંડીબુગ્યો વાઇરસને કારણે થઇ રહી છે. જે ઇબોલા વાઇરસનો જ એક ઘાતક સ્ટ્રેન છે.

યુએન હેલ્થ એજન્સી અનુસાર શનિવાર સુધીમાં કોંગોના ઇટુરી પ્રાંતમાં-બુનિયા, રવામપારા અને મોંગબ્વાલુ- આ ત્રણ હેલ્થ ઝોનમાં ૮૦ શંકાસ્પદ મૃત્યુ નોંધાયા હતા. આઠ લેબમાં પુષ્ટિ પામેલા કેસ અને ૨૪૬ શંકાસ્પદ કેસો સામે આવ્યા છે. ઇબોલા એક ખતરનાક વાઇરસથી થતી બીમારી છે. આ સંક્રમણ દુર્લભ છે, પરંતુ ખૂબ ગંભીર અને ઘણા કિસ્સાઓમાં જીવલેણ સાબિત થઇ શકે છે. આ વાઇરસ સંક્રમિત વ્યક્તિના શરીરના પ્રવાહી પદાર્થો જેમ કે લોહી, ઊલટી, પરસેવો અથવા વીર્યના સંપર્કથી એક વ્યક્તિથી બીજા વ્યક્તિમાં ફેલાઇ છે.

આ સ્ટ્રેન અગાઉ મોટાભાગની મહામારીઓનું કારણ બનનાર ઝૈરે સ્ટ્રેનથી અલગ છે. બુંડીબુગ્યો સ્ટ્રેનની જાણ ૨૦૦૭-

(જુઓ પાનું ૨) ▶▶



એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ધારની ભોજશાળા મંદિર જાહેર, હિંદુઓ માટે ઐતિહાસિક ચુકાદો કેમ?

**મધ્ય પ્રદેશ** હાઈ કોર્ટની ઈન્દોર બેન્ચે ધારમાં આવેલી ભોજશાળાના મંદિરને મા વાગ્દેવી એટલે કે મા દેવી સરસ્વતીના મંદિર તરીકે સ્વીકાર્યું એ સાથે જ ધર્મસ્થાનોનો મુદ્દો ફરી ચર્ચામાં છે. ભોજશાળા બહુ મોટું સંકુલ છે અને તેમાં આવેલા મા સરસ્વતીના મંદિરને તોડીને કમાલ મૌલા મસ્જિદ બનાવાઈ હોવાના દાવાને પગલે હાઈ કોર્ટે ૨૦૨૪માં આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (એએસઆઈ)ને સમગ્ર ભોજશાળાનો સર્વે કરવા આદેશ આપ્યો હતો. આ સર્વેમાં મસ્જિદનું નિર્માણ મંદિર તોડીને કરાયું હોવાના પુરાવા મળતાં હાઈ કોર્ટે ભોજશાળાને મા સરસ્વતી દેવીનું મંદિર હોવાનું જાહેર કરીને હિંદુઓને પૂજાનો અધિકાર આપ્યો છે.

હાઈ કોર્ટે આ મંદિરને મા વાગ્દેવીનું મંદિર જાહેર કર્યું પણ મંદિરમાં કોઈ પ્રતિમા નથી કેમ કે અંગ્રેજો આ દેશને લૂંટી ગયા ત્યારે મા વાગ્દેવીની પ્રતિમા પણ લઈ ગયેલા. મા વાગ્દેવીની પ્રતિમા અત્યારે લંડનના મ્યુઝીયમમાં છે. આ પ્રતિમા પાછી લાવવા માટે પણ સુપ્રીમ કોર્ટમાં અરજી થઈ છે . હિંદુ પક્ષકારોએ સુપ્રીમ કોર્ટમાં કરેલી બે અરજીમાં એક અરજી મા વાગ્દેવીની પ્રતિમા પાછી લાવવાની પણ છે.

હિંદુઓને અધિકાર મળ્યો પછી શનિવારથી જ ભોજશાળામાં દર્શન અને પૂજા-અર્ચના શરૂ થઈ ગયાં અને શનિવારે તો હનુમાન ચાલીસાનો પાઠ પણ કરાયો. વરસો પછી મંદિરમાં પૂજાની મંજૂરી મળી તેથી હિંદુઓ ઠેર ઠેરથી મોટી સંખ્યામાં ઊમટી રહ્યા છે. ભોજશાળા બહુ મોટું સંકુલ છે અને તેમાં મા સરસ્વતીનું મંદિર આવેલું છે. અત્યારે ભોજશાળાનો વહીવટ આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (એએસઆઈ)ને હસ્તક છે તેથી હાઈ કોર્ટે ભોજશાળા મંદિરનું સંચાલન કઈ રીતે કરવું તેનો નિર્ણય કેન્દ્ર સરકાર અને એએસઆઈ પર છોડ્યો છે.

હિંદુઓ જેને મા સરસ્વતીનું મંદિર માને છે તેને મુસ્લિમો કમાલ મૌલા મસ્જિદ માને છે અને આ મસ્જિદમાં નમાઝ પણ પઢાતી હતી. આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (એએસઆઈ)એ ૭ એપ્રિલ ૨૦૦૩ના રોજ આદેશ આપેલો કે, મુસ્લિમ સમુદાય શુક્રવારે બપોરે નમાઝ પઢી શકે છે પણ ભોજશાળામાં હિંદુઓને પૂજાનો અધિકાર આપ્યો ન હતો. હાઈ કોર્ટે મુસ્લિમોને શુક્રવારે નમાઝ પઢવાની અપાયેલી મંજૂરી રદ કરીને એએસઆઈના આદેશને પણ રદ કરી દીધો છે.

હાઈ કોર્ટના આદેશથી હિંદુઓ ખુશ છે જ્યારે મુસ્લિમો નારાજ છે તેથી આ મામલો સુપ્રીમ કોર્ટમાં જશે એ નક્કી છે. મુસ્લિમોની દલીલ છે કે, પ્લેસીસ ઓફ વર્શિપ એક્ટ, ૧૯૯૧ હેઠળ કોઈ પણ ધર્મસ્થાનની સ્થિતિ ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ની સ્થિતીએ જાળવી રાખવી જરૂરી છે. આ કાયદો ધારની ભોજશાળાને પણ લાગુ પડે છે તેથી ભોજશાળામાં હિંદુઓને પૂજાની મંજૂરી ના મળવી જોઈએ.

હિંદુઓનું કહેવું છે કે, ૧૯૯૧માં કેન્દ્રની નરસિંહરાવ સરકારે દેશનાં તમામ ધાર્મિક સ્થળોને લગતા વિવાદોમાં યથાસ્થિતિ જાળવી રાખવા માટે પ્લેસીસ ઓફ વર્શિપ એક્ટ, ૧૯૯૧ બનાવ્યો ત્યારે અયોધ્યાના રામ જન્મભૂમિ સંકુલ સિવાયનાં તમામ ધર્મસ્થાનોને આ કાયદા હેઠળ રક્ષણ આપ્યું હતું એ વાત સાચી છે પણ ભોજશાળાને વર્શિપ એક્ટ લાગુ ના પડે. તેનું કારણ એ કે, ભોજશાળા ધર્મસ્થાન નથી પણ પુરાતત્ત્વીય રીતે સંરક્ષિત સ્થળ છે. હાઈ કોર્ટે આ દલીલે માન્ય રાખી છે પણ તેને સુપ્રીમ કોર્ટમાં પડકારી શકાય છે. મુસ્લિમો એ કરશે જ તેથી આ મુદ્દો સુપ્રીમ કોર્ટમાં જવાનો તેમાં મીનમેખ નથી.

સુપ્રીમ કોર્ટમાં આ મુદ્દો જશે એ માટે બીજું પણ કારણ છે. ભોજશાળાના મંદિરનો વિવાદ હિંદુ અને મુસ્લિમ એ બે ધર્મના પક્ષકારો વચ્ચેનો જ નથી પણ જૈનો પણ તેમાં પક્ષકાર છે. જૈન સમાજ આ મંદિરને મા અંબિકાનું મંદિર ગણાવે છે. જૈનોનું કહેવું છે કે, હિંદુઓ જે પ્રતિમાને મા વાગ્દેવીની ગણાવે છે એ વાસ્તવમાં જૈનોનાં આરાધ્ય મા અંબિકાની છે. સિહોરમાં મા અંબિકાના મંદિરની પ્રતિમા ભોજશાળામાં મળેલી પ્રતિમા જેવી જ હોવાથી ભોજશાળાને જૈન તીર્થ જાહેર કરવું જોઈએ. મા અંબિકા જૈનોના ૨૪મા તીર્થંકર ભગવાન નેમિનાથનાં રક્ષક હતાં એવી જૈનોની માન્યતા છે. જૈનો પણ ભોજશાળા પર પોતાનો અધિકાર બતાવે છે તેથી આ ચુકાદા સામે જૈનો પણ સુપ્રીમ કોર્ટમાં જશે જ.

જો કે હિંદુઓનો પક્ષ વધારે પ્રબળ છે એ સ્વીકારવું પડે. ધાર માલવાના પરમાર વંશના રાજવીઓની રાજધાની હતી. પરમાર વંશના મહાન રાજા ભોજ લગભગ ૧૦મી સદીમાં થઈ ગયા. રાજા ભોજે ગોળાકાર શહેર ધારની મધ્યમાં આ સ્મારક બનાવ્યું હોવાનું મનાય છે. આ શહેરનું નામ ધાર એટલે રખાયેલું કે, અહીં પરમારોના લશ્કર માટે તલવારો બનાવાતી હતી. ધારનગર એટલે કે તલવારોનું શહેર તેનું મૂળ નામ હતું ને પછી નગર નિકળી જતાં માત્ર ધાર જ રહ્યું. ધાર માટે યાદવો, સોલંકીઓ અને પરમાર વચ્ચે અનેક યુદ્ધો થયા. આ યુદ્ધો દરમિયાન ધારને વારંવાર સળગાવી દેવાયું અને ઘણી ઈમારતો તોડી પડાઈ પણ ભોજશાળાને કશું ના કરાયું કેમ કે તેમાં મા સરસ્વતીનું મંદિર હતું.

મુસ્લિમો આ સ્થાનને મસ્જિદ ગણાવે છે પણ ધારમાં મુસ્લિમો બહુ મોડા આવ્યા. ભારતમાં મોટા ભાગના વિસ્તારોમાં ૧૪મી સદીની શરૂઆતમાં મુસ્લિમ શાસનનો યુગ શરૂ થયો. માલવા પણ ૧૪મી સદીના શરૂઆતના વર્ષોમાં મુસ્લિમ શાસન હેઠળ આવ્યું અને ૧૩૦૪-૦૫માં આયન અલ-મુલ્ક મુલતાનીની સૂબાગીરી હેઠળ દિલ્હી સલ્તનતનો ભાગ બન્યું . એ વખતે મંદિર તોડીને તેના પર મસ્જિદના ગુંબજ લગાવાયા હતા.

જેના નામ પરથી આ મસ્જિદ બની એ કમાલ મૌલા સુફી સંત હતા. ૧૩૩૧માં ચિશ્તી સૂફી સંત કમાલ-અલ-દીનના મૃત્યુ પછી તેમની કબર મસ્જિદની બાજુમાં બનાવાઈ તેથી આ મસ્જિદ તે કમાલ મૌલા મસ્જિદ તરીકે જાણીતી થઈ. મતલબ કે, આયન અલ-મુલ્ક મુલતાનીના સૂબા તરીકેના કાર્યકાળની શરૂઆત એટલે કે ૧૩૦૪થી શરૂ કરીને ૧૩૩૧માં કમાલ-અલ-દીનનું મૃત્યુ એ વચ્ચેના ગાળામાં મસ્જિદ બની હતી. ભોજ રાજાના શાસનકાળના લગભગ ચારસો વર્ષ પછી આ મસ્જિદ બની એ જોતાં મુસ્લિમો તેના પર દાવો કરી શકે તેમ જ નથી.

હાઈ કોર્ટનો ચુકાદો હિંદુઓ માટે બહુ મોટી જીત છે તેમાં શંકા નથી. આ ચુકાદાને સુપ્રીમ કોર્ટ માન્ય રાખશે કે નહીં એ ખબર નથી પણ હાઈ કોર્ટના ચુકાદાને પગલે હિંદુ પક્ષકારો માટે એક નવી દિશા ખૂલી ગઈ છે. આ દેશમાં મંદિરો તોડીને મસ્જિદો બનાવાઈ હોય એવાં ઘણાં સ્થાનોને ઐતિહાસિક સંરક્ષિત ઈમારતો તરીકેનો દરજ્જો મળેલો છે. ઉદાહરણ તરીકે તાજમહાલને હિંદુઓ ધર્મસ્થાન ગણાવે છે પણ કાનૂની રીતે એ ધર્મસ્થાન નહીં પણ ઐતિહાસિક સંરક્ષિત ઈમારત છે. આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (એએસઆઈ)ના તાબા હેઠળની આવી ઘણી ઈમારતોને ધર્મસ્થાન ના ગણી શકાય તેથી તેમને નરસિંહરાવની સરકારે બનાવેલો વર્શિપ એક્ટ લાગુ ના પડે તેથી ત્યાં હિંદુઓનો અધિકાર માન્ય રખાય એવું બને.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મ ઋતુ,
સોમવાર, તા. ૧૮–૫–૨૦૨૬, ચંદ્રદર્શન

- ભારતીય દિનાંક ૨૮, માહે વૈશાખ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, અધિક જયેષ્ઠ સુદ –૨
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે અધિક જયેષ્ઠ, તિથિ સુદ–૨
- પારસી શહેનશાહી રોજ ૭મો અમરદાદ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૭મો અમરદાદ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧લો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨જો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૭
- નક્ષત્ર રોહિણી સવારે ક. ૧૧–૩૧ સુધી, પછી મૃગશીર્ષ
- ચંદ્ર વૃષભમાં રાત્રે ક. ૨૨–૦૪ સુધી, પછી મિથુનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષર : વૃષભ (બ, વ, ઉ), મિથુન (ક, છ, ઘ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૫, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૯, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૪, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૩, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ : ● ભરતી : બપોરે ક. ૧૩–૧૧, મધ્યરાત્રિ પછી ક. ૦૦–૫૩ ● ઓટઃ સવારે ક. ૦૬–૨૦, રાત્રે ક. ૧૯–૧૪
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, ‘પિંગલ’ નામ સંવત્સર, શાલિવાહન ● શક સંવત ૧૯૪૮, ‘પરાભવ’ નામ સંવત્સર, અધિક જયેષ્ઠ શુક્લ – દ્વિતિયા. ચંદ્રદર્શન, વસુમડા પંચક (ઘનિષ્ઠા નવક) સમાપ્તિ સવારે ક. ૧૧–૩૧. મુસ્લિમ ૧૨મો જિલ્હજ માસારંભ.● શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ બ્રહ્માજીનું પૂજન, ધ્રુવદેવતાનું પૂજન, મુંડન કરાવવું નહિ, મંદિરોમાં પાટ–અભિષેક પૂજા, બગીચાના કામકાજ, નિત્ય થતાં દસ્તાવેજ દુકાન, વેપાર, નોકરીના કામકાજ, બી વાવવું, ધાન્ય ભરવું, વિનાયક પૂજા, નવી તિજોરીની સ્થાપના, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા.
- પુરુષોત્તમ માસ મહિમાઃ શાસ્રો મુજબ અન્ય મહિનાઓમાં કરવામાં આવતા પૂણ્ય કરતાં પુરુષોત્તમ માસમાં કરેલા જપ અને દાનનું ફળ અનંતઘણું મળે છે. આ મહિનામાં ભૌતિક સુખ સુવિધાઓની પાછળ દોડવાને બદલે ‘સ્વ’ની ઓળખ અને પ્રભુભક્તિ માટે ફાળવવામાં આવે છે. દૈનિક આચરણના આ માસના પાંચ નિયમો છે. (૧) બ્રહ્મ મુહૂર્ત સ્નાનઃ સૂર્યોદય પહેલા સ્નાન કરી પવિત્ર થવું, શક્ય હોય તો પવિત્ર નદી કે સરોવરમાં સ્નાનનું મહત્ત્વ વિશેષ છે. (૨) દીપદાનઃ સાંજે તુલસીક્યારે અથવા મંદિરમાં ગાયના ઘીનો દીવો પ્રગટાવવો તે અજ્ઞાનતાના અંધકારને દૂર કરે છે. (૩) મંત્રજાપઃ ‘ૐ નમઃ ભગવતે વાસુદેવાય’ અથવા ’શ્રી વિષ્ણુ સહસ્રનામ’નો પાઠ કરવો. (૪) સાત્ત્વિક આહારઃ આ આખા પવિત્ર મહિના દરમિયાન ડુંગળી, લસણ અને તામસિક ખોરાકનો ત્યાગ કરી સાત્ત્વિક આરોગ્યપ્રદ ભોજન લેવું. (૫) શ્રીમદ્ ભાગવત ગીતા પાઠઃ વિશેષ કરીને ગીતાજીના ૧૫માં અધ્યાય પુરુષોત્તમ યોગનું નિયમિત પઠન કરવું.
- આચમનઃ ચંદ્ર–મંગળ અર્ધચતુષ્કોણ કજિયાખોર, ● ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–મંગળ અર્ધચતુષ્કોણ,
- ગ્રહગોચરઃ સૂર્ય–વૃષભ, મંગળ–મેષ, માર્ગી બુધ–વૃષભ, માર્ગી ગુરુ–મિથુન, શુક્ર–મિથુન, માર્ગી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચ્યુન–મીન, વક્રી પ્લુટો–મકર.

## સીબીએસઈએ પેપરના રિવેલ્યુએશનની ફી ઘટાડી

નવી દિલ્હીઃ સીબીએસઈએ પેપરના રિવેલ્યુએશન અને આન્સરશીટ વેરિફિકેશનની ફી અનુક્રમે રૂ. ૭૦૦ અને રૂ. ૫૦૦થી ઘટાડીને રૂ. ૧૦૦ કરવાનો નિર્ણય લીધો છે. ઑન સ્ક્રીન માર્કિંગ (ઓએસએમ)ની સીબીએસઈના બારમા ધોરણના સ્કૉર પર અસર થતી હોવાની વિદ્યાર્થીઓ અને વાલીઓ દ્વારા ચિંતા વ્યક્ત કરવામાં આવી હોવા વચ્ચે આ નિર્ણય લેવામાં આવ્યો છે. જોકે શિક્ષણ ખાતાએ ઓએસએમની સીબીએસઈના બારમા ધોરણના સ્કૉર પર અસર થતી હોવાની બાબતને રવિવારે નકારી કાઢી હતી અને રિવેલ્યુઅશનની ફી ઘટાડીને પેપરદીઠ રૂ. ૧૦૦ કરવામાં આવી હોવાની જાહેરાત કરી હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર વિદ્યાર્થીઓની ચિંતા દૂર કરવા આ નિર્ણય લેવામાં આવ્યો છે. જોકે તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે ઓએસએમ સંપૂર્ણ રીતે સુરક્ષિત તેમ જ વિશ્વસનીય છે અને રિવેલ્યુએશન પારદર્શક રીતે થઈ શકે તે માટે આંતરરાષ્ટ્રીય સ્તરે નિયમોનું પાલન કરવામાં આવે છે. સ્કૂલ એજ્યુકેશન સેક્રેટરી સંજયકુમારે કહ્યું હતું કે સંપૂર્ણ પ્રક્રિયા દરમિયાન બારમા ધોરણ માટે ૯૮ લાખ શિટ સ્કૅન કરવામાં આવી હતી અને ત્રિસ્તરીય સુરક્ષાનું અનુસરણ કરવામાં આવે છે. અવારનવાર સ્કૅનિંગ કર્યા છતાં અમુક ઉત્તરપત્રિકામાં વાપરવામાં આવેલી સહી ખૂબ જ ઝાંખી હોવાને કારણે વાંચવામાં મુશ્કેલી પડી હોવાનું જણાઈ આવ્યું હતું, આ પ્રકારના સંજોગોમાં પરીક્ષકોને મેન્યુઅલી મૂલ્યાંકન કરી એ મુજબ માર્કસ આપવાની સૂચના આપવામાં આવી હતી.

## સીએના અભ્યાસક્રમમાં એઆઈનો સમાવેશ કરાશે

નવી દિલ્હીઃ ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ્સની સર્વોચ્ચ સંસ્થા ઈન્સ્ટિટ્યૂટ ઑફ ચાર્ટર્ડ અકાઉન્ટટ્ન્ટ ઑફ ઈન્ડિયાએ સીએના અભ્યાસક્રમમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ડૅટા ઍનાલિટિક્સ અને અન્ય વિષયોનો સમાવેશ કરવાનો નિર્ણય લીધો છે. અત્યાધુનિક ટૅક્નોલૉજી અને વ્યવસાયમાં આવતા પરિવર્તનો સાથે તાલમેલ જાળવી રાખવા આ નિર્ણય લેવામાં આવ્યો છે. આઈસીએઆઈના પાંચ લાખ કરતાં પણ વધુ મેમ્બર છે. લાખો વિદ્યાર્થી સીએનો અભ્યાસ કરવાની ઈચ્છા રાખે છે. આઈસીએઆઈના પ્રમુખ પ્રસન્નાકુમારે કહ્યું હતું કે ટૅક્નોલૉજીમાં ખૂબ જ ઝડપથી બદલાવ આવી રહ્યો હોવાને કારણે જ અભ્યાસક્રમમાં એઆઈ, ડૅટા ઍનાલિટિક્સ અને અન્ય વિષયોનો સમાવેશ કરવો જરૂરી બની ગયું છે. આઈસીએઆઈએ તાજેતરમાં જ કમિટી ફૉર રિવ્યૂ ઑફ ઍજ્યુકેશન ઍન્ડ ટ્રેનિંગ (ક્રેટ)ની રચના કરી હતી જે આગામી મહિનાઓમાં અભ્યાસક્રમમાં જરૂરી ફેરફાર અંગે અપડૅટ આપવા સહિત ભલામણો અંગે અંતિમ નિર્ણય લેશે એવી અપેક્ષા છે.

## ‘પુરુષોત્તમ માસ’ના પ્રારંભે મંદિરોમાં ભારે ભીડ

મથુરા/વારાણસી(ઉત્તર પ્રદેશ): ઉત્તર પ્રદેશના મોટાં પવિત્ર શહેરોનાં મંદિરોમાં ૩૦ દિવસના અધિક માસ એટલે કે પુરષોત્તમ માસમાં ભગવાન વિષ્ણુને સમર્પિત ધાર્મિક કાર્યક્રમો અને પ્રાર્થનાના આયોજન માટે ભવ્ય વ્યવસ્થા કરી છે.

જ્યોતિષ કેશવ આચાર્યે દરેક ઋતુનું મહત્ત્વ જાળવવા હિન્દુ કેલેન્ડરમાં ચંદ્ર અને સૂર્ય ગણતરીમાં રહેલા તફાવતને સરભર કરવા આશરે ત્રણ વર્ષે એક મહિનો ઉમેરવામાં આવે છે. ચંદ્ર આધારિત કેલેન્ડરમાં બાર મહિના ૩૫૪ કે ૩૫૫ દિવસ હોય છે, જ્યારે સૌર કેલેન્ડરમાં ૩૬૫ દિવસ હોય છે. દર વર્ષે ૧૦ કે ૧૧ દિવસનો તફાવત થાય છે. ૩૨ મહિના ૧૬ દિવસના સમયગાળામાં (બે વર્ષ, આઠ મહિના અને ૧૬ દિવસ) આ તફાવત ૩૦ દિવસનો થઈ જાય છે. આ તફાવતને સરભર કરવા ચંદ્ર આધારિત કેલેન્ડરમાં વધારાનો મહિનો ઉમેરવામાં આવે છે.

ધાર્મિક વિદ્વાન અમિત ભારદ્વાજે કહ્યું હતું કે પુરુષોત્તમ માસ પરંપરાગત રીતે ભગવાન વિષ્ણુના નરસિંહ અવતાર સાથે સંકળાયેલો છે જેણે રાક્ષસ હિરણ્યકશ્યપને માર્યા હતા. પુરુષોત્તમ માસને ‘મલ માસ’ પહેલાં કહેવામાં આવતો હતો.

મથુરામાં અધિક માસ દરમિયાન પરિક્રમા, ગિરિરાજજીના મહાભિષેક કરવા મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવે છે, એમ દાન ઘાટી મંદિર સેવાયત જી. કે. પુરોહિતે કહ્યું હતું. તેમણે વધુમાં કહ્યું હતું કે મંદિરમાં ‘ફૂલ બંગલા’ બનાવવામાં આવશે. પ્રસાદમાં પાનકમ ઉમેરવામાં આવશે.

મથુરાના દ્વારકાધીશ મંદિરમાં દરરોજ નંદોત્સવ, હોળી, દીપાવલી, વ્યાહુલા ઉત્સવ, હિંડોળા, ફૂલ બંગલા જેવા મનોરથો રાખવામાં આવે છે એમ દ્વારકાધીશ મંદિરના મીડિયા ઈન્ચાર્જ રાકેશ તિવારીએ કહ્યું હતું. (એજન્સી)

## પહેલા પાનાનું ચાલુ

### કચ્છમાં

તાજેતરમાં જ ભારતે યુએઈ સાથે લાંબા ગાળાના કરાર પર હસ્તાક્ષર કર્યા છે જેમાં એલપીજી પુરવઠો, ૩૦ મિલિયન બેરલ સુધી પેટ્રોલિયમ તેલ અને શિપિંગનો સમાવેશ થાય છે. આ કરારમાં વ્યૂહાત્મક રિઝર્વના ભાગ રૂપે યુએઈના ફુજૈરાહમાં ક્રૂડ તેલનો સંભવિત સંગ્રહ અને ભારતમાં એલએનજી અને એલપીજી રિઝર્વ સુવિધાઓ પર સંભવિત સહયોગનો સમાવેશ થાય છે.

### રાજધાની

રતલામના લુણી રિચ્છા-વિક્રમગઢ આલોટ સ્ટેશન વચ્ચેથી પસાર થઇ રહી હતી ત્યારે સવારે લગભગ ૫-૩૦ વાગ્યે ટ્રેનના ગાર્ડે ટ્રેનમાંથી ધુમાડો નીકળતો જોયો હતો અને એન્જિન ડ્રાઇવરને તે અંગે જાણ કરી હતી.

આ પછી તરત જ ટ્રેનને ઇમરજન્સીમાં ટ્રેક પર રોકી દેવામાં આવી હતી અને આરપીએફ સ્ટાફે મોરચો સંભાળી લીધો હતો. આ સાથે જ માત્ર ૧૫ મિનિટની અંદર તમામ મુસાફરોનું ડિ-બોર્ડિંગ પૂર્ણ કરી દેવામાં આવ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું કે જે કોચમાં આગ લાગી હતી તેમાં ૬૮ મુસાફરો સવાર હતા. ટ્રેન સ્ટાફ અને આરપીએફની સતર્કતાને કારણે તમામ મુસાફરો સુરક્ષિત છે. તેમજ રેલવેએ અસરગ્રસ્ત કોચને ટ્રેનથી ડિટેચ કરી દીધો છે. આગના બનાવની જાણ થતાં જ કોટા રેલવે ડિવિઝનની રાહત, બચાવ અને ટેક્નિકલ ટીમો તાબડતોડ ઘટનાસ્થળે દોડી ગઇ હતી. વરિષ્ઠ અધિકારીઓ ઘટનાસ્થળની તપાસ કરી રહ્યા છે. આ દુર્ઘટનાને પગલે દિલ્હી-મુંબઇ રેલવે ટ્રેક પર ટ્રાફિકને સંપૂર્ણપણે અટકાવી દેવામાં આવ્યો છે.

### કેન્દ્રના

ઑફ પોલીસે મધ્યરાત્રી બાદ બહાર પાડેલી અખબારી યાદીમાં જણાવ્યું હતું કે ભગીરથની ધરપકડ કરવા પોલીસની વિવિધ ટુકડીઓને કરિમનગર, દિલ્હી અને બીજા સ્થળોએ મોકલવામાં આવી હતી. ભગીરથ શહેરની પોલીસ એકૅડેમીની નજીક છે એવી વિશ્વસનીય માહિતી મળતાં પોલીસ નાકાબંધી શરૂ કરી હતી. પોલીસે મંચીરેવુલા ખાતે ભગીરથની ધરપકડ કરી હતી. પોલીસે શનિવારે રાત્રે ભગીરથને કસ્ટડીમાં મોકલ્યો હતો. તેની તબીબી તપાસ કરાઈ હતી. આરોપીએ તેના ગુનાની કબૂલાત કરી હતી. તપાસના ભાગરૂપે ૧૭ વર્ષની પીડિતા અને તેની માતાએ શનિવારે મેજિસ્ટ્રેટ સમક્ષ તેમનું નિવેદન નોંધાવ્યું હતું. (એજન્સી)

### ગુજરાતને સૅમિકન્ડકટરના

સાથે ભારતનો પ્રથમ સેમિકન્ડક્ટર વેફર ફેબ્રિકેશન પ્લાન્ટ સ્થાપિત કરી રહ્યું છે. નિવેદનમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે ટાટા ઇલેક્ટ્રોનિક્સ અને એએસએમએલ વચ્ચેના કરારનો મુખ્ય ઉદ્દેશ્ય ધોલેરા ફેબ માટે એએસએમએલના અદ્યતન લિથોગ્રાફી સાધનો અને સમાધાનોના સંપૂર્ણ સેટને લાગુ કરવાનો છે.

ડચ કંપની વિશ્વના સૌથી મહત્ત્વપૂર્ણ સેમિકન્ડક્ટર સાધનોના ઉત્પાદકોમાંની એક છે. તે ઉચ્ચ-સ્તરીય લિથોગ્રાફી સિસ્ટમ્સ સપ્લાય કરે છે, જેનો ઉપયોગ ચિપ ઉત્પાદકો સેમિકન્ડક્ટર બનાવવા માટે કરે છે. આ મશીનો સ્માર્ટફોન, એઆઈ સિસ્ટમ્સ, ઓટોમોબાઇલ્સ અને ટેકનોલોજી ઇલેક્ટ્રોનિક્સમાં ઉપયોગમાં લેવાતી એડવાન્સ ચિપ્સના ઉત્પાદન માટે મહત્ત્વપૂર્ણ છે.

પીએમ મોદીએ આ સંદર્ભમાં સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ ‘એક્સ’ પર એક પોસ્ટ શેર કરી હતી. તેમણે કહ્યું હતું કે, ભારતમાં સૅમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ ઇકોસિસ્ટમને આગળ વધારવા માટે ટાટા ગ્રૂપ અને એએસએમએલ વચ્ચેના કરાર પર હસ્તાક્ષર થયા જેમાં હું અને નેધરલૅન્ડના વડા પ્રધાન સાક્ષી બન્યા હતા. એએસએમએલ ગુજરાતના ધોલેરામાં ટાટા ઇલેક્ટ્રોનિક્સની આગામી સેમિકન્ડક્ટર ફેક્ટરીની સ્થાપના અને વિસ્તરણમાં સહયોગ કરશે.

### ભારત અને નેધરલૅન્ડ્સ વચ્ચે ૧૭ કરાર

હેગ (નેધરલૅન્ડ્સ) : ભારત અને નેધરલૅન્ડ્સ વચ્ચે ૧૭ કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. વડા પ્રધાન મોદી અને નેધરલૅન્ડ્સના વડા પ્રધાન રોબ જેટેન વચ્ચેની વાતચીત દરમિયાન સંરક્ષણ, મહત્ત્વપૂર્ણ ખનિજો અને અન્ય મુખ્ય ક્ષેત્રોમાં સહયોગ વધારવા માટે કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. તે સિવાય ભારત અને નેધરલૅન્ડ્સે વેપાર અને રોકાણ, સંરક્ષણ અને સુરક્ષા, અને સેમિકન્ડક્ટર, અવકાશ, એઆઈ અને ક્વોન્ટમ કમ્પ્યુટિંગ સહિત મહત્ત્વપૂર્ણ અને ઊભરતી ટેકનોલૉજીમાં સંબંધોને પ્રોત્સાહન આપવા માટે વ્યૂહાત્મક ભાગીદારી માળખું તૈયાર કર્યું છે.

બંને નેતાઓએ ગ્રીન હાઇડ્રોજનના વિકાસ પર ભારત-નેધરલૅન્ડ્સ ફ્રેમવર્ક પણ શરૂ કર્યું છે. આ મુલાકાત દરમિયાન ભારતના સેમિકન્ડક્ટર ઇકોસિસ્ટમને મજબૂત બનાવવા માટે એક સીમાચિહ્નરૂપ કરાર પણ કર્યો હતો. (ડચ કંપની એએસએમએલ અને ભારતની ટાટા ઇલેક્ટ્રોનિક્સ વચ્ચે કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, જે ગુજરાતના ધોલેરામાં સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન સુવિધામાં મદદ કરશે.)

વડા પ્રધાન નરેન્દ્ર મોદીની હાજરીમાં નેધરલૅન્ડ્સે ચોલ વંશની તાંબાની પ્લેટો ભારતને સોંપી હતી. વડા પ્રધાન મોદીએ બધા ભારતીયો માટે ગર્વની ક્ષણ ગણાવી હતી. આ તાંબાની પ્લેટો ૧૧મી સદીની છે અને બંને દેશો વચ્ચેના મજબૂત સંબંધોનું પ્રતીક માનવામાં આવે છે. ભારત ૨૦૧ થી નેધરલૅન્ડ્સમાં ‘‘લીડેન પ્લેટો’’ તરીકે ઓળખાતી અનાઈમંગલમ તાંબાની પ્લેટો પરત આણવા માટે પ્રયત્નશીલ હતું.

તેમની મુલાકાત દરમિયાન બંન્ને નેતાઓએ પશ્ચિમ એશિયાની પરિસ્થિતિ, ખાસ કરીને પ્રદેશ અને વ્યાપક વિશ્વ માટે તેના ગંભીર પરિણામો વિશે ઊંડી ચિંતા વ્યક્ત કરી, કારણ કે તે વૈશ્વિક ઊર્જા પુરવઠા અને વેપાર નેટવર્કમાં વિક્ષેપોનું કારણ બની રહ્યું છે. નેધરલૅન્ડ્સ અને ભારત હોર્મુઝ સ્ટ્રેટમાં અવરોધ વિના શિપિંગની માગ કરી હતી.

ભારત અને નેધરલૅન્ડ્સે એક સંયુક્ત નિવેદનમાં હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા મુક્ત નેવિગેશન અને વૈશ્વિક વ્યાપારી જહાજોની અવરજવર માટે હાકલ કરી હતી. તેઓએ કોઈપણ પ્રતિબંધિત પગલાંનો વિરોધ કર્યો અને આ સંદર્ભમાં ચાલી રહેલી કોઈ પણ વિચારનું સમર્થન કર્યું હતું.

નેધરલૅન્ડ્સ સાથે દ્વિપક્ષીય વેપાર ૨૦૨૪-૨૫માં ૨૭.૮ બિલ્યન ડૉલર સુધી પહોંચ્યો. આ યુરોપિયન દેશ ભારતનો ચોથો સૌથી મોટો રોકાણકાર છે. પીએમ મોદી અને જેટેને યુક્રેન યુદ્ધ અંગે પણ ચર્ચા કરી હતી. બંને નેતાઓએ જણાવ્યું કે રશિયા-યુક્રેન યુદ્ધનો ઉકેલ ફક્ત વાતચીત અને રાજદ્વારી દ્વારા જ શક્ય છે. તેમણે યુએન ચાર્ટર અને આંતરરાષ્ટ્રીય કાયદાનું સન્માન કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. બંને દેશોએ ગ્રીન હાઇડ્રોજનના વિકાસ માટે એક વ્યાપક રોડમેપ પણ તૈયાર કર્યો હતો. સંરક્ષણ ક્ષેત્રમાં પણ એક મોટો નિર્ણય લેવામાં આવ્યો. બંને દેશો એક સંરક્ષણ ઔદ્યોગિક રોડમેપ વિકસાવવા સંમત થયા, જે સંરક્ષણ ઉપકરણો અને સિસ્ટમોના સંયુક્ત ઉત્પાદનને સક્ષમ બનાવશે. આ ટેકનોલોજી ટ્રાન્સફર અને સંયુક્ત સાહસો પર પણ ધ્યાન કેન્દ્રિત કરશે.

સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં સહયોગ વધારવા માટે નેધરલેન્ડ્સના ‘‘સેમિકોન કોમ્પિટન્સ સેન્ટર‘‘ ને ભારતીય સેમિકન્ડક્ટર મિશન સાથે જોડવાની પહેલનું સ્વાગત કરવામાં આવ્યું. આબોહવા અને ગ્રીન એનર્જીના ક્ષેત્રોમાં આગળ વધતા બંને દેશોએ મહત્વાકાંક્ષી ગ્રીન હાઇડ્રોજન રોડમેપ અપનાવ્યો છે. આ રોડમેપ ભારતમાં ગ્રીન હાઇડ્રોજનના ઉત્પાદન, સ્થાનિક ઉપયોગ અને નિકાસને પ્રોત્સાહન આપશે. જળ વ્યવસ્થાપનના ક્ષેત્રમાં બંને દેશો વચ્ચેના મજબૂત સંબંધોને નવો વેગ મળ્યો છે. ભારત સરકારના જળ શક્તિ મંત્રાલય અને નેધરલેન્ડ્સના માળખાગત સુવિધાઓ અને જળ વ્યવસ્થાપન મંત્રાલયના સહયોગથી આઈઆઈટી દિલ્હી ખાતે જળ સંશોધન કેન્દ્રની સ્થાપનાનું સ્વાગત કરવામાં આવ્યું.

### કોંગોમાં

૨૦૦૮માં યુગાન્ડાના બુંડીબુગ્યો જિલ્લામાં થઇ હતી. જ્યાં તે પ્રથમ વખત દેખાયો હતો. તે સમયે આ વાઇરસે ૧૧૬થી વધુ લોકોને સંક્રમિત કર્યા હતા અને લગભગ ૩૪-૪૦ ટકા મૃત્યુ થયાં હતાં. ડીઆરસીના ઇટુરી પ્રાંતમાં આ ૧૭મો ઇબોલાનો પ્રકોપ છે, પરંતુ આ વખતે વાઇરસનો પ્રકાર અલગ છે. આ પ્રકાર માટે કોઇ ચોક્કસ રસી કે દવા નથી. જે તેને વધુ પડકારજનક બનાવે છે. ઇબોલાના બધા સ્ટ્રેનનાં લક્ષણો લગભગ સમાન હોય છે, પરંતુ તે ધીમે ધીમે વિકસે છે. શરૂઆતનાં લક્ષણો ફ્લૂ જેવા હોય છે- અચાનક ખૂબ તાવ, માથાનો દુખાવો, સ્નાયુ અને સાંધામાં દુખાવો, થાક અને નબળાઇ. થોડા દિવસો પછી ઊલટી, ઝાડા, પેટમાં દુખાવો અને ગળામાં દુખાવો જેવી સમસ્યાઓ શરૂ થાય છે.

બીમારી વધતાની સાથે આંખો, પેઢા અને અન્ય જગ્યાએથી કારણ વિના રક્તસ્રાવ, શરીર પર ઇજાના નિશાન, શ્વાસ લેવામાં તકલીફ અને અંગો ફેલ થવા જેવાં ગંભીર લક્ષણો દેખાય છે. યુગાન્ડાના કમ્પાલામાં ૧૫ અને ૧૬ મેના રોજ કોંગોથી મુસાફરી કરી રહેલા બે વ્યક્તિઓમાં પ્રયોગશાળા-પુષ્ટિ થયેલા બે કેસ નોંધાયા છે. જો કે આ બંનેને એકબીજા સાથે કોઇ સ્પષ્ટ સંબંધ ન હતો. ઇટુરીનાં અનેક આરોગ્ય ક્ષેત્રોમાં બુંડીબુગ્યો વાઇરસ રોગ(બીવીડબ્લ્યુ)નાં લક્ષણોથી મોત થયાના કેસ સામે આવ્યા છે. ઉપરાંત અસરગ્રસ્ત વિસ્તારમાં વાઇરલ હેમોરેજિક તાવનાં લક્ષણોને કારણે ચાર આરોગ્ય કર્મચારીઓનાં મોત થયાની જાણકારી પણ મળી છે. ડબ્લ્યુએચઓના મહાનિયામક ટૂંક સમયમાં આંતરરાષ્ટ્રીય આરોગ્ય નિયમો(આઇએચઆર)ની જોગવાઇઓ અંતર્ગત ઇમર્જન્સી સમિતિની બેઠક બોલાવશે. ડબ્લ્યુએચઓએ તમામ પડોશી દેશોને સતર્ક રહેવાની સલાહ આપી છે.

### ભોજશાળામાં

કરવામાં આવી. કેન્દ્રના રાજ્ય કક્ષાનાં પ્રધાન સાવિત્રી ઠાકુર, સંત મહામંડલેશ્વર નિસર્ગ દાસજી મહારાજ, કલેકટર રંજન મીના અને એસપી સચિન શર્મા પણ પૂજામાં સહભાગી થયા હતા. ભોજશાળાની બહાર જ્યોતિ મંદિરમાં અખંડ જ્યોતિ સ્થાપિત કરવામાં આવી હતી. મંદિરમાં સૂર્યોદયથી મંત્રોચ્ચાર શરૂ થયો હતો. ભાવિકો હાથમાં વાગ્દેવીની તસવીર લઈને ભોજશાળા મંદિરમાં પહોંચ્યા હતા અને પૂજા અર્ચના શરૂ કરી હતી. આમાં હિન્દુ સમાજ અને ભોજ ઉત્સવ સમિતિના કાર્યકર્તા મોટી સંખ્યામાં હાજર થયા હતા.

સવારે દેવી અનુષ્ઠાન થયું હતું અને સવારે પોણાઅગિયાર વાગ્યે મહાઆરતી કરવામાં આવી હતી. કેન્દ્રીય પ્રધાન સાવિત્રી ઠાકુરે કહ્યું હતું કે હું જનતાને અભિનંદન આપું છું. પહેલાં શુક્રવાર (જુમ્મા) આવતો તો તંગદિલી રહેતી હતી, પરંતુ હવે તંગદિલી ખતમ થઈ ગઈ છે. મુખ્ય પ્રધાન મોહન યાદવે મંદિરને સારી રીતે વિકાસવવાની જાહેરાત કરી છે.

સુપરિન્ટેન્ડન્ટ ઑફ પોલીસ સચિન શર્માએ કહ્યું હતું કે હાઈ કોર્ટના ચુકાદા બાદ સુરક્ષા જડબેસલાક બનાવી છે. વિસ્તારમાં સદભાવ, ભાઈચારા બનાવવા માટે પોલીસને તહેનાત કરવામાં આવી છે.

### મૉસ્કો પર

ઓઈલ રિફાઈનરીના પ્રવેશદ્વાર નજીક રાત્રે કરવામાં આવેલા ડ્રોન હુમલામાં ઓછામાં ઓછા ૧૨ જણ ઘાયલ થયા હોવાનું મેયર સર્ગેઈ સૉબયાનિને કહ્યું હતું. બૅલગૉરોડના સરહદી વિસ્તારમાં કરવામાં આવેલા હુમલામાં એક જણનું મોત થયું હતું. યુક્રેન દ્વારા રશિયા પર છોડવામાં આવેલા કુલ ડ્રોનમાંથી રશિયાએ ૫૫૬ ડ્રોન તોડી પાડ્યા હોવાનું સંરક્ષણ ખાતાએ કહ્યું હતું. અધિકારીઓએ ઘટનાસ્થળ તેમ જ હૉસ્પિટલમાં સારવાર લઈ રહેલા ઈજાગ્રસ્તોની મુલાકાત લીધી હોવાનું સત્તાવાર બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું. (એજન્સી)

# મુલુંડના પ્રિયદર્શિની ઈન્દિરા ગાંધી સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સમાં ગેરકાયદે બાંધકામનો સફાયો



(અમારા પ્રતિધિ તરફથી)

મુંબઈ: મુલુંડના પ્રખ્યાત પ્રિયદર્શિની ઈન્દિરા ગાંધી સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સ પરિસરમાં ગેરકાયદે રીતે ઊભા કરવામાં આવેલા બાંધકામને મુંબઈ મહાનગરપાલિકા દ્વારા તોડી પાડવામાં આવ્યા હતા.

મુંબઈના મેયરને પ્રિયદર્શિની ઈન્દિરા સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સના પરિસરમાં અમુક ટેમ્પરરી સ્ટ્રક્ચર સહિત ગેરકાયદે રીતે બાંધકામ ઊભા થઈ ગયા હોવાનું જણાઈ આવ્યું હતું. તેથી તેમણે ગેરકાયદે બાંધકામ સામે તાત્કાલિક પગલાં લેવાનો આદેશ આપ્યો હતો. તે મુજબ શનિવારથી ગેરકાયદે બાંધકામ તોડી પાડવાનું કામ પાલિકાના 'ટી'વૉર્ડ દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું.

મુલુંડ 'ટી'વૉર્ડના અધિકારીના જણાવ્યા મુજબ શનિવારે સવારે સ્પોર્ટસ કૉમ્પ્લેક્સમાં કાર્યવાહી હાથ ધરાઈ હતી, જેમાં બિલ્ડિંગ નંબર બેની પાસે ગેરકાયદે રીતે ઊભા કરવામાં આવેલા શેડ અને બાજુમાં રહેલા ટર્ફને તોડી પડાયા હતા. તેમ જ બિલ્ડિંગની બહારની બાજુએ રહેલા બે વધારાના શેડ પણ તોડી પડયા હતા. તેમ જ બેન્ડમિન્ટન કોર્ટ અને સાંસ્કૃતિક સભાગૃહની બહારની બાજુએ ફાઈબર શીટ લગાવીને ઊભા કરી ગેરકાયદે રીતે ઊભા કરી દેવાયેલા બાંધકામને પણ તોડી પડાયું હતું. ટેનિસ કોર્ટની પ્રેક્ષક ગેલેરી પર ઊભા કરવામાં આવેલા તાત્પૂરતા શેડને પણ હટાવી દેવામાં આવ્યા હતા.

આ કાર્યવાહી કરવા માટે ૨૫ કામગાર તહેનાત કરવામાં આવ્યા હતા. તેમ જ ગેરકાયદે બાંધકામ તોડી પાડવા માટે એક જેસીબી, બે ગૅસ કટર અને બે ગ્રાઈન્ડર જેવા મશીનનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો. ■

**કલ્યાણ સ્ટેશન નજીક યાર્ડમાં સગીરા સાથે નરાધમે આચર્યું દુષ્કર્મ**

# ખોપોલીમાં રહેનારા મામાને ઘરે જવા પીડિતા અહિલ્યાનગરથી આવી હતી

કલ્યાણ: પુણેના ભોર તાલુકામાં નસરાપુર ખાતે બાળકી પર બળાત્કાર બાદ તેની હત્યાની ઘટનાની શાહી સુકાઇ નથી ત્યારે કલ્યાણ રેલવે સ્ટેશન નજીક યાર્ડમાં લઇ જઇ સગીરા સાથે નરાધમે દુષ્કર્મ આચર્યું હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. સગીરા તેના ખોપોલીમાં રહેતા મામાના ઘરે જઇ રહી હતી ત્યારે આરોપીએ તેને વાસનાનો શિકાર બનાવી હતી.

અહિલ્યાનગરમાં રહેતી સગીરા ખોપોલીમાં મામાને ઘરે આવવા માટે નીકળી હતી. કલ્યાણ સ્ટેશન પર ઊતર્યા બાદ તે ખોપોલી જનારી ટ્રેનની રાહ જોઇ રહી હતી ત્યારે આરોપી સૌરભ સોનાવણે તેની પાસે આવ્યો હતો અને તેનો મોબાઇલ આંચકી લીધો હતો.

સગીરાએ પોતાનો મોબાઇલ પાછો માગતાં આરોપીએ તેને ધમકાવી હતી અને મોબાઇલ જોઇએ તો પોલીસ સ્ટેશનમાં આવવું પડશે એવું તેને કહ્યું હતું. પોતાનો મોબાઇલ મેળવવા માટે સગીરા તેની સાથે પોલીસ સ્ટેશન જવા માટે તૈયાર થઇ હતી. જોકે આરોપી તેને પોલીસ સ્ટેશનને બદલે રેલવે સ્ટેશન નજીકના યાર્ડમાં નિર્જન સ્થળે લઇ ગયો હતો, જ્યાં સગીરા સાથે તેણે દુષ્કર્મ આચર્યું હતું, એવો આક્ષેપ ફરિયાદમાં કરવામાં આવ્યો હતો.

દરમિયાન આરોપીને ધક્કો મારી સગીરા ત્યાંથી ભાગી છૂટવામાં સફળ રહી હતી અને સીધી પોલીસ સ્ટેશન પહોંચી હતી, જ્યાં તેણે પોલીસ અધિકારીઓને ઘટનાની જાણ કરી હતી. પોલીસે ત્યાર બાદ આરોપીને પકડી પાડવા માટે રેલવે સ્ટેશન તથા આસપાસના વિસ્તારોમાં શોધ ચલાવી હતી. પોલીસે સ્ટેશન પરિસરના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા અને ગણતરીના કલાકો બાદ આરોપીને ઝડપી પાડ્યો હતો. ■

# 'શિંદે જ લોકોને મુખ્ય પ્રધાન તરીકે ગમે છે'

**બચ્ચુ કડુએ છેડયો વિવાદ**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્ર વિધાન પરિષદના સભ્ય બનતાની સાથે જ બચ્ચુ કડુએ નવો વિવાદ છેડ્યો છે. અહીં ઉલ્લેખનીય છે કે દિવ્યાંગોના અધિકાર માટે સંગઠન ચલાવતા અને ખેડૂતોની સમસ્યાઓ માટે રસ્તા પર ઉતરીને આંદોલન કરીને રાજ્યમાં જાણીતા થયેલા બચ્ચુ કડુ એક સમયે દેવેન્દ્ર ફડણવીસની નજીક હતા, પરંતુ વિવાદાસ્પદ નિવેદનો અને પોતાની સરકારના વિરોધમાં આંદોલન કરવાને લીધે તેમને દૂર કરી દેવામાં આવ્યા હતા અને તેઓ વિધાનસભાની ચૂંટણી પણ હારી ગયા હતા અને ઘરે બેઠા હતા, પરંતુ ફરી વિધાનસભ્ય બનતાં જ તેમણે વિવાદ છેડ્યો છે.

લોકોના મનના મુખ્ય પ્રધાન કોણ છે? આ સવાલ એક વખત કરનારા પંકજા મુંડેની કારકિર્દી પર પોઝ બટન લગાવી દીધું હતું. હવે આ જ સવાલ બચ્ચુ કડુએ ઉઠાવીને ફરી એકવખત દેવાભાઉને નારાજ કરી દીધા છે.

પ્રહાર સંગઠન દ્વારા શિંદે સેનામાં જોડાયેલા બચ્ચુ કડુએ મુખ્ય પ્રધાન તરીકે લોકો કોને પસંદ કરે છે તે અંગે મોટું નિવેદન આપ્યું છે. તેમણે પોતાની લાગણીઓ વ્યક્ત કરી અને કહ્યું કે પાર્ટીનો એજન્ડા આગળ ધપાવવામાં આવી રહ્યો છે, પરંતુ તેમણે વિગતવાર કંઈ કહ્યું નહીં.

એકનાથ શિંદે એક એવા નેતા છે જે રાત્રે બે વાગ્યે સામાન્ય માણસ માટે દરવાજા ખોલે છે. તેથી, આવા મજબૂત નેતા રાજ્યના મુખ્ય પ્રધાન બનવા જોઈએ. જો હવે સર્વે કરવામાં આવે તો પણ, એકનાથ શિંદે ફરીથી મુખ્ય પ્રધાન બનવા જોઈએ એવું જ તારણ આવશે. તેથી સવારે ભગવાનને પ્રાર્થના કરવાને બદલે, આપણે લોકોની આગળ જઈને એકનાથ શિંદે મુખ્ય પ્રધાન બને તે માટે સાથે મળીને પ્રાર્થના કરીશું, એમ બચ્ચુ કડુએ કહ્યું હતું. અહીં ઉલ્લેખનીય છે કે વિધાનસભ્ય બચ્ચુ કડુ પંઢરપુર દર્શન કરવા આવ્યા હતા. તે સમયે તેમણે પોતાની લાગણી વ્યક્ત કરી હતી. હવે આ ટિપ્પણીના આગામી દિવસોમાં કેવા પડઘા પડે છે તે જોવાનું રહેશે. ■

# ભારતમાં આવરદા હવે વધી રહી છે, પરંતુ શું આપણે વધુ સમજદારીથી નિવૃત્તિની યોજના બનાવી રહ્યા છીએ?

ભારતમાં આજે ૩૦ વર્ષનો એક પ્રોફેશનલ સરળતાથી પોતાના ૮૦ વર્ષ કરતા વધુની આવરદા ભોગવી શકે છે - એટલે કે નિવૃત્તિ પછીના લગભગ ૨૫-૩૦ વર્ષનું જીવન. આ માત્ર થોડાં વર્ષોની અવધિ નથી. આ તો જીવનની એક સંપૂર્ણ બીજી ઇનિંગ્સ છે, જેમાં સ્થિર આવક, વધતા આરોગ્ય ખર્ચ અને લાંબા ગાળાની આર્થિક સ્વતંત્રતા જરૂરી બને છે. છતાં, ઘણા ભારતીયો હજુ પણ નિવૃત્તિની યોજના એવી રીતે બનાવે છે જાણે તે માત્ર ૧૦-૧૫ વર્ષ સુધી જ ચાલવાની હોય.

ભારત ઝડપથી બદલાઈ રહ્યું છે. આયુષ્ય વધી રહ્યું છે, આરોગ્ય ખર્ચ મોંઘવારી કરતાં વધુ ઝડપથી વધી રહ્યો છે અને પરંપરાગત કુટુંબ આધારિત સહાય પ્રણાલીઓમાં પરિવર્તન આવી રહ્યું છે. યુવા પ્રોફેશનલ્સ માટે આ એક સ્પષ્ટ પડકાર ઊભો કરે છે: તમે લાંબા સમય સુધી જીવી શકો છો, પરંતુ આ લાંબી જિંદગી માટે જરૂરી ખર્ચ મોટાભાગે તમારે પોતે જ સંભાળવો પડશે.

**આ વિચાર કરો:** રૂ. ૧ કરોડનું નિવૃત્તિ ભંડોળ આજે પૂરતું લાગે, પરંતુ જ્યારે તેને ૨૫-૩૦ વર્ષ માટે વહેંચવામાં આવે અને તેમાં મોંઘવારી તથા આરોગ્ય ખર્ચનો સમાવેશ કરવામાં આવે ત્યારે તેની વાસ્તવિક કિંમત નોંધપાત્ર રીતે ઘટી શકે છે. મૂળ પ્રશ્ન માત્ર એટલો નથી કે તમે કેટલું બચાવો છો, પરંતુ એટલો છે કે આ બચત કેટલા સમય સુધી ચાલશે,કારણ કે નિવૃત્તિ એક વખતનો ખર્ચ નથી. તે દર મહિને થતી જવાબદારી છે. 'મારે કેટલું બચાવવું જોઈએ?' એ પ્રશ્ન કરતા, મારી બચત મને દર મહિને કેવી રીતે સહારો આપશે?, એ પ્રશ્ન વધુ મહત્ત્વનો બની જાય છે.

આધુનિક નિવૃત્તિ આયોજન હવે માત્ર બચત એકત્રિત કરવા સુધી સીમિત નથી. તે જીવનભર ચાલે એવી વિશ્વસનીય અને નિયમિત આવક ઊભી કરવા વિશે છે. એસબીઆઈ લાઇફ - સ્માર્ટ એન્યુઇટી પ્લસ આ જ હેતુને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યું છે

તે વ્યક્તિઓને તેમની બચતને ખાતરીયુક્ત નિયમિત આવકમાં રૂપાંતરિત કરવાની સુવિધા આપે છે, તેમ જ આવક ક્યારે અને કેવી રીતે શરૂ થાય તેમાં ફ્લેક્સિબિલિટી પણ આપે છે. વ્યક્તિગત, નોન-લિંક્ડ, નોન-પાર્ટિસિપેટિંગ જનરલ એન્યુઇટી પ્રોડક્ટ તરીકે, તે તાત્કાલિક અને મુલતવી (ડિફર્ડ) એન્યુઇટી વિકલ્પો આપે છે, જે જીવનના વિવિધ તબક્કાઓ માટે યોગ્ય છે. આ પ્લાનનો મુખ્ય લાભ એ છે કે તે લમ્પસમ રકમને જીવનભર ચાલતી નિયમિત આવકમાં ફેરવી શકે છે, જે વ્યક્તિને આર્થિક સ્વતંત્રતા જાળવવામાં અને નિયમિત ખર્ચો આત્મવિશ્વાસથી સંભાળવામાં મદદ કરે છે.

• તાત્કાલિક એન્યુઇટી વિકલ્પો હેઠળ ખરીદી પછી તરત જ આવક શરૂ થઈ શકે છે • ડિફર્ડ એન્યુઇટી વિકલ્પો હેઠળ આજે રોકાણ કરીને ભવિષ્યમાં આવક શરૂ કરી શકાય છે, જે ખાસ કરીને યુવા આયોજનકારો માટે ઉપયોગી છે • એન્યુઇટન્ટ માટે જીવનભર આવક • નોમિનીને ખરીદીની રકમ પરત આપવાનો વિકલ્પ • મોંઘવારીને પહોંચી વળવા વધતી એન્યુઇટી વિકલ્પો • જીવનસાથી માટે સતત આવક રહે તે માટે જોઇન્ટ લાઇફ વિકલ્પો

પોલિસીધારકો માસિક, ત્રિમાસિક, અર્ધવાર્ષિક અથવા વાર્ષિક પેમેન્ટ ફ્રિકવન્સી પસંદ કરી શકે છે. લમ્પસમ પ્રીમિયમ દ્વારા જીવનભરની આવકમાં રૂપાંતર કરવાની સુવિધા ઉપલબ્ધ છે.

# ખુલ્લી જગ્યા પર કુર્બાની આપવા પર પ્રતિબંધ મૂકો: ભાજપ

મુંબઈ: બકરી ઈદ નિમિત્તે તેમ જ અન્ય પ્રસંગે મુંબઈની સોસાયટીઓ, ચાલીઓ અને ખુલ્લી જગ્યામાં થનારી બકરાઓની કતલ સામે આકરી કાર્યવાહી કરવાની માગણી ભાજપના નેતા અને ઈશાન મુંબઈના ભૂતપૂર્વ સાંસદે કરી છે. આ બાબતે તેમણે મુંબઈના મેયરને પત્ર લખી માગ કરી છે.

બકરી ઈદ નિમિત્તે અમુક ઠેકાણે નિયમબાહ્ય પદ્ધતિએ ખુલ્લામાં બકરાઓની કુર્બાની આપવામાં આવે છે. પાલિકા અને કોર્ટે બાબતે વખતોવખત પ્રતિબંધ મૂક્યો છે, છતાં અનેક ઠેકાણે નિયમનું ઉલ્લંઘન થઈ રહ્યું હોવાનો આરોપ ભાજપે કર્યો હતો. મુંબઈમાં કોઈ પણ વસતી અથવા નિવાસી પરિસર નજીક બકરીઓનું બલિદાન અથવા કતલ કાયદા અનુસાર કરી શકાતું નથી એવી દલીલ સાથે સંબંધિત વિભાગના અધિકારીઓને આ બાબતે સૂચના આપવાની માગણી પણ ભાજપના નેતાએ કરી છે.

પાલકિાના નિયમનું પાલન થાય તે માટે પ્રશાસનને તાત્કાલિક તે મુજબનો નિર્દેશ આપવાની વિનંતી પણ ભાજપ નેતાએ મેયરને કરી છે. બકરીઈદ નિમિત્તે પાર્શ્વભૂમિ પર આ મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો હોઈ તેના પર પાલિકા પ્રશાસન શું પગલાં લેશે તેના પર સૌ કોઈની નજર છે. ■



સાયનમાં પૂલનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. ટ્રાફિકની સમસ્યામાંથી છુટકારો આપવા માટે આ પુલ મહત્ત્વનો ગણાશે. (અમય ખરાડે)

# પુણેમાં ફોર્ચ્યુનર અને રિક્ષા વચ્ચે ટક્કર: ઠાકરે જૂથના નેતા ઘાયલ, રિક્ષાચાલકનું મોત



પુણે: શિવસેના (યુબીટી)ના પુણે જિલ્લા પ્રમુખ પ્રકાશ ભેગડેની ફોર્ચ્યુનરને મુળશી તાલુકામાં ચાંદે-મૂલખેડ માર્ગ પર અકસ્માત નડ્યો હતો. ફોર્ચ્યુનર અને રિક્ષા વચ્ચે થયેલી ટક્કરમાં ભેગડે સહિત ત્રણ જણ ઘાયલ થયા હતા, જ્યારે રિક્ષાચાલકનું મૃત્યુ થયું હતું. પોલીસે આ પ્રકરણે ફોર્ચ્યુનરના ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ભેગડેની ફોર્ચ્યુનર ચાંદે-મૂલખેડ માર્ગ પરથી પસાર થઇ રહી હતી ત્યારે સામેથી આવનારી રિક્ષા તેની સાથે ટકરાઇ હતી. આ અકસ્માતમાં બંને વાહનને નુકસાન થયું હતું. બંને વાહન વચ્ચેની ટક્કર એટલી જોરદાર હતી કે ગંભીર ઇજાને કારણે રિક્ષાચાલક અર્જુન પારખીનું ઘટનાસ્થળે જ મોત થયું હતું.

અકસ્માતમાં ભેગડે સહિત ફોર્ચ્યુનરમાં હાજર અન્ય બે જણને ઇજા પહોંચી હતી. અકસ્માત બાદ સ્થાનિકો મદદ માટે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ઘાયલોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. મૃત્યુ પામેલા રિક્ષાચાલક અર્જુન પારખીના સંબંધીએ આ પ્રકરણે નોંધાવેલી ફરિયાદને આધારે ફોર્ચ્યુનરના ચાલક વિરુદ્ધ પૌડ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું. ■

# 'કનેક્ટિંગ લિંક' પર 'કનેક્ટિવિટી નહીં'!

**ટનલમાં પ્રવેશતાંની સાથે જ નેટવર્ક ગાયબ થઈ જાય છે, મુસાફરોમાં ચિંતા**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ-પુણેની કનેક્ટિંગ લિંકને કારણે મુંબઈથી પુણે સુધીનું અંતર ઘટી ગયું છે. મે મહિનામાં શરૂ થયેલા આ રૂટથી ઘાટોમાં ટ્રાફિક જામ ઓછો થયો છે અને અકસ્માતોની સંખ્યામાં ઘટાડો થયો છે, પરંતુ મોબાઈલ નેટવર્કના અભાવે મુસાફરોને થોડી મુશ્કેલી પડી રહી છે. વાહન ટનલમાં દાખલ થયા પછી, નેટવર્ક ખોરવાઈ જાય છે. આ અકસ્માત કે કટોકટીની સ્થિતિમાં જોખમ ઊભું કરી શકે છે એવી લાગણી લોકોમાં પ્રવર્તી રહી છે.

**વિશ્વની સૌથી લાંબી ટનલ:** પહેલી મેના રોજ મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર કનેક્ટિંગ લિંકનું ઉદ્ઘાટન મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવારની હાજરીમાં કરવામાં આવ્યું હતું. આ રૂટ મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ વિકાસ નિગમ દ્વારા બનાવવામાં આવ્યો હતો. ૧૩ કિમી લાંબા આ રૂટ પર બે ટનલ છે, જેની વચ્ચે બે કેબલ-સ્ટેયડ પુલ છે. આ બે ટનલમાંથી, પુણે નજીકની ટનલ વિશ્વની સૌથી લાંબી ટનલ છે. પહેલાં, મુંબઈ-પુણે હાઈવે પરના ઘાટો પરથી મુસાફરી કરતી વખતે, ૧૯ કિલોમીટરનું અંતર કાપવું પડતું હતું. પરંતુ હવે આ અંતર ૧૩ કિમી થઈ ગયું છે. આના કારણે, મુસાફરીમાં ૨૦ થી ૨૫ મિનિટ બચે છે. લોનાવાલા-ખંડાલા ઘાટોમાં મુસાફરોને મુશ્કેલ મુસાફરીમાંથી રાહત મળશે.

ઘણા ડ્રાઇવરોએ એવી ફરિયાદ કરી હતી કે કનેક્ટિંગ લિંકની ટનલમાં પ્રવેશ્યા પછી નેટવર્ક ઘણું નબળું છે. ઘણા ડ્રાઇવરોએ ફરિયાદ કરી હતી કે નેટવર્ક સંપૂર્ણપણે ગાયબ થઈ જાય છે. તેથી, જો વાહન ટનલમાં ફસાઈ જાય અથવા કોઈ અકસ્માત થાય, તો બહારથી મદદ માટે ફોન કરવો મુશ્કેલ બનશે. ટનલમાં મુસાફરી કરવામાં ૮ થી ૧૦ મિનિટ લાગે છે. આ કારણે, આ સમય દરમિયાન નેટવર્ક સંપૂર્ણપણે ગાયબ થઈ જાય છે.

**સુરંગમાં નેટવર્ક કેમ નથી?:** ગુમ થયેલ લિંક પર સહ્યાદ્રી પર્વતોના ખૂબ જ કઠણ ખડકોમાંથી આ ટનલ બનાવવામાં આવી છે. આ ટનલ પર્વતની મધ્યમાં ટાઇગર વેલીમાં બનેલા પુલોને જોડે છે. આ પર્વતો પર સ્થાપિત સામાન્ય ટાવરોનું નેટવર્ક આ કઠણ ખડકો દ્વારા અંદર પહોંચી શકતું નથી. તેથી, ટનલમાં પ્રવેશતાની સાથે જ નેટવર્ક સમસ્યાઓ શરૂ થાય છે.

**તમે નેટવર્ક કેવી રીતે મેળવી શકો છો?:** ટનલની દિવાલો દ્વારા ખાસ પ્રકારના લીકી ફીડર કેબલ નાખીને નેટવર્ક મેળવી શકાય છે. આ કેબલ એન્ટેનાની જેમ કાર્ય કરે છે અને તેથી ૪જી/૫જી નેટવર્ક સાથે સમગ્ર ટનલ સુધી પહોંચી શકે છે. બીજી સિસ્ટમને 'ડિસ્ટ્રિબ્યુટેડ એન્ટેના સિસ્ટમ' (ડીએએસ) કહેવામાં આવે છે, જ્યાં ટનલમાં ચોક્કસ અંતરે નાના એન્ટેના અને ફાઇબર કેબલનું નેટવર્ક સ્થાપિત કરવામાં આવે છે. ટનલની બહારનું નેટવર્ક આ નેટવર્ક દ્વારા અંદર ખેંચાય છે. ■

# ખારમાં રિક્ષા પર ઝાડ તૂટી પડતાં જખમી થયેલી કિશોરીનું અઠવાડિયા બાદ મૃત્યુ

(અમારા પ્રતિધિ તરફથી)

મુંબઈ: પશ્ચિમ ઉપનગરના ખારમાં ઓટોરિક્ષા પર કન્સ્ટ્રકશન સાઈટ પરથી તૂટી પડેલા ઝાડની દુર્ઘટનામાં ગંભીર રીતે જખમી થયેલી સગીરાનું અઠવાડિયા બાદ રવિવારે સવારે સારવાર દરમ્યાન મૃત્યુ થયું હતું. તો તેની સાથે રહેલી અન્ય યુવતી હજી પણ ક્રિટીકલ હાલતમાં હોઈ તેના પર આઈસીયુમાં સારવાર ચાલી રહી છે.

ખાર પોલીસના જણાવ્યા મુજબ ૧૦ મેના ખારમાં કન્સ્ટ્રકશન સાઈટ પર બાંધકામ ચાલી રહ્યું હતું. તેના કમ્પાઉન્ડમાં રહેલું એક ઝાડ ત્યાંથી પસાર થઈ રહેલી ઓટોરિક્ષા પર પડયું હતું, જેમાં ૧૯ વર્ષની મનસ્વી શ્રીવાસ્તવ તેની ૧૪ વર્ષની નાની બહેન આરિકા અને ૨૧ વર્ષની હર્ષિતા કુમાર બેઠી હતી. તેઓ લંચ માટે બહાર જઈ રહ્યા હતા ત્યારે તેમની ઓટોરિક્ષા પર ઝાડ તૂટી પડયું હતું. જેમાં મનસ્વીને પગમાં ફ્રેકચર થયું હતું. જ્યારે આરિકા અને હર્ષિતાને માથામાં ગંભીર રીતે ઈજા પહોંચી હતી અને બંને ઘટના સ્થળે જ બેભાન થઈ ગયા હતા. રિક્ષાવાળો તેમને ખાનગી હૉસ્પિટલમાં લઈ ગયો હતો. જ્યાં અઠવાડિયા બાદ રવિવારે સવારના ૬.૦૫ વાગે હૉસ્પિટલમાં આરિકાનું મૃત્યુ થયું હતું. તો હર્ષિતા કુમારની હાલત હજી પણ ગંભીર છે અને તેના પર આઈસીયુમાં સારવાર ચાલી રહી છે. બંને પીડિતોને માથા અને કરોડરજ્જુમાં ગંભીર ઈજા પહોંચી હતી.આ ઘટના બાદ ખાર પોલીસે ગયા સોમવારે જ્યાં ઝાડ તૂટી પડયું હતું તે જગ્યાએ કામ કરી રહેલી કન્સ્ટ્રકશન કંપની સામે કથિત બેદરકારીનો કેસ નોંધ્યો હતો. આરિકાની બહેન મનસ્વીની ફરિયાદને આધારે ગુનો નોંધવામાં આવ્યો હતો.પાલિકાના ગાર્ડન વિભાગ સાથે સંકળાયેલા અધિકારીના જણાવ્યા મુજબ ઝાડના મૂળિયા પાસે મોટા પ્રમાણમાં બાંધકામને લગતું રો-મટિરિયલ પડ્યું હતું, તેને કારણે ઝાડના મૂળિયા નબળા પડી ગયા હતા અને તેને કારણે તે તૂટી પડયું હોવાનું મનાય છે.■

# નવી મુંબઈની કોર્ટે ૨૦૧૮ના હત્યાકેસમાં બે જણને નિર્દોષ જાહેર કર્યા

થાણે: નવી મુંબઈની કોર્ટે ૨૦૧૮માં એક વ્યક્તિની બેરહેમીથી મારપીટ કરીને તેને મોતને ઘાટ ઉતારવાના કેસમાં ફોરેન્સિક પુરાવાનો અભાવ અને એફઆઇઆર નોંધવામાં વિલંબનો ઉલ્લેખ કરી બે જણને નિર્દોષ જાહેર કર્યા હતા.

બેલાપુર કોર્ટના એડિશનલ સેશન્સ જજ મકરંદ માંડવગડેએ શુક્રવારે મોહંમદ અકરમ તફાજ્જુલ ખાન (૫૬) અને અકબર નઝર ઉર્ફે ઇકબાલ ગુલામ મોહંમદ નઝર (૩૮)ને ભારતીય દંડસંહિતાની કલમ ૩૦૨ (હત્યા) હેઠળના આરોપમાંથી મુક્ત કર્યા હતા.

તપાસકર્તા પક્ષે આક્ષેપ કર્યો હતો કે ૩૦ ઑક્ટોબર, ૨૦૧૮ની સવારે વાશીમાં એપીએમસી ખાતે ગ્રીન પાર્ક ઝૂંપડપટ્ટી વિસ્તારમાં સઇદ મન્સુરીએ મોહંમદ અકરમ ખાનનું લાકડાનું ટેબલ ઉપાડ્યા બાદ તેમની વચ્ચે ઝઘડો થયો હતો. ઝઘડો મારમારીમાં પરિણમતાં અકરમ ખાન અને અકબર નઝરે મન્સુરીની બેરહેમીથી મારપીટ કરી હતી, જેમાં ગંભીર ઇજાને કારણે તેનું મૃત્યુ થયું હતું.

ટ્રાયલ દરમિયાન બચાવ પક્ષે દલીલ કરી હતી કે ગુનેગારને બચાવવા માટે બંને આરોપીને ખોટી રીતે ફસાવવામાં આવ્યા છે. તેમણે એફઆઇઆર દાખલ કરવામાં વિલંબ સહિત પોલીસ તપાસમાં અનેક ખોટતી કડીઓ તરફ આંગળી ચીંધી હતી. સાક્ષીદારોએ દાવો કર્યો હતો કે તેમણે સવારે ૧૦.૩૦ વાગ્યે પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધ્યો હતો, પણ સાંજે ૪.૦૬ વાગ્યે એફઆઇઆર દાખલ કરવામાં આવ્યો હતો. કોર્ટે નોંધ્યું હતું કે તપાસકર્તા પક્ષે એફઆઇઆર દાખલ કરવામાં વિલંબ માટે કોઇ સ્પષ્ટતા આપી નહોતી. (પીટીઆઇ) ■

# સીબીએસઈમાં હવે ત્રીજી ભાષા શિક્ષણનો નિયમ લાગુ, પણ બોર્ડની પરીક્ષા નહીં લેવાય

પુણે : સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ) એ શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ થી ધોરણ નવના વિદ્યાર્થીઓ માટે ત્રીજી ભાષા શીખવી ફરજિયાત બનાવી દીધી છે. આ ભાષાઓમાંથી બે સ્થાનિક ભારતીય ભાષાઓ હોવી જોઈએ. એ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે ત્રીજી ભાષાનું મૂલ્યાંકન શાળા સ્તરે કરવામાં આવશે.

સીબીએસઈના શૈક્ષણિક વડા ડો. પ્રજ્ઞા સિંહે આ સંદર્ભમાં એક પરિપત્ર બહાર પાડ્યો હતો. સીબીએસઈ દ્વારા એક મહિના પહેલા જારી કરાયેલા પરિપત્રમાં સ્પષ્ટતા કરવામાં આવી હતી કે ધોરણ છઠ્ઠા થી ત્રીજી ભાષા ફરજિયાત છે. જોકે હવે નવા પરિપત્ર મુજબ જાહેરાત કરવામાં આવી છે કે પહેલી જુલાઈ, ૨૦૨૬ થી ધોરણ નવથી જ ત્રીજી ભાષા લાગુ થશે. જે વિદ્યાર્થીઓ વિદેશી ભાષા શીખવા માગે છે તેમણે બે અન્ય ભારતીય ભાષાઓ શીખવી જ જોઈએ અથવા વિદેશી ભાષા ચોથી ભાષા તરીકે પણ શીખી શકાશે, એમ જણાવવામાં આવ્યું છે.

જોકે તે સાથે વિદ્યાર્થીઓ પર પરીક્ષાલક્ષી તાણ ઓછી કરવા એક મહત્વપૂર્ણ જાહેરાતમાં ત્રીજી ભાષાનું મૂલ્યાંકન સંપૂર્ણપણે શાળા સ્તરે આંતરિક રીતે કરવામાં આવશે. વિદ્યાર્થીના ત્રીજી ભાષામાં પ્રદર્શનનો ઉલ્લેખ પ્રમાણપત્રમાં કરવામાં આવશે. ઉપરાંત કોઈપણ વિદ્યાર્થીને ત્રીજી ભાષાના કારણે ધોરણ ૧૦માં બોર્ડની પરીક્ષા આપતા અટકાવવામાં આવશે નહીં. એ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે નમૂના પ્રશ્નપત્ર અને આંતરિક મૂલ્યાંકન માટેના માપદંડ ટૂંક સમયમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે.

શાળાઓને સીબીએસઈના વિષયોની યાદીમાંથી કોઈપણ ભાષા પસંદ કરવાની છૂટ છે. જોકે ત્રણ ભાષાઓમાંથી બે સ્થાનિક ભારતીય ભાષાઓ હોવી જોઈએ. પાઠ્યપુસ્તકો ઉપલબ્ધ થાય ત્યાં સુધી મૌખિક વાતચીત, વાંચન, અભિવ્યક્તિ અને વ્યાકરણ માટે ધોરણ ૬ના પાઠ્યપુસ્તકનો ઉપયોગ કરવાનું જણાવવામાં આવ્યું છે. ■

# 'પ્યાર કો પ્યાર હી રહેને દો...': હાઇ કોર્ટનો સંવેદનશીલ ચુકાદો

મુંબઈ: યુવતી પર બળાત્કારના આરોપનો સામનો કરી રહેલા એક યુવાન પરનો કેસ રદ કરીને તાજતરમાં હાઇ કોર્ટે એક સંવેદનશીલ ચુકાદો આપ્યો હતો. કેસની વિગત મુજબ ફરિયાદી યુવતીએ આરોપી પર બળાત્કારનો આરોપ લગાવતા પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જોકે બંને મિત્રો હતા અને બાદમાં સંમતિથી સંબંધ બાંધ્યો હતો. તેમની વચ્ચે ગેરસમજને કારણે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

અરજદારે સપ્ટેમ્બર ૨૦૨૫ માં તલોજા પોલીસે નોંધેલા બળાત્કારના કેસને રદ કરવા માટે હાઇ કોર્ટનો સંપર્ક કર્યો હતો. યુવતી પોતે કોર્ટમાં હાજર થઈ હતી અને કોર્ટને જણાવ્યું હતું કે તેણે કોઈપણ દબાણ વિના સ્વેચ્છાએ આ મામલો ઉકેલી લીધો છે અને આ સંદર્ભમાં સોગંદનામું દાખલ કર્યું છે. તેણે કોર્ટને એમ પણ કહ્યું હતું કે પોતે અને અરજદારે સમાધાન કર્યું છે, લગ્ન કર્યા છે અને હવે પતિ-પત્ની તરીકે ખુશીથી સાથે રહી રહ્યા છે. સુનાવણી દરમિયાન બંને પક્ષોએ કોર્ટને જણાવ્યું હતું કે, દંપતીએ તેમના મતભેદો ઉકેલી લીધા અને લગ્ન કરી લીધા છે. તેમના વકીલોએ કોર્ટ સમક્ષ તેમના લગ્ન નોંધણી સંબંધિત દસ્તાવેજો પણ રજૂ કર્યા. ■

KALAMANDIR
YOUR FAVOURITE JEWELLERY DESTINATION
કલામંદિર નો સ્માર્ટ ભાવ
22KT દાગીનાનો ભાવ ₹14,469 પ્રતિ ગ્રામ
+ 7% ની ઘડામણ ₹1013 પ્રતિ ગ્રામ
આજનો સ્માર્ટ ભાવ મજૂરી સહીત ₹15,482 પ્રતિ ગ્રામ +GST
ફક્ત 7%
ઘડામણ તમામ પ્રકારના 22kt દાગીના પર
પોલકી | એન્ટિક | પ્લેન
MUMBAI | AHMEDABAD | SURAT | VAPI | BHARUCH | KOSAMBA
CONTACT NO. +91 95109 70230 | 80000 36001
*શરતો લાગુ - *7% મજૂરી ૧૦ ગ્રામની ઉપર ની જ્વેલરી પર લાગુ

સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી
સંચાલિત
ગીરગામ સાર્વજનિક હાઇસ્કુલ
કોલભાટ લેન (એમ. વેલકર સ્ટ્રીટ) ગીરગામ રોડ, મુંબઈ 400003
વર્ષ 1964 (ધોરણ: 5) થી 1971 (જૂનું એસ. એસ. સી.) અગિયારમું ધોરણ પાસ કરનારા સર્વે વિધાર્થી ભાઈ-બહેનો તથા આ સમય દરમિયાન સેવા આપનારા સર્વે શિક્ષકગણ-શિક્ષિકાગણ અને કર્મચારીઓને મેળાવડામાં આવવામાટે આમંત્રણ. હાલના સમયગાળામાં 1971 દરમિયાન અભ્યાષ કરનારા અમો 6-7 મિત્રો સાથે મળ્યા છીએ. અમારી ઈચ્છા એવી છે કે 1971 માં આપણે 100 કરતાં વધારે હતા, શું આજે 50-60 ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈ-બહેનો ભેગા ના થઇ શકે? મુંબઈથી પ્રકાશિત થતા સર્વે વર્તમાનપત્રોમાં અમો આ જાહેરખબર પ્રસારિત કરી રહ્યા છીએ. આપ સર્વેને નમ્ર નિવેદન કે અહીં જણાવેલ ઇમેઇલ એડ્રેસ અથવા મોબાઈલ ફોનપર સંપર્ક કરશો. આપ વૉટ્સઅપ પણ કરી શકો છો. આપ સૌને મળવા આતુર આપના વિદ્યાર્થી મિત્રો.
Email: classmate1971gshs@gmail.com
Mobile: Call and WhatsApp: +91-9988338855

## ક્લાસિફાઈડ

### ૬. પરચુરણ

**પરોણીગર**
પરોણીગર પટવા, સોની મોતી પીરોનેવાલા જુના દાગીનાના નજરની સામે સુધારવાવાલા. 9821369617/ 8976938117. (એસડીબી-૩૨૬૨)

### ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**
દવાથી એકજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી : 9969388693 / 7506569229. (બી-૧૭૪૨૮)

### ૧૫. નોકરીજોઈએછે

**એકાઉન્ટન્ટ**
ચકાસણી કરીને અનુભવી એકાઉન્ટન્ટ ઓફિસ ફેક્ટરી માટે તુરંત મળશે - 9819248778. (બી-૧૭૫૪૪)

### ૧૭. જગ્યા આપવી છે

**જુહુસ્કીમમાં/પાર્લામાં/અંધેરીમાં**
લીવલાઈસન્સથી/વેચાતામાં સ્ટુડન્ટો/ફેમિલી માટે, 1થી 4 બેડરૂમના, ફર્નિશ્ડ ફ્લેટો. લેવા રાજેશભાઈ 9820772390. (એસડીબી-૩૧૯૮)

**JVPD SCHEME, 1ST ROAD, 1 BHK for Sale, Contact 8369884960. (B-17545)**

### ૨૦. ધંધાદારી જગ્યા

**મરીનલાઈન્સ**
સ્ટેશન નજીક, ઓફિસ ૧૮૬૦' કાર્પેટ, ઓનરશીપથી વેચવાની છે, રેડી પઝેશન, 'અમર રૂપાણી' 9820372950/ 9619775855. (એજન્ટ). (બી-૧૭૫૭૦)

**CHURCHGATE**
One Offices For Sale Carpet 230, Rate 1.23 Cr Fully Furnished Jolly Bhavan No.1 New Marine Lines Whatsup 70218 31500. (B-17604)

### ૨૩. મનોરંજન

**નાટક પીક્ચર**
મ્યુઝિકલ- સોશ્યલ 16 ગ્રુપોઃ મુંબઈ- પાર્લા- મલાડ- બોરીવલીમાંઃ ફીમાં મેમ્બરશીપ- 7021276622. (૧૦૭૯-એ)

### ૩૨. જમીન - મિલકત

**રાજકોટમાં પ્લોટ જોઈએ**
**કેશ પેમેન્ટથી, કાલાવડ રોડ, હરીપર, કણકોટ, વડવાજડી- વિરડાવાજડી, ઈશ્વરીયા, અમરેલી, મોટાવડા, છાપરા, આણંદપર, મોરબી રોડ, હડાળા, વિજયનગર, રતનપર, નાના મોટા પ્લોટ. કીર્તિભાઈ કંસારા 9825160974, 7046710111. (બી-૧૭૬૧૪)**

### ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**
52 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**મહાલક્ષ્મી જ્યોતિષ**
સમસ્યાઓનું સમાધાન. લવ પ્રોબ્લેમ પતિથી દુઃખી સાસ બહુનો ઝગડો સંતાન કેવામાં નથી કામ ધંધોમાં રુકાવટ એકતરફી પ્રેમ (ફિસ કામ પછી) 9321554879. (બી-૧૭૫૬૭)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**ACE પેસ્ટીસાઈડ**
(1993થી), ઉધઈ, વાંદા, માંકડ, કાંદિવલી 9833523290, 9220789533, ચીરાબજારઃ 9029181030. (૯૫૯/ડી)

■ PREMIUM ૧૯૮૩થી વિશ્વાસુ - વાંદા, ઉધઈ, ઉંદરનો ઉપાય. PESTIGUARD - 8169473531 / 9898637635. (બી-૧૭૫૨૮)

### ૪૬. વોટર પ્રુફિંગ

**WATERPROOFING SPECIALIST**
Terrace, Chajja, Bathroom, Building Repairing, Tar. 7 Years Warranty. -9004827175. (B-17616)

### ૫૨. કુરીઅર્સ

**ફોરેન**
પાર્સલ માટે એક માત્ર જુનું વિશ્વસનીય નામ રમેશભાઈ - 9702251440 / 9224320626. (બી-૧૬૮૩૫)


# કલ્યાણમાં પુત્રીએ આત્મહત્યા કર્યા બાદ બીમાર માતાએ પણ દમ તોડ્યો

થાણેઃ થાણે જિલ્લાના કલ્યાણમાં માતાની બીમારીને કારણે ચિંતાગ્રસ્ત ૨૮ વર્ષની પુત્રીએ છઠ્ઠા માળના ફ્લેટની બાલ્કનીમાંથી ઝંપલાવી જીવન ટૂંકાવ્યું હતું.

કલ્યાણના ગૌરીપાડા વિસ્તારમાં ૧૪ મેના રોજ બનેલી આ દુઃખદ ઘટના બાદ બીમાર માતાનું પણ મૃત્યુ થયું હતું, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

માતાની બીમારીને કારણે પુત્રી ચિંતિત હતી. માતાને તાજેતરમાં બ્રેઇન હેમરેજ થયું હતું અને ડોક્ટરે પરિવારજનોને જણાવ્યું હતું કે તેની બચવાની શક્યતા ખૂબ ઓછી છે. આ સાંભળી પુત્રીને આઘાત લાગ્યો હતો અને તેણે છઠ્ઠા માળની બાલ્કનીમાંથી નીચે ઝંપલાવી દીધું હતું.

દરમિયાન અવાજ સાંભળીને રહેવાસીઓ નીચે દોડી આવતાં મહિલા લોહીલુહાણ હાલતમાં મળી આવી હતી. તેને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં લઇ જવામાં આવી હતી, જ્યં ડોક્ટરે તપાસીને તેને મૃત જાહેર કરી હતી. પુત્રીના મૃત્યુના થોડા સમય બાદ માતાએ પણ દમ તોડ્યો હતો.

ખડકપાડા પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલ્યા બાદ આ પ્રકરણે એડીઆર દાખલ કરીને તપાસ આદરી હતી. (પીટીઆઇ)

# સુનેત્રા પવારના પત્રને કારણે ઝીશાન સિદ્દિકીને વિધાનસભ્યપદ ગુમાવવું પડશે?

## ટેક્નિકલ ક્ષતિને કારણે સિદ્દિકીનું ઉમેદવારીપત્ર બાદ કરવામાં આવે એવી લટકતી તલવાર

મુંબઈઃ રાષ્ટ્રીય કારોબારીને લઈને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના અજિત પવાર જૂથમાં મૂંઝવણની સ્થિતિનું ચિત્ર છે. પ્રફુલ પટેલ અને સુનીલ તટકરેને રાષ્ટ્રીય કારોબારીમાં નિયુક્ત કરવામાં આવ્યા ન હતા. તે પછી શરૂ થયેલો વિવાદ વધુ વધી ગયો છે. હવે, નાયબ મુખ્ય પ્રધાન અને એનસીપીનાં પ્રમુખ સુનેત્રા પવારનાં પત્રને કારણે વિધાન પરિષદમાં ચૂંટાયેલા વિધાનસભ્ય ઝીશાન સિદ્દીકીને ગેરલાયક ઠેરવવામાં આવે તેવી શક્યતા છે. મહારાષ્ટ્રના રાજકીય વર્તુળોમાંથી એક ખૂબ જ સનસનાટીભર્યા અને આઘાતજનક સમાચાર બહાર આવી રહ્યા છે. અજિત પવાર જૂથના યુવા નેતા અને વિધાનસભ્ય ઝીશાન સિદ્દીકીની વિધાન પરિષદની બેઠક ટેકનિકલ મુશ્કેલીમાં હોવાની પ્રબળ શક્યતા છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ પક્ષની અંદર એક મોટી ટેકનિકલ ભૂલ આનું કારણ બની છે. સમગ્ર મામલાનું મૂળ એનસીપી નેતા સુનીલ તટકરેની પ્રદેશ પ્રમુખ પદ પર અને ઝીશાન સિદ્દીકીના 'એઆઈ ફોર્મ' પર સહીમાં રહેલું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ૨૯ એપ્રિલે એનસીપીના રાષ્ટ્રીય અધ્યક્ષ સુનેત્રા પવાર દ્વારા સહી કરાયેલ એક સત્તાવાર પત્ર ચૂંટણી પંચને મોકલવામાં આવ્યો હતો. આ પત્રમાં સ્પષ્ટપણે એવો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે પાર્ટી તરફથી થયેલા આ પત્રને અંતિમ ગણવો. ચોંકાવનારી વાત એ છે કે આ પત્રમાં 'પ્રદેશ પ્રમુખ'નો કોઈ ઉલ્લેખ નહોતો. આ કારણે, તટકરેના પ્રદેશ પ્રમુખ પદ અંગે રાજકીય વર્તુળોમાં ઘણી ચર્ચા થઈ છે.

# ભાવ વધારાનું નક્કી નહીં, પણ કોઇના પગાર નહીં અટકેઃ સરનાઇક

મુંબઈઃ ગયા અઠવાડિયે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકા-ઈરાન યુદ્ધને કારણે સર્જાયેલી વૈશ્વિક પરિસ્થિતિની પૃષ્ઠભૂમિમાં પેટ્રોલ અને ડીઝલનો ઉપયોગ ઓછો કરવાની અપીલ કરી હતી. હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા જળ પરિવહન લગભગ સ્થગિત છે. વિશ્વના તેલ પરિવહનનો ૨૦ ટકા આ માર્ગ પરથી પસાર થાય છે.

પરિણામે કિંમત પર અસર પડવી સ્વાભાવિક છે. વિશ્વમાં તેલની અછતને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલના ભાવ આસમાને પહોંચી ગયા છે. આ ઉપરાંત ઈરાને ખાડી દેશોના તેલ પ્રોજેક્ટ્સ પર હુમલો કર્યો. તેના કારણે તેલનું ઉત્પાદન ઘટ્યું છે. પરિણામે વિશ્વભરમાં ફુગાવો વધ્યો છે. ઘણા દેશોની અર્થવ્યવસ્થા દબાણ હેઠળ છે. સ્વાભાવિક રીતે આ ભાવવધારાની અસર દરેક જગ્યાએ પડશે. ફુગાવો વધુ વધશે. મહારાષ્ટ્રના પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે જણાવ્યું હતું કે 'પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારાથી અમને ભારે ફટકો પડશે. અમે હાલમાં ભાવ વધાર્યા નથી. પરંતુ ભવિષ્યમાં ભાવ વધારવો પડશે.

# કચરાના બલ્ક જનરેટરોને પાલિકામાં રજિસ્ટ્રેશન અનિવાર્ય

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં જથ્થાબંધ કચરાનું નિર્માણ કરનારા માટે રજિસ્ટ્રેશન ફરજિયાત હોવા છતાં અનેક રહેણાંક અને કમર્શિયલ સંસ્થાઓ આ નિયમનું પાલન કરતી નથી. પાલિકા કમિશનર અશ્વિની ભીડેએ સંબંધિત અધિકારીઓને તાત્કાલિક નોંધણી સુનિશ્ચિત કરવાનો નિર્દેશ આપ્યો છે. તેમ જ આવશ્કતા હોય ત્યાં સખતાઈપૂર્વ તેનું અમલીકરણ કરવાનો નિર્દેશ પણ તેમણે આપ્યો છે.

મુંબઈ મહાનગરપાલિકા પાસે લગભગ ૧૭,૬૨૪ સંસ્થા અને વ્યક્તિઓનું રજિસ્ટ્રેશન થયું છે, જેમાં હાઉસિંગ કૉ-ઓપરેટીવ સોસાયટી, હાઉસિંગ સોસાયટી, હૉટલ, રૅસ્ટોરાં, મૉલ, માર્કેટ, કમર્શિયલ કૉમ્પ્લેક્સ, આઈટી કંપની, સ્કૂલ, કોલેજ, હૉસ્પિટલ તેમ જ મૅરેજ હૉલ અને કાર્યક્રમના સ્થળોનો સમાવેશ થાય છે. જોકે હજી સુધી અનેક સંસ્થાઓને અને વ્યક્તિઓએ પાલિકા પાસે રજિસ્ટ્રેશન કરાવ્યું નથી. આવા તમામ લોકોને તાત્કાલિક રજિસ્ટ્રેશન કરાવવા માટે પ્રવૃત કરવા બાબતે આવશ્યતા અનુસાર સખતાઈપૂર્વક અમલબજાવણી કરાવવાનો નિર્દેશ પાલિકા કમિશનરે અધિકારીઓને આપ્યો હતો.

પાલિકા કમિશનરે કહ્યું હતું કે ફક્ત રજિસ્ટ્રેશન કરીને ચાલશે નહીં પણ આ નિયમનું પાલન પણ કરાવવું પડશે. સૂકા અને ભીના કચરાને અલગ કરવો, ભીના કચરા ઉપર જગ્યા પર જ પ્રક્રિયા કરવી અને તેને રિસાઈકલ કરી શકાય તેવા પદાર્થ અધિકૃત વિક્રેતાઓને સોંપવા સુધીની બાબતોનું સખતાઈપૂર્વક પાલન કરવાનો નિર્દેશ પણ કમિશનરે અધિકારીઓને આપ્યો હતો.મોટા પ્રમાણમાં કચરાનું નિર્માણ કરનારી સંસ્થા અને વ્યક્તિના કાઉન્સેલિંગ માટે ઘનકચરા વિભાગ મારફત ચર્ચાબેઠક, સંવાદ કાર્યક્રમનું આયોજન કરવું તેમ જ નિષ્ણાત વ્યક્તિઓ મારફત જનજાગૃતિ કરાવવાનો નિર્દેશ પણ કમશનરે આપ્યો હતો.

# ખાંડની નિકાસ પર પ્રતિબંધનો નિર્ણય આડેધડ લેવામાં આવ્યો છેઃ જયંત પાટીલ

મુંબઈઃ ખાંડની નિકાસ પર તાત્કાલિક પ્રતિબંધ લાદવાના કેન્દ્રના નિર્ણયની ગુરુવારે એનસીપી (એસપી)ના વરિષ્ઠ નેતા જયંત પાટીલે ટીકા કરી હતી અને કહ્યું હતું કે આ કોઈ નક્કર આયોજન વિના લેવામાં આવ્યો છે. તેમણે સરકારને આ પગલું પાછું ખેંચવા વિનંતી કરી હતી. દેશમાં ખાંડ આસાનીથી મળી શકે અને ભાવ નિયંત્રણમાં રહે એ હેતુથી આ વર્ષે ૩૦ સપ્ટેમ્બર સુધી ખાંડની નિકાસ પર ભારતએ તાત્કાલિક અસરથી પ્રતિબંધ મૂક્યો છે. પાટીલે જણાવ્યું હતું કે કોઈ નક્કર પૂર્વ આયોજન વિના લેવાયેલ આ નિર્ણય મહારાષ્ટ્રની ખાંડ મિલોને બેવડો ફટકો પાડશે. ભૂતપૂર્વ રાજ્ય પ્રધાનએ જણાવ્યું હતું કે ખાંડ ઉદ્યોગ પહેલાથી જ માલનો ભરાવો અને શેરડી ઉગાડનારાઓને ચૂકવવાપાત્ર વાજબી અને લાભદાયી ભાવમાં વધારાને કારણે દબાણ હેઠળ છે.

## 'બ્રાહ્મણ હોવાને કારણે ફડણવીસ મુશ્કેલીમાં મુકાયા'

# ગણેશ નાઇકના નિવેદનથી ચર્ચાનું બજાર ગરમ

મુંબઈઃ રાજકીય મંચ પર નેતાઓ સતત વાત કરે છે કે પ્રગતિશીલ મહારાષ્ટ્રમાં જાતિવાદને ધ્યાનમાં લેવામાં આવતો નથી. જોકે, ઘણીવાર જાતિ મેળાવડામાં નેતાઓ અનિવાર્યપણે જાતિ યાદ રાખે છે. રાજ્યના પ્રધાન ગણેશ નાઈકે પણ મુખ્ય પ્રધાનની જાતિને એ જ રીતે યાદ કરી. દેવેન્દ્ર ફડણવીસ બ્રાહ્મણ હોવાને કારણે તેમને હેરાન કરવામાં આવી રહ્યા છે એવું સ્ફોટક નિવેદન તેમણે કર્યું છે. રાયગઢ જિલ્લાના પેણમાં આયોજિત રાષ્ટ્રીય કૃષિ આધ્યાત્મિક પરિષદમાં મુખ્ય મહેમાન તરીકે ગણેશ નાઈક બોલી રહ્યા હતા. ગણેશ નાઈકે જાતિના મુદ્દા પર વાત કરતી વખતે આ નિવેદન આપ્યું હતું. ગણેશ નાઈકે કહ્યું કે ક્યારેક જાતિ વ્યક્તિ માટે અભિશાપ હોય છે તો ક્યારેક આશીર્વાદ. દેવેન્દ્ર ફડણવીસ એક સ્માર્ટ નેતા છે. તેમણે સમગ્ર સમુદાયને ન્યાય આપવાનો પ્રયાસ કર્યો. તેમ છતાં બ્રાહ્મણ હોવાને કારણે તેમની સતામણી કરવામાં આવી છે.

રાષ્ટ્રીય કૃષિ આધ્યાત્મિક પરિષદમાં બોલતી વખતે ગણેશ નાઈકે આ નિવેદન આપ્યું હતું. જોકે, તેમણે સ્પષ્ટ કર્યું નથી કે ફડણવીસને મુશ્કેલીમાં મુકવાનો ખરેખર કોણે પ્રયાસ કર્યો હતો. જોકે, એ સ્પષ્ટ નથી કે ગણેશ નાઈકનો ઈશારો કોઈ રાજકીય નેતા, પક્ષ કે કોઈ જાતિ જૂથનું નેતૃત્વ કરતા નેતા તરફ છે. ગણેશ નાઈકના આ નિવેદનની ખૂબ ચર્ચા થઈ છે.

છેલ્લા પાનાનું ચાલુ

## શિવસેનામાં જોડાયા

જોડાયો છું. મેં એકનાથ શિંદેને પણ કહ્યું હતું કે હું શરદ પવારને મળવા જઈ રહ્યો છું, તેથી કોઈ ચિંતા ન કરવી જોઈએ,' એવો ખુલાસો પરાંજપેએ કર્યો છે.'લગભગ ત્રણ વર્ષ પછી શરદ પવારને શુભેચ્છા મુલાકાત માટે મળ્યો હતો. આ મુલાકાતમાં તેમણે ઘણી જૂની યાદો તાજી કરી. મેં તેમના આશીર્વાદ માંગ્યા, અને તેમણે મારી નવી સફર માટે શુભેચ્છાઓ પણ પાઠવી,' એમ આનંદ પરાંજપેએ કહ્યું હતું.

## ૨૪ કલાકમાં

લાગુ કર્યો હતો, જેમાં ફક્ત પીળી ઇલેક્ટ્રિક બાઇક ટેક્સીઓને જ ચલાવવાની મંજૂરી આપવામાં આવી હતી. જોકે, આ કંપનીઓએ પેટ્રોલ ગાડીઓનો ઉપયોગ ચાલુ રાખીને નિયમોનું ઉલ્લંઘન કર્યું હતું. આ કારણે માર્ચ ૨૦૨૬ માં તેમના લાઇસન્સ રદ કરવામાં આવ્યા હતા. જોકે સેવાઓ ગુપ્ત રીતે ચાલુ રહી હોવાથી, સાયબર વિભાગે ૧૫ મેના રોજ એપ્સને સીધી દૂર કરવા માટે આક્રમક નોટિસ જારી કરી હતી.

## શું છે આખો મામલો?

અને નાયબ પ્રધાનોની નિમણૂંક રાજ્યપાલ દ્વારા મુખ્ય પ્રધાનની સલાહથી કરવામાં આવશે. ૦૧/૦૨/૨૦૨૬ના રોજ મહારાષ્ટ્રના રાજ્યપાલ દ્વારા સુનેત્રા અજિત પવારને લેવડાવવામાં આવેલા શપથ ગ્રહણ સમારોહમાં, સુનેત્રા અજિત પવારે બે વાર કહ્યું છે કે તેઓ નાયબ મુખ્ય પ્રધાનપદના શપથ લઈ રહ્યા છે. જોકે, એવો આરોપ છે કે આ ગેરબંધારણીય અને ભારતીય બંધારણની વિરુદ્ધ છે. ભારતીય બંધારણમાં ક્યાંય પણ નાયબ મુખ્ય પ્રધાનપદ માટે કોઈ જોગવાઈ નથી. તેથી, સુનેત્રા અજિત પવાર દ્વારા લેવાયેલી શપથ આપમેળે ગેરકાયદે છે. એવો પણ આરોપ છે કે તેમણે ભારતીય બંધારણનું સીધું ઉલ્લંઘન કર્યું છે.

## બીજી વખત ફરિયાદ

જવાબદારી ધરાવતા લોકો દ્વારા ભારતના બંધારણનું ખુલ્લેઆમ ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું છે. આ પ્રકારનું નિવેદન આપવામાં આવ્યું હતું, અને હવે તે નિવેદન આપ્યાને ૧૦૩ દિવસ વીતી ગયા છે. મહારાષ્ટ્ર સરકારના માનનીય હાઇકોર્ટના રિટ પિટિશન નં. ૬૭૩૧/૨૦૧૨ અનુસાર જારી કરાયેલા ૧૮/૦૧/૨૦૧૩ના સરકારી પરિપત્ર મુજબ, સરકારી કચેરીમાં આવતા નિવેદન પર ૧૨ અઠવાડિયામાં કાર્યવાહી કરવી ફરજિયાત છે, પરંતુ રાજ્યપાલ કચેરીમાં ૧૦૩ દિવસ સુધી પેન્ડિંગ રહેલું નિવેદન રાજ્યપાલ કચેરીના કાયદાને કચડી નાખવા સમાન છે. તેથી, અમે આ ફરિયાદ અરજી દ્વારા વિનંતી કરીએ છીએ કે આ બાબતે કાર્યવાહી કરવામાં આવે.

## પશ્ચિમ બંગાળમાં

કરવા માટે આશ્રમ પાસે ત્રણ સૉકેટ બોમ્બથી ધડાકા કર્યા હતા. બાદમાં ૧૪ મેના રોજ મોટરસાઇકલ પર આવેલા આરોપીઓ ફરિયાદીની દુકાનમાં આવ્યા હતા અને ઘટનાની પોલીસને જાણ કરતાં આ વિસ્તારમાં વધુ બોમ્બબ્લાસ્ટ કરાવીશું, એવી ધમકી તેને આપી હતી. આ પ્રકરણે ફરિયાદ નોંધાયા બાદ ગુનો દાખલ કરીને બહેરામપુર પોલીસે આરોપીઓની શોધખોળ આદરી હતી. ગુનામાં સંડોવાયેલા બે આરોપી ગીતાંજલિ એક્સપ્રેસથી મુંબઈ ભાગી છૂટ્યા હોવાની માહિતી મળતાં બહેરામપુર પોલીસે મુંબઈ ક્રાઇમ બ્રાન્ચનો સંપર્ક સાધ્યો હતો અને આરોપીઓન પકડવા મદદ માગી હતી. આથી ક્રાઇમ બ્રાન્ચના અધિકારીઓએ તપાસ આદરી હતી અને મળેલી માહિતીને આધારે બે આરોપીને બોરીવલી સ્ટેશનથી ઝડપી પાડ્યા હતા, જેમને બાદમાં બહેરામપુર પોલીસને સોંપવામાં આવ્યા હતા.

## સાહેબ, કંઈક

પવાર જૂથના વરિષ્ઠ નેતા પ્રફુલ પટેલે શરદ પવારને મળવા માટે સમય માગ્યો હતો. જોકે, સૂત્રોએ આપેલી માહિતી મુજબ શરદ પવારને ખ્યાલ નહોતો કે આ બેઠક દરમિયાન સુનીલ તટકરે પણ ત્યાં હશે. સુનીલ તટકરે શરદ પવારના નિવાસસ્થાને પહોંચ્યા હતા, પરંતુ મીડિયાને આ ગુપ્ત બેઠકની જાણ થઈ ગઈ હતી. મીડિયા પ્રતિનિધિઓને ત્યાં ભીડ જોઈને સુનીલ તટકરે ખૂબ જ નારાજ થયા હતા. મીડિયાની હાજરીથી ઉદ્ભવતા રાજકીય વિવાદને ટાળવા માટે, તટકરે શરદ પવારને એક પણ શબ્દ બોલ્યા વિના સ્થળ છોડી ગયા હતા.

એક તરફ, જ્યારે પાર્ટીમાં રાષ્ટ્રીય કારોબારીને લઈને વિવાદ પહેલાથી જ ચાલી રહ્યો હતો, ત્યારે હવે વિધાનસભ્યોએ સીધી શરદ પવારને હસ્તક્ષેપ કરવા માટે અપીલ કરી છે, જેનાથી સ્પષ્ટ થઈ ગયું છે કે અજિત પવાર જૂથમાં બધું સમુસૂતરું નથી. આ ફોન કોલ્સ અને તટકરેની નાટકીય વાપસી ફરી એકવાર મહારાષ્ટ્રમાં મોટી રાજકીય ઉથલપાથલના સંકેત આપે છે.

## દસમા-બારમાની

કેટલાક વર્ષોમાં ઉત્તરવહીઓ સાથે ચેડાં કરવા, ગુણ વધારીને દર્શાવવા અને નકલી પુનર્મૂલ્યાંકન જેવા ગંભીર કિસ્સાઓ પ્રકાશમાં આવવા લાગ્યા છે.

જો કે, હવે રાજ્ય બોર્ડ ઉત્તરપત્રમાં છેડછાડ, ગુણ સાથે છેડછાડ, નકલી મૂલ્યાંકન અથવા ઉત્તરપત્રો સંબંધિત ગેરરીતિઓને સીધા કાયદાના દાયરામાં લાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. સ્ટેટ બોર્ડના ચેરમેન ડો. ત્રિગુણ કુલકર્ણીએ જણાવ્યું હતું કે, હાલના કાયદામાં રહેલી જોગવાઈઓ આ માટે પૂરતી નથી. તેથી કાયદાને વધુ વ્યાપક બનાવવા માટે કાર્યવાહી કરવામાં આવી રહી છે. ઉત્તરપત્રિકાઓ સંબંધિત ગેરરીતિઓને પણ કાયદાના માળખામાં લાવીને કોગ્નિઝેબલ ગુનો નોંધી શકાય તેવા નિયમો તૈયાર કરવાનો પ્રસ્તાવ છે, એમ ડો. કુલકર્ણીએ જણાવ્યું.

દર વર્ષે ધોરણ ૧૨ ના લગભગ ૧૫ લાખ વિદ્યાર્થીઓ અને ધોરણ ૧૦ ના ૧૬ લાખ વિદ્યાર્થીઓ પરીક્ષા આપે છે. તે સાથે લગભગ ૬ લાખ વિદ્યાર્થીઓ ધોરણ ૧૦ અને ૧૨ ની પૂરક પરીક્ષા આપે છે. વિદ્યાર્થીઓનું શૈક્ષણિક અને વ્યાવસાયિક ભવિષ્ય આ પરીક્ષાઓ પર નિર્ભર છે. આ પરીક્ષાઓ દરમિયાન ગેરરીતિ અટકાવવા માટે કોપી-મુક્ત ઝુંબેશ પરીક્ષા કેન્દ્રો પર પોલીસની હાજરી, સીસીટીવી જેવા વિવિધ પગલાં લેવામાં આવે છે. તે પછી પણ, જો પરીક્ષા કેન્દ્ર પર ગેરરીતિઓ થાય છે, તો જેઓ ઉશ્કેરે છે, મદદ કરે છે અથવા ગેરમાર્ગે દોરે છે તેમના પર હાલમાં કાયદા હેઠળ માત્ર કોગ્નિઝેબલ અને બિન-જામીનપાત્ર ગુનો નોંધી શકાય છે. પરંતુ ઉત્તરપત્રો સાથે ચેડાં પર કોઈ કાયદો ન હોવાનો અપરાધીઓ ગેરફાયદો ઉઠાવતા હોય છે, તેથી આ ફેરફાર આવશ્યક જણાયો છે.

## પાર્થ પવારની

વિવાદો અને બદલાયેલા રાજકીય સમીકરણોની પૃષ્ઠભૂમિમાં થઈ હતી. આ કારણે, તેને ખાસ રાજકીય મહત્વ પ્રાપ્ત થયું છે. પાર્ટીમાં આંતરિક ફેરબદલ, આગામી ચૂંટણીઓ માટેની રણનીતિ અથવા બીજું કશુંક રંધાઈ રહ્યું છે તે અંગે મિશ્ર ચર્ચાઓ થઈ રહી છે.

અજિત પવાર જૂથના યુવા ચહેરા તરીકે જાણીતા પાર્થ પવાર સીધા મુખ્ય પ્રધાનને મળવા ગયા છે, જેના કારણે વિપક્ષી છાવણીમાં પણ હિલચાલ વધી ગઈ છે. અજિત પવારના અવસાન પછી, પાર્ટીનું નેતૃત્વ સુનેત્રા પવાર પાસે ગયું છે. પાર્થ પવાર અને જય પવારને પાર્ટીમાં વિવિધ જવાબદારીઓ સોંપવામાં છે. જોકે, એનસીપીમાં એવી ચર્ચા છે કે સંગઠનાત્મક સ્તરે પાર્થ પવારનો હસ્તક્ષેપ વધી ગયો છે. ફડણવીસ સાથેની આ મુલાકાત પછી મહારાષ્ટ્રનું સમગ્ર ધ્યાન હવે એનસીપી કે મહાયુતિમાં કોઈ નવો રાજકીય ભૂકંપ આવશે કે નહીં તેના પર કેન્દ્રિત છે. દરમિયાન, આ મુલાકાત અંગે બંને પક્ષો દ્વારા હજુ સુધી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આપવામાં આવી નથી.

## ઓશિવરા, લોખંડવાલા

રૂટ પર અઠવાડિયાના સાતેય દિવસ ખાસ કરીને વર્કિંગ ડેમાં ભારે ટ્રાફિકની સમસ્યા રહેતી હોય છે. હાજી અલી જંકશન પ્રમાણે જ મિલ્લતનગર પાસેના લોખંડવાલા સર્કલમાં પણ મોટા પ્રમાણમાં ટ્રાફિકની સમસ્યા રહેતી હોય છે. તેથી ઓશિવરા અને ભગતસિંગ નગર આ બે મહત્ત્વના રોડને લિંક રોડ સાથે જોડનારો ગોરેગામ ખાડી પૂલ બાંધવામાં આવવાનો છે. તેથી સિગ્નલ-મુક્ત પ્રવાસ શક્ય બનશે. તેમ જ આ પ્રોજેક્ટને કારણે મુંબઈના મહત્ત્વના લોખંડવાલા સર્કલના ટ્રાફિકને ઘટાડવામાં મોટી મદદ થઈ રહેશે.

એ બાદ કોસ્ટલ રોડની ઉત્તર તરફ વર્સોવા-દહિસર કોસ્ટલ રોડ સાથે આ બ્રિજના એક ભાગને જોડવામાં આવશે. તેથી ઉત્તર-દક્ષિણ અને પશ્ચિમ મુંબઈ દરમ્યાનનો પ્રવાસ વધુ સરળ અને ઝડપી થશે. આ પુલની લંબાઈ ૫૪૨ મીટર છે. તેમાંથી ૨૩૮ મીટર લાંબો ભાગ કેબલ-સ્ટેઈડ રહેશે. સમગ્ર બ્રિજની પહોળાઈ ૨૮.૫૫ મીટરની રહેશે. દરેક બાજુએ ૧.૫ મીટર યૂટિલિટી કોરિડોર બાંધવામાં આવવાનો છે.

આ રોડ છ લેનનો હશે, જેમાં ત્રણ લેન ઉત્તર તરફ જનારા અને ત્રણ લેન દક્ષિણ તરફ જનારા માર્ગ પર રહેશે. આ પ્રોજેક્ટ માટે કુલ ૪૧૮.૫૩ કરોડ રૂપિયાનો ખર્ચ થવાનો છે. આ બ્રિજનું કામ પૂર્ણ કરવામાં ૩૬ મહિનાનો (ચોમાસાના ચાર મહિના બાદ કરતા) સમય લાગવાનો છે.

આ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ પર્યાયી ઉત્તર-દક્ષિણ માર્ગે ઓશિવરા અને ગોરેગામ જોડવામાં મહત્ત્વનો સાબિત થશે. મોતીલાલ પુનર્વિકાસ જેવા નવા પ્રોજેક્ટ આ વિસ્તારમાં આવતા હોવાથી આગામી વર્ષોમાં નાગરિકો માટે આ બ્રિજ બહુ ઉપયોગી સાબિત થશે.

## પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

## હિન્દુ મરણ

**ઇડર ઔદિચ્ય પિસતાલિસ જ્ઞાતિ બ્રાહ્મણ**
બડોલીના વતની હાલ કાંદિવલી નિવાસી ચંદ્રકાંત ઉમિયાશંકર જાની (ઉં. વ.૯૦) ૧૫/૫/૨૬ શુક્રવારે કૈલાશવાસી થયા છે. તે સ્વ. ઈન્દુમતીબેનના પતિ. માલતીબેન કૃષ્ણકાંત જાની, કાશ્મીરાબેન આશિષ ભટ્ટ, રુષિકેશભાઈ, પારસભાઈના પિતાશ્રી. તૃપ્તિ બેન, ગાયત્રીબેનના સસરા. સ્વ. સવિતા બેન રામશંકર જાની, સ્વ. અનસૂયા (શાંતિબેન) ગુણવંતલાલ યાજ્ઞિકના ભાઇ. સ્વ. દિવાળીબેન જયશંકર ત્રિવેદીના જમાઈ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા સોમવારે ૧૮/૫/૨૬ના ૫ થી ૭. સ્થળઃ કેવળ બાગ, ડેલીક્સી હોટલની ગલી, એસ. વી. રોડ, કાંદિવલી વેસ્ટ.

**પરજીયા સોની**
મુળગામ ડેડાણ હાલ મલાડ બિપીનભાઇ નગીનભાઇ સતિકુવરના ધર્મપત્ની જયશ્રીબેન (ઉં. વ. ૭૧) તા. ૧૬-૫-૨૬ શનિવારે શ્રીજીચરણ પામેલ છે. તે જયંતીભાઇ, નવીનભાઇ, રમેશભાઇ, દિનેશભાઇ, ઉષાબેન, માલતીબેનના ભાભી. સોનલબેન આશીષભાઇના સાસુ. તેમ જ સોનાબેન પંકજભાઇના માતુશ્રી. તથા અનુશ્રી, વરુણના દાદી. મહેકના નાની. તે શામજીભાઇ રણછોડભાઇ થેડેશ્વર ચાવંડવાળાના દિકરી. પ્રાર્થનાસભા તા. ૧૮-૫-૨૬ના સોમવારના ૧૦.૩૦થી ૧૨. ઠે. કેવલબાગ કિલાચંદ રોડ, કાંદિવલી (વેસ્ટ).

**કચ્છી લોહાણા**
સ્વ. ગોદાવરીબેન મંગલદાસ પોપટનાં નાના સુપુત્ર નરેન્દ્ર (ઉં. વ. ૭૮) તે સ્વ. ચંપાબેન મનસુખભાઇનાં નાના જમાઇ. તે ધ્રુવ અને ડીમ્પલનાં પિતાશ્રી. પાયલ અને અમરીષભાઇના સસરા. કીયાનાં દાદા. દીવીષાના નાના. તે લાલજીભાઇ, સ્વ. ભાલાજી, સ્વ. દમયંતીબેન, હંસાબેન, સ્વ. મંજુલાબેનનાં નાના ભાઇ. તા. ૧૬-૫-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. પ્રાર્થના રાખેલ નથી.

**ભરૂચ દશાલાડ વણિક**
મુકુલભાઈ, (ઉં. વ.૬૯) તે સ્વ. શ્રીમતી અન્નપૂર્ણાબેન અને સ્વ. વિનોદચંદ્ર રતિલાલ ડાંગરવાળાના પુત્ર. માધવીબેનના પતિ. ચૈતાલી પ્રસાદ શેટ્ટી, સલોની કુણાલ ગોહિલના પિતા. ડો. અલકાબેન વિદ્યાધર તરારના ભાઈ. સ્વ. ચંદ્રિકાબેન કિર્તીભાઇ પારેખના જમાઈ. ૧૫/૫/૨૬ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ૧૮/૫/૨૬ના રોજ સાંજે ૫થી ૭, રાહેજા ક્લાસિક ક્લબ, ઇન્ફિનિટી મોલની બાજુમાં, અંધેરી પશ્ચિમ.

## જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**
હાલરીયા નિવાસી હાલ કાંદિવલી સ્વ. સવિતાબેન પ્રાણલાલ સંઘરાજકાના સુપુત્ર મહેન્દ્રભાઈ પ્રાણલાલ સંઘરાજકા (ઉં. વ. ૭૮) શુક્રવાર તા. ૧૫/૫/૨૬ના અરિહંતશરણ પામેલ છે, તે હંસાબેનના પતિ. સમીર, જીનેશ, વિરલના પિતા. કોમલ, પૂર્વી, અમીના સસરા. તે હરેશભાઈ, કિરણબેન રજનીકાંત શાહ, હર્ષાબેન જનકભાઈ ટીંબડીયા તથા ડો. સ્મિતાબેન મુકેશભાઈ ભટ્ટના મોટા ભાઈ. સાવરકુંડલા નિવાસી સ્વ. પ્રભુદાસભાઈ હરખચંદ દોશીના જમાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૯/૫/૨૬ મંગળવાર સવારે ૧૦ થી ૧૨ પાવનધામ મહાવીર નગર કાંદિવલી પશ્ચિમ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**
ધ્રોળ નિવાસી હાલ ઘાટકોપર પ્રવીણચંદ્ર રતીલાલ મહેતા (ઉં. વ. ૯૦) તા. ૧૭-૫-૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. હંસાબેનના પતિ. સ્વ. પ્રફુલભાઇ, રાજેશભાઇ, હર્ષાબેન તથા નયનાબેનના પિતાશ્રી. તે નીતાબેન, સ્વાતિબેન, ચેતનભાઇના સસરા. તે સ્વ. ચંદનબેન, સ્વ. મંજુલાબેન, ગં. સ્વ. લીલમબેન તથા ગજેન્દ્રભાઇના ભાઇ. તે મોનીલ, નિરલ, હિનલ, પ્રણવના દાદા. ધવલ, દિવ્યાંગના નાના. પ્રાર્થનાસભા તા. ૧૯-૫-૨૬ મંગળવારના સવારના ૧૦થી ૧૧.૩૦. ઠે. વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, આનંદમંગલ હોલ, બીજે માળે, હિંગવાલા લેન, ઘાટકોપર (ઇસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**વાગડ વિ. ઓ. જૈન**
ગામ સામખીયારીના સ્વ. દામજી લખમણ ગુણશી ગડા (ઉં. વ. ૭૩) બુધવાર તા. ૧૩-૫-૨૬ના મુંબઇ મધ્યે અવસાન પામેલ છે. સ્વ. મોંઘીબેન લખમણ ગુણશીના સુપુત્ર. હિરાબેનના પતિ. દિપક (સંસાર પક્ષે સાધ્વીશ્રી દિવ્યવચણા મા. સા.) સ્વ. ભારતીબેન, હેમાલીના પિતાશ્રી. સંસાર પક્ષે સાધુ ભગવંત નિર્વિકલ્પ મા.સા. પ્રજ્ઞેશ લખમશી નિસરના સસરા. (સંસાર પક્ષે સાધ્વીશ્રી ચારુવચણા મા.સા.) મેહાવીના નાના. લાકડીયાના મણીબેન થાવર પરબત ગાલાના જમાઇ. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૧૮-૫-૨૬ના સવારના ૧૦.૩૦થી ૧૨. ઠે. વર્ધમાન સ્થા. જૈન શ્રાવક સંઘ, કરસન લધુ નિસર હોલ, દાદર (વેસ્ટ), ઠે. ૯૦૪, સિંપોલી દર્શન, સિંપોલી રોડ, બોરીવલી (વેસ્ટ).

**કચ્છી વિશા ઓશવાળ મહાજન જૈન**
ગુંદાલાના અ.સૌ. રૂપાલી ચેતન ગડા (ઉં.વ.૪૮) ૧૬-૫-૨૬ ના અવસાન પામેલ છે. લક્ષ્મીબેન કેશવજીના પુત્રવધુ. ચેતનના ધર્મપત્ની. હર્ષના મમ્મી. કસ્તુરબેન રમણીકલાલના સુપુત્રી. મયુર, હેમાલી, નેહલના બેન. પ્રા. શ્રી માટુંગા ક.શ્વે.જૈ. સં. નારાણજી શામજી વાડી, ૧લે માળે, માટુંગા (સે.રે.), મું. ૧૯. સમય : ૨ થી ૩.૩૦.

ભુજપુરના શ્રી પરાગ રવિલાલ દેઢિયા (ઉં.વ.૫૬) ૧૫-૫-૨૦૨૬ ના અવસાન પામેલ છે. નિર્મળાબેન રવિલાલના પુત્ર. હર્ષાના પતિ. પૂજન, ભૂમિના પિતા. મેહુલ ના ભાઇ. બિદડાના રંજનબેન લક્ષ્મીચંદ મારૂના જમાઇ. પ્રા. શ્રી સુમતિનાથ જિનાલય નૂતન સંકુલ, કિંગ સર્કલ, માટુંગા (ઈ).ટા. : ૩.૩૦ થી ૫.

**કચ્છી વિશા ઓસવાલ જૈન**
ભુજપુરના પરાગ રવિલાલ દેઢિયા (ઉં. વ. ૫૬) તા. ૧૫-૫-૨૬ના અવસાન પામેલ છે. પાનબાઇ નાનજીના પૌત્ર. ગુંદાલાના જેઠીબાઇ મોરારજીના દોહિત્ર. નિર્મળાબેન રવિલાલના પુત્ર. હર્ષાના પતિ. પૂજન, ભૂમિના, પિતા. હડમતિયાના ભવ્ય સંજીવ પંચમીયાના સસરા. મેહુલના ભાઇ. પ્રા. શ્રી. સુમતિનાથ જિનાલય નૂતન સંકુલ, કિંગ સર્કલ, માટુંગા (ઇ), ટા. ૩.૩૦થી ૫.

---

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - **વ્યવસ્થાપક**

# ધર્મતેજ

## યુવાન ભાઈઓ-બહેનો, રાત્રે જ્યારે પણ થોડો સમય મળે તો પ્રભુનું નામ લઈને સૂઓ...



માનસ મંથન
મોરારિબાપુ
feedback@bombaysamachar.com



**नहीं कलि करम न भगति बिबेकू।**
**राम नाम अवलंबन एकु।।**

'રામચરિત માનસ'માં ગોસ્વામીજીએ જાનકી અને રામના અભિન્ન રૂપની વંદના કરી. અને પછી રામ નામ મહારાજની વંદના કરી. રામ નામનો મહિમા તુલસીએ નવ દોહામાં ગાયો છે. વ્યાસપીઠે ઘણીવાર આપની સાથે સંવાદ કર્યો છે કે ભગવાનનું રામ રામ એ નામ પણ છે અને મહામંત્ર પણ છે. હું એમ નથી કહેતો કે રામ નામ જ જપો. કૃષ્ણ નામનો જપ કરો, શિવનું નામ જપો, રાધાનું નામ જપો, જે નામ લો તે આપને મુબારક. જ્યાં જે નામમાં આપની નિષ્ઠા હોય એ નામ લો, પરંતુ જો કોઈ નામનો આપ નિર્ણય ન કરી શકો તો વ્યાસપીઠ કહેશે કે રામ નામ જપો, બાકી પસંદ આપની. શિવ નામ, મુબારક. કૃષ્ણ નામ, મુબારક. બુદ્ધનું નામ, મુબારક. નમો અરિહંતાણમ, મુબારક. મા દુર્ગા, મુબારક જેમાં આપની રુચિ હોય એ નામ લો. પરંતુ રામ છે સૌનું સમન્વિત રૂપ. નામ તો ભગવાન રામનું જ સાહેબ ! તો પ્રભુનું નામ, હરી નામ, આપ જે નામ લો, કંઈ વાંધો નથી. આપ સ્વતંત્ર છો, પરંતુ નામ જપો.

વ્યાસજીની સામે પ્રશ્ન પણ ઉઠાવવામાં આવ્યો છે કે મંદિરો જેટલાં જરૂરી હોય એથી વધુ ન બનાવીએ? કહે, નહિ, કારણ મંદિરો તોડવામાં આવશે, મૂર્તિઓની ચોરી થશે. વ્યાસજીને કોઈએ પૂછ્યું કે તો પછી કોઈ મંદિર નહિ બનાવવું? કહે, એક મંદિર બનાવજો. ક્યાં બનવવાનું? જમીન પર? નહિ, વ્યાસજીનો જવાબ છે. એક મંદિર સૌએ બનાવવું, ન કોઈ તોડી શકશે, ન કોઈ ચોર ચોરી કરી શકશે, ન કોઈ ખર્ચો લાગશે, ન ભૂમિપૂજન, ન ધ્વજારોહણ, ન કોઈ પ્રતિષ્ઠા,ન કોઈ પૂજાપાઠ, ન કોઈ ક્રિયાયોગ, ન કોઈ પરંપરા, કંઈ કરવાનું નહિ. તો પછી મંદિર વૃંદાવનમાં બનાવીએ ? નહિ. બદરીનાથમાં બનાવીએ? હરગિજ નહિ. તમારા ગામમાં ન હોય તો નવું બનાવો, જર્જરિત હોય તો જીર્ણોદ્ધાર કરો, ઠીક છે. તો પૂછ્યું કે કાશીમાં બનાવીએ ? બિલકુલ નહિ. અયોધ્યામાં બનાવીએ? નહિ. વ્રજમાં બનાવીએ? કહે,નહિ.

એક મંદિર બનાવો, ભૂમિથલ પર નહિ, તમારી જીભ પર બનાવો. કૃષ્ણનામનું મંદિર બનાવો. ન કોઈ તોડશે, ન કોઈ મૂર્તિને લૂંટી જશે. જીભ ઉપર કૃષ્ણના નામનું મંદિર થઈ જાય. નામનો ખૂબ મહિમા છે. કૃષ્ણ તો પાછળ રહે છે. સારી વાત છે કે પાછળ રહે છે. એ સારો માણસ છે કે ઓછામાં ઓછું પાછળ તો રહે છે, પણ નામ તો આગળ રહે છે. હનુમાનજી સુરસાના મુખમાં જાય છે તો મુખાગ્રે રામનામ છે.

**प्रभु मुद्रिका मेली मुख माहीं।**
**जलधि लांघे गए अचरज नाहीं ।।**

રામનામને મુખના અગ્રભાગમાં રાખો. ફાયદો એ થશે કે અઘાસુરને તો કૃષ્ણે મોટા થઈને મારી નાખ્યો, સુરસાને હનુમાનજીએ મારી ન નાખી,રામનામના પ્રતાપથી સુરસાના મુખમાંથી હનુમાનજી સુક્ષ્મ થઈને નીકળી ગયા. ન સુરસા મરી, ન હનુમાનજીને કંઈ થયું, એ નામ-મહારાજનો મહિમા છે.

જ્યારે નામનો આશ્રય વ્યક્તિ લે છે તો એને સપનામાંય ચિંતા નથી થતી. ચિંતા હરિ કરે છે, કારણ નામની મસ્તીમાં મસ્ત રહે છે. એજ સાચું આત્મસુખ,પરમસુખ છે. વ્યાસજીએ કલિયુગનું વર્ણન કરતાં દુ:ખ વ્યક્ત કર્યું. વ્યાસજીએ કહી દીધું કે કલિયુગમાં ઘરે ઘરે પુસ્તકોના બહુ મોટા ભાર થઇ જશે. પુસ્તકો બહુ હશે પરંતુ એનો સાર જે હરિનામ છે એ નથી રહેતો. આજના અભ્યાસમાં પણ જુઓ, બાળકો ભરાઈ જાય છે, ઝૂકી જાય છે પુસ્તકોના ભારથી. આમ, વ્યાસની વાણી સિદ્ધ થઈ રહી છે. ઘેર ઘેર પુસ્તકોના ઢગલા થઈ ગયા. નગરમાં પંડિતોનાં જૂથો હશે. બધા ભણેલાગણેલા પંડિતો જ હશે. અમે પણ જાણીએ છીએ,આમ નગર નગરમાં પંડિતોનાં જૂથો હશે અને આશ્રમે આશ્રમે તપસ્વીઓ હશે. અમે યોગીઓ છીએ, અમે ફલાણા છીએ,અમે આમ કરીએ છીએ,અમે સિદ્ધ છીએ. મઠે મઠે તાપસનાં વૃંદો હશે; પરંતુ બ્રહ્મવેત્તા અને પોતાના સ્વધર્મમાં યુક્ત રહી કર્મ કરવાવાળા નહિ હોય. એટલે કે સાર નહિ પામશે. સાર તો મળશે જ્યારે હરિનામમાં સ્થિત થઈ જશે. ચૈતન્યની આખી પરંપરાનો એકમાત્ર સાર હતો, હરિનામ, હરિનામ. તુલસીદાસજી કહે છે, મને બીજી કોઈ વાત પર ભરોસો નથી, મારા જીવનની પ્રગતિનો કોઈ રાજ હોય, મારા વિશ્વાસનું કોઈ કેન્દ્ર હોય તો તે એકમાત્ર હરિનામ છે.

મધુસૂદન સરસ્વતીચંદ્ર આચાર્યનું સૂત્ર છે, જ્યારે કોઈ કામ ન હોય અને ઊંઘ ન આવતી હોય, બધું કરી લીધું હોય,અને પછી સમય બચે તો એમાં હરિ ભજો. તમે જે કાર્યોમાં તમારો સમય વિતાવવા માગતા હો એ અવશ્ય વિતાવો બાળકો સાથે, મિત્રો સાથે,પરિવાર સાથે, ઓફિસમાં, ખેતરમાં બધી જગ્યાએ વિતાવો. કોઈ નાટક જુઓ, ચલચિત્ર જુઓ, આનંદ કરી લો, મુશાયરામાં જાઓ, જે કરવું હોય તે કરી લો. સૂઈ લો,ખાઈ લો,વોક કરી લો,પરંતુ ત્યાર પછી પણ કંઇ કરવું બાકી ન હોય અને તમારી પાસે સમય હોય તો, હું એક સાધુને નાતે પ્રાર્થના કરું કે એ સમયે હરિભજન કરી લો. એવો ભાવ ઊઠે ત્યારે સમજવું કે મારો રજોગુણ ઓછો થઈ રહ્યો છે. સમય મળતાં જ ઠાકુરનું સ્મરણ કરો. તમાર મનમાં જે નામ આવે, જેની ઈચ્છા થાય એનું સ્મરણ કરો. ઠાકુર રામકૃષ્ણ શું કહેતા હતા? 'મા,મા,મા,મા.' ચૈતન્ય શું કહેતાં હતા? 'હરિ બોલ,હરિ બોલ.' કોઈ પરમની યાદમાં શાંતિથી બેસો, કેમ કે એવું પાંચ મિનિટનું સ્મરણ આખા દિવસની થકાવટ ખતમ કરી દેશે. યુવાન ભાઈ-બહેનો, રાતે જ્યારે પણ આપણે થોડો સમસ્ય મળે ત્યારે પ્રભુનું નામ લઇ સૂઈ જાઓ. આપે એકવીસ હજાર નામ જપવાની જરૂર નથી. એકસો આઠ મણકાની માળા કરો તો બહુ સારી વાત છે. બેરખો રાખો તો સારી વાત છે. કોઈ પણ રીતે જપ કરો. દાદાજી બેરખાનો અર્થ કરતાં કહેતા હતા કે તું જો અઢાર મણકાનો બેરખો ફેરવીશ તો અઢાર પુરાણની બધી વાતો સમયસર તારી સ્મૃતિમાં આવી જશે. તો, જપમાળાથી, બેરખાથી અથવા તો આંગળી પર આપ નામ જપો કે પછી એમ જ જપો.પ્રભુનું નામ લો, બસ. નામ જ સહારો છે. ગોસ્વામીજી કહે છે, ભાવથી નામ લો; ભાવ ન હો તો પણ લો. આક્રોશથી લો,આળસથી લો,પરંતુ નામનો આશ્રય કરશો તો દસેય દિશાઓમાં મંગલ થશે.નામ અંતિમ વિશ્રામ છે.

- સંકલનઃ જયદેવ માંકડ ■

## માયા એટલે મનનો વિસ્તાર

મનન
હેમંત વાળા
feedback@bombaysamachar.com



સનાતની સંસ્કૃતિમાં 'માયા'ની અવધારણા અદ્ભુત છે. આત્માની ધારણા થકી જેમ આધ્યાત્મના ઘણા પ્રશ્નોનો જવાબ મળી રહે છે તેમ માયાની અવધારણા માટે પણ કહી શકાય. ઘણી બાબતો એવી હોય છે કે જેની અવધારણા વિના ચિંતન, વિચારશીલતા ક્યાંક અટકી પડે. આ પ્રકારનો અવરોધ વિચાર પ્રક્રિયાને અટકાવી દે. એક સમયે એવો આવે કે કોઈ નવી સંભાવના વિશે વિચારવાની, નવાં 'શબ્દ'ની આવશ્યકતા રહે, જેને કારણે વિચારની પ્રક્રિયામાં આવેલી અડચણ દૂર થાય. સામાન્ય રીતે આવી અવધારણા બહુપ્રતિભાલક્ષી - બહુઆયામી હોય અને તેથી તેની સમજૂતી મર્યાદિત શબ્દોથી આપી ન શકાય. આ પ્રકારની અવધારણામાં જટિલ, અસ્પષ્ટ લાગે તેવી અને બહુપરિમાણીય પરિસ્થિતિનો સમાવેશ થાય તે સ્વાભાવિક છે. આવા સમયે એક 'શબ્દ' સ્થાપિત કરવામાં આવે જે આ બધાં પ્રશ્નોના નિવારણ સમાન હોય. આવી જ એક ઘટના એટલે આધ્યાત્મના ક્ષેત્રમાં 'માયા'નું નિર્ધારણ. ક્યારેક માયાને અવિદ્યા રૂપે, ક્યારેક ભ્રમ રૂપે, ક્યારેક 'અન્યથા' અવાસ્તવિકતા રૂપે, ક્યારેક કલ્પનાના વિસ્તાર રૂપે, ક્યારેક અજ્ઞાનતાની સાક્ષી રૂપે તો ક્યારેક પ્રપંચ રૂપે દર્શાવવામાં આવે છે.

માયા શબ્દના અર્થમાં, એક દ્રષ્ટિકોણ મુજબ, 'મા' એટલે મર્યાદિત હોય તેવી પરિસ્થિતિનું માપન, અને યા એટલે એ અસ્તિત્વ જે શક્તિ સ્વરૂપે તેની પ્રતીતિ કરાવે. માયા એટલે જે મર્યાદિત છે, જે અનિત્ય છે, જે સત્યથી વિપરીત છે, જે ભ્રમણા છે, તે પ્રકારની ઘટનાની સમજ-શક્તિ. બીજા અર્થમાં કહીએ તો જે સનાતન, નિત્ય, અમર્યાદિત, પરમ સત્ય સ્વરૂપ બ્રહ્મ નથી, તે માયાનું સ્વરૂપ છે. અનિત્યતા, આવરણ, ભ્રમ, અજ્ઞાન, માનસિક પરિકલ્પના, વિપરીતતા, પ્રપંચ, અંધકાર, અવિદ્યા, વિકલ્પનાત્મક સંકલ્પ જેવાં વિશેષણથી માયાને સમજવાનો પ્રયત્ન થઈ શકે. જોકે માયાની સમજ એટલી સરળ નથી કારણ કે સ્વયં માયા-જાળમાં ફસાયેલ વ્યક્તિ માટે માયાની સમજ અતિ મુશ્કેલ બની રહે. જે 'બંધક' છે તે સંપૂર્ણતામાં બંધન તથા તેનાં કારણ વિશે તાગ ન મેળવી શકે.

સાંખ્યદર્શનમાં માયા શબ્દનો સીધો પ્રયોગ જોવાં નથી મળતો. અહીં જે પુરુષ અને પ્રકૃતિનાં દ્વૈત સિદ્ધાંતની વાત છે એમાં પ્રકૃતિને માયા સાથે સરખાવી શકાય. આ પ્રકૃતિને કારણે જગત અને તેનાં વિવિધ પરિમાણો સ્થાપિત થયાં છે. અહીં જગતને ભ્રાંતિ તરીકે નહીં, પરંતુ વાસ્તવિક માનવામાં આવે છે. પરંતુ અહીં આ વાસ્તવિક જગતને પણ માયા સમાન બંધન ગણવામાં આવે છે. પુરુષ અને પ્રકૃતિનો ભેદ જાણવાની અસમર્થતા એટલે જ અવિદ્યા કે માયાનો પ્રભાવ. પતંજલિ યોગસૂત્ર અનુસાર પણ જગત માયા નથી પરંતુ ક્લેશ, દ્વેષ, અજ્ઞાન, અપવિત્રતા, મોહ, સ્મૃતિ, વાસના, અહંકાર, કર્તૃત્વ તથા અજ્ઞાન જેવા ભાવથી આચ્છાદિત રહેતી વાસ્તવિકતા છે. અહીં અવિદ્યાને જગતના ભ્રમનું મૂળ કહેવામાં આવ્યું છે. અહીં જણાવાયું છે કે નિત્યને અનિત્ય, અશુદ્ધને શુદ્ધ, દુઃખને સુખ તથા અનાત્મને આત્મા સમજવું એટલે જ અવિદ્યા, એ જ માયા, એ જ ભ્રમ. ન્યાય દર્શનમાં દોરડામાં ભાસિત થતાં સર્પને અન્યથા-ખ્યાતિ કે અન્યથા-જ્ઞાનને ભ્રમ કહી શકાય. વૈશેષિક દર્શનમાં ભૂતકાળની સ્મૃતિથી ઉપજેલ કલ્પનાને વિપર્યય અથવા ભ્રમ કહી શકાય. મીમાંસા દર્શન મુખ્યત્વે ધર્મ, યજ્ઞ-હવન અને ક્રિયાકાંડ કેન્દ્રિત હોવાથી તેમની ધારણા પ્રમાણે જગત સત્ય છે. અહીં માયાની કલ્પના નથી પરંતુ કોઈક કોઈક અદશ્ય-કારણની વાત અહીં પણ ધ્યાનમાં આવે છે. વેદાંત દર્શનમાં માયાનો સ્પષ્ટ, ગહન તેમજ અર્થપૂર્ણ ઉલ્લેખ જોવાં મળે છે. અહીં બ્રહ્મની અજ્ઞાનશક્તિને માયા ગણાય છે. આ માયા અનિર્વચનીય છે અને તેની ન તો સત્યમાં કે ન તો અસત્યમાં ગણના સંભવ હોય છે. એકંદરે એમ કહી શકાય કે મનના આવરણ રૂપ 'માયા'નો ઉલ્લેખ વેદાંતમાં સ્પષ્ટ રીતે જોવાં મળે છે, અન્ય સ્થાને તેને અવિદ્યા, ભ્રમ, અન્યથા-ખ્યાતિ, પ્રકૃતિની ક્રિયા વગેરે રૂપે સ્થાપિત કરાય છે.


માયાને જે નામ આપવામાં આવે કે માયાનું જે સ્વરૂપ સ્વીકારવામાં આવે, અંતે તો તે મનનો વિસ્તાર છે, મનની પ્રકૃતિનું પરિણામ છે, મનનો વ્યભિચાર છે. મનના આ વિસ્તારને કારણે જગત સત્ય વર્તાય છે, અનિત્યમાં નિત્યની પ્રતીતિ થાય છે, અવિદ્યા અને અજ્ઞાન અર્થપૂર્ણ જણાય છે, જે દુઃખદાયી છે તે રસિક જણાય છે, 'હું અને મારું'નો ભાવ પ્રબળ થતો જાય છે અને વ્યક્તિ કામનાગ્રસ્ત થઈ ઇચ્છિત પામવા પુરુષાર્થ કરે છે. આ બધી બાબતો અંતે તો બંધનનું નિમિત્ત બને છે. આ પરિસ્થિતિમાં વ્યક્તિ પોતાના સ્વ-સ્વરૂપને આત્મ-સ્વરૂપને ભૂલીને નાશવંત બાબતોને જ પોતાનું અસ્તિત્વ સમજી બેસે છે. આ બધો મનનો ખેલ છે, મનનો વિસ્તાર છે.

મન એ માયાનું મુખ્ય સાધન પણ છે અને આધાર પણ છે. માયાની આવરણ-શક્તિ મન પર અજ્ઞાનનો પડદો પાથરી દે છે. વિક્ષેપિત મનને પછી સત્ય દેખાતું નથી. યથાર્થ જ્ઞાન દ્વારા મનને શુદ્ધ કરવાથી, અભ્યાસ અને વૈરાગ્યથી, આકર્ષણ અને પ્રલોભનોથી મુક્ત રહેવાથી, સંયમ અને વિવેકથી, ગુણાતીત કે સ્થિતપ્રજ્ઞતાની સ્થિતિમાં રહેવાથી, સાધના તથા ધ્યાન યોગ દ્વારા સત્યને પ્રાપ્ત કરવાથી, સાક્ષીભાવ જાળવી રાખી અસંગી બનવાથી, માત્ર પરમ-સત્ય તેમ જ પરમ-આનંદ વિશેનું જ ચિંતન કરવાથી, નિત્ય-અનિત્યનો તથા શ્રેય-પ્રેયનો તફાવત સમજવાથી, ઇન્દ્રિયોને બહિર્ગામી થતી રોકી અંતરનો પ્રવાસ શરૂ કરવાથી તથા ઉત્કૃષ્ટ ભક્તિ દ્વારા ઈશ્વરની શરણાગતિ સ્વીકારવાથી માયાને અવધારણાનો છેદ ઊડી શકે અને બ્રહ્મ જ એકમાત્ર પરમસત્ય છે તેવી અનુભૂતિ થઈ શકે.

મનની સ્થિરતા જરૂરી છે. મનના વ્યાપને નિયંત્રણ કરવું પડે. મન પર બુદ્ધિની લગામ આવશ્યક છે. મનનાં પ્રત્યેક તરંગ શાંત થાય તે ઇચ્છનીય છે. મન અંતે મનમાં જ લય પામે તે માટેનાં પુરુષાર્થનો પ્રારંભ કરવો પડે. મનને બંધનનું મુખ્ય કારણ સમજી ક્રમશઃ તેનો વિસ્તાર ઘટાડી તેને ક્ષીણ કરવાની આવશ્યકતા છે. ■

## કામધેનુની શક્તિઓનો જો કોઈ દુરુપયોગ કરે તો અનર્થ થઈ જશે...

શિવ રહસ્ય
ભરત પટેલ
feedback@bombaysamachar.com



રાજા આર્યવર્તન મહામંત્રી મણિકાને કહે છે, રાજ્યની અશ્વ શાળાને દસ સહસ્ત્ર અશ્વની જરૂરત છે, તમારો પશુપ્રેમ તો જગવિખ્યાત છે, એટલે આ દસ સહસ્ત્ર અશ્વ ખરીદવાની જવાબદારી હું તમને આપું છું. મહામંત્રી મણિકાને રસાલા સાથે અશ્વોની ખરીદી કરવા જતાં જોઈ એક યાત્રાળુ તેમની પાસે જાય છે અને કહે છે, તમારે જો દસ સહસ્ત્ર અશ્વ ખરીદવા હોય તો તમને એક માણસ અવશ્ય મદદ કરી શકે. એમને બધા પશુપૂજક કહે છે. અદ્ભુત વ્યક્તિત્વ, તેઓ માંદાં પશુઓની સેવા કરે, તેમની પૂજા કરે, તેમના સંરક્ષણની વાતો કરે અને તેને અમલમાં પણ મૂકે. તેમની સૌથી અદ્ભુત વાત તો એ છે કે તેઓ પશુઓની ભાષા સમજે છે અને પશુઓ પણ તેમની ભાષા સમજે છે. સીધા માર્ગે જશો તો રાત્રી સુધીમાં તેમની પાસે પહોંચી જશો.' મહામંત્રી મણિકાનો રસાલો રાત્રીના સમયે એ પશુપૂજકના આશ્રમ પર પહોંચે છે ત્યાં એ પશુપૂજક પશુઓની ગરીમા વિશે સવિસ્તાર સમજણ આપતાં હોય છે. મહામંત્રી મણિકા તેમને કહે છે, 'હે મહાપુરુષ! તમારા આ શબ્દો સાંભળી સંતોષ થયો. આ પ્રકારના વિચારોને સમર્થન આપવાવાળો ફક્ત હું જ નથી, સાથે તમે પણ છો. તમારો એક એક શબ્દ મારા સિદ્ધાંતોને સમર્થન આપી રહ્યા હતાં. હું જે વાત કોઈને સમજાવી ન શક્યો તે વાત તમે કેટલી સરળતાથી બધાને સમજાવી દીધી. હે મહાપુરુષ મારી એક શંકા દૂર કરી મને માર્ગદર્શન કરશો?' આટલું સાંભળતાં જ પશુપૂજક તેના હાથમાં રમાડી રહેલા શ્વાનના બચ્ચાંને દૂર મૂકી આવે છે. પણ, થોડી જ ક્ષણમાં એ શ્વાનનું બચ્ચું ફરી એ પશુપૂજક પાસે આવીને ઊભી રહે છે. પશુપૂજક કહે છેઃ 'હું તને બહુ દૂર છોડી આવ્યો હતો, તને ફરી પાછા મારી પાસે આવવા પણ નહોતું કીધું, પણ તેને એ ગંતવ્ય પસંદ છે જ્યાં પ્રસન્નતા અને સંતોષની અનુભૂતિ થતી હોય છે.'

બીજી તરફ સ્વર્ગલોક ખાતે અસુરોએ કામધેનુનું અપહરણ કર્યું હોય છે. કામધેનુ અસુરોના ચુંગાલમાંથી છૂટી ફરતા સ્વર્ગલોક આવે છે. દેવરાજ કામધેનુને પૂછે છે કે તમે ક્યાં ચાલી ગયા હતા.' ક્રોધિત કામધેનું કહે છે, 'દેવરાજ મારી સુરક્ષાની જવાબદારી તમારી છે, અસુરોએ સ્વર્ગલોક પર આક્રમણ કર્યું ત્યારે તમે ક્યા હતા, તેઓ મને પોતાની સાથે લઈ ગયા અને ખૂબ પીડા આપી છે.' એજ સમયે દેવગુરુ બૃહસ્પતિ કહે છે, 'દેવરાજ કામધેનુ તો પરત ફરી છે, પણ હવે તમે ચિંતા કરો કે સૂર્યદેવ, ચંદ્રદેવ, અગ્નિદેવ, પવનદેવ અને વરુણદેવ ક્યાં છે?'

પોતાના અપમાનથી દુઃખી કામધેનુ સ્વર્ગલોક ત્યાગવાનો નિશ્ચય કરે છે અને ત્યાંથી ચાલી જાય છે.

***

બીજી તરફ પશુપૂજક મહામંત્રી મણિકાને પૂછે છે કે, તમે કંઈ પ્રશ્ન પૂછવાના હતા.

મહામંત્રી મણિકાઃ 'હે મહામાનવ, વગર પ્રશ્ન પૂછ્યે જ તમે જવાબ આપી દીધો, મારું આવવાનું કારણ સ્પષ્ટ થઈ ગયું છે. હું ઘણા સમયથી ગુરુને શોધી રહ્યો હતો, જે આજે મળી ગયા.'

પશુપૂજકઃ 'હું સામાન્ય માનવ છું, કોઈનો ગુરુ નથી.'

મહામંત્રી મણિકાઃ 'પણ મેં તમને મારા ગુરુ માની લીધા છે. હું રાજા આર્યવર્તનનો મહામંત્રી મણિકા છું, મારા રાજાએ મને દસ સહસ્ત્ર અશ્વ ખરીદવાની જવાબદારી સોંપી છે. તેમનું કહેવું છે કે સેનાની જરૂરત છે, પણ મને ખબર છે સેના જ નહીં આમાંના મોટી સંખ્યામાં અશ્વો યજ્ઞમાં બલી ચઢી જશે, આ જ ધર્મસંકટમાં હતો અને અહીંથી જઈ રહ્યો હતો. મને કોઈ ઉપાય બતાવે કે જેથી હું મારા રાજાને સમજાવી શકું કે તમે પશુ હત્યા અને પશુ અત્યાચારનો વિચાર ત્યાગી દો.'

***

એક તરફ કામધેનુ સ્વર્ગલોકનો ત્યાગ કરી ચાલી ગઇ છે એ વાતની જાણ સપ્તઋષિઓને થાય છે.

તેઓ દેવરાજ ઇન્દ્રને મળવા સ્વર્ગલોક પહોંચે છે.

સપ્તર્ષિઃ 'દેવરાજ ઇન્દ્ર તમે સંસારના કલ્યાણ માટે કામધેનુને સ્વર્ગલોક લઈ ગયા હતા, પણ અમને ખબર પડી છે કે કામધેનુ સ્વર્ગમાં નથી. ક્યાં ગઈ કામધેનુ.'

દેવરાજ ઇન્દ્રઃ 'સપ્તઋષિ! તમે ચિંતા ન કરો, કામધેનુ તુરંત આવી જશે, મારા સૈનિકો શોધી જ રહ્યાં છે.'

સપ્તર્ષિઃ 'દેવરાજ ઇન્દ્ર તમે આટલા બેદરકાર કઈ રીતે થઈ શકો? કામધેનુ ક્યાં છે એ તમને ખબર નથી, કામધેનુની સુરક્ષાની જવાબદારી તમે લીધી હતી.'

દેવરાજ ઇન્દ્રઃ 'જવાબદારી તો મેં લીધી જ હતી, કોઈ કષ્ટ કે તકલીફ એને અહીં નહોતા, અસુરોએ સ્વર્ગલોક પર એટલો કાળો કેર વર્તાવ્યો કે કામધેનુ એટલી દુઃખી થઈ કે એણે સ્વર્ગનો ત્યાગ કર્યો, એમાં દેવતાઓનો કોઈ હાથ નથી. અમે દેવતાઓ એટલા પિડાયા તો કામધેનુ તો પશુ છે.'

સપ્તર્ષિઃ 'દેવરાજ ઇન્દ્ર કામધેનુ માતા સ્વરૂપી છે તેને પશુ કહી તેમની દિવ્યતાનું અપમાન ન કરો.'

દેવરાજ ઇન્દ્રઃ 'ક્ષમા આપો સપ્તઋષિ, કહેવાનો અર્થ એ હતો કે અસુરો દ્વારા થયેલા હુમલાથી હું એટલો વ્યાકુળ છું કે હું શું બોલું છું એની જાણ મને રહેતી નથી, કામધેનુનું અપમાન કરવાનો મારો કોઈ ઈરાદો નથી, પણ હું તમને આશ્વાસન આપું છું કે તમારી કામધેનુ અવશ્ય પાછી આપીશ.'

સપ્તર્ષિઃ 'દેવરાજ કામધેનુ પાછી ક્યારે આપશો એ ચિંતાનો વિષય નથી, પણ ચિંતાનો વિષય એ છે કે કામધેનુ કોઈ એવી વ્યક્તિને મળી જાય જે એની શક્તિઓનો દુરુપયોગ કરે તો અનર્થ થઈ જશે. ભગવાન શ્રીહરિ વિષ્ણુએ કામધેનુ અમને ઋષિઓને સોંપી હતી, તેમને શું જવાબ આપવો.'

દેવરાજ ઇન્દ્રઃ 'મને ખબર છે! આપ અહીં સ્વર્ગલોકમાં વિશ્રામ કરો, અમે દેવતાઓ કામધેનુને શોધીને લઇ આવીએ એવું હું તમને વચન આપું છું.'

આટલું કહી દેવરાજ ઇન્દ્ર અન્ય દેવગણ સાથે કામધેનુને શોધવા નીકળી પડે છે. ઘણી જગ્યાએ શોધ્યા બાદ પણ કામધેનુ ન મળતાં દેવરાજ ઇન્દ્ર અને દેવતાગણ ત્રસ્ત થઈ જાય છે.

દેવરાજ ઇન્દ્રઃ 'દેવતાગણ હવે શું કરી શકાય? ભગવાન શ્રીહરિ વિષ્ણુએ જ કામધેનુને સપ્તર્ષિને આપી હતી, હવે તેમની પાસે કઈ રીતે જવાય. હા એક યુક્તિ છે, આપણે પરમપિતા બ્રહ્માજી પાસે જવું જોઈએ.'

થાકી હારેલા દેવતાગણ બ્રહ્મલોક પહોંચે છે.

દેવરાજ ઇન્દ્રઃ 'પરમપિતા બ્રહ્માજીની જય હો!'

માતા સરસ્વતીઃ 'દેવરાજ અહીં બ્રહ્મલોકમાં કહો શું સમસ્યા છે?'

દેવરાજ ઇન્દ્રઃ 'માતા તમને કઈ રીતે ખબર પડી કે કોઈ સમસ્યા છે?'

માતા સરસ્વતીઃ 'સમસ્યા વગર દેવરાજ પોતાના રસાલા સાથે અહીં બ્રહ્મલોક પધારે ખરા?'

દેવરાજ ઇન્દ્રઃ 'પરમપિતા તમને તો ખબર જ હશે કે થોડા દિવસ પહેલાં અસુરોએ સ્વર્ગલોક પર આક્રમણ કર્યું હતું ત્યારે મારી જાણબહાર તેઓ કામધેનુને પોતાની સાથે લઈ ગયા હતા અને હવે કામધેનુ ક્રોધિત થઈ સ્વર્ગલોકને ત્યાગી ક્યાંક જતાં રહ્યાં છે, પરમપિતા તમે જ અમને સહાય કરી શકો.'

(ક્રમશઃ)■

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@ bombaysamachar.com

# જ્ઞાની રે ધ્યાની તમે જુઓને વિચારી રે...



આપણી ભારતીય પરંપરામાં પ્રાચીન સમયના વિચારકો ઋષિ-મુનિઓએ ‘જ્ઞાન’ શબ્દ વિશે ખૂબ ઊંડાણથી ચિંતન કર્યું છે. ‘જ્ઞાન’ એટલે જાણકારી કે જાણવું, સમજણ, પ્રતીતિ, માહિતી, જીવ; જગત; માયા; બ્રહ્મ કે પરમતત્ત્વ વિશેનો સાચો ખ્યાલ, નિર્ણયાત્મક સ્થિતિ, સમજ-શક્તિ. ‘જ્ઞાન’ની અનેક શાખાઓ છે. જેમાં મુખ્ય બે છે - એમાં પ્રથમ આવે સ્થૂલ- લૌકિક જ્ઞાન. શરીરની પાંચે કર્મેન્દ્રિય અને પાંચે જ્ઞાનેન્દ્રિયો દ્વારા થતા જગતના પદાર્થોના બોધને આપણે ‘જ્ઞાન’ શબ્દથી ઓળખાવીએ છીએ. શબ્દ, સ્પર્શ, રૂપ,રસ,ગંધથી આપણને જે અનુભવ થાય છે તે છે લૌકિક જ્ઞાન. એ જ્ઞાન જ્યારે જીવનમાં પ્રયોગાત્મક ભૂમિકાએ પ્રયોજાય ત્યારે એ ‘વિજ્ઞાન’- વિશેષ જ્ઞાન બની જાય.

બીજું જ્ઞાન તે અલૌકિક કે દાર્શનિક દિવ્ય જ્ઞાન. જેને શાસ્ત્રજ્ઞાન, આત્મજ્ઞાન, અંતર્જ્ઞાન, બ્રહ્મજ્ઞાન, સમ્યક્જ્ઞાન, યથાર્થ જ્ઞાન, મોક્ષ જ્ઞાન, પ્રત્યક્ષ જ્ઞાન, પરોક્ષજ્ઞાન, ગુરુગમ જ્ઞાન, સવિકલ્પ કે નિર્વિકલ્પ જ્ઞાન જેવા શબ્દોથી ઓળખાવવામાં આવે છે. જ્ઞાની માણસ માટે આપણે બુદ્ધિવાન, પ્રજ્ઞાવાન, જ્ઞાનવાન જેવા શબ્દોનો પ્રયોગ કરીએ છીએ. પ્રાચીન ભારતીય શિક્ષાપ્રણાલી જીવનનો સર્વાંગી વિચાર કરીને -જ્ઞાનધારાના વિકાસ માટે ઘડાયેલી હતી. એ શિક્ષણનો અભ્યાસક્રમ અધ્યાત્મજ્ઞાનને કેન્દ્રમાં રાખીને તૈયાર કરવામાં આવેલો. એમાં વિજ્ઞાન- એટલે કે વિશેષ જ્ઞાન,પ્રયોગાત્મક પ્રત્યક્ષ જ્ઞાન કે વ્યવહારૂ જ્ઞાનનો પણ સમાવેશ હતો.

શિક્ષણ દ્વારા શારીરિક, માનસિક, આર્થિક, ભાવનાત્મક-સામાજિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક શક્તિઓનો વિકાસ થાય એવી નેમ રાખવામાં આવેલી. આવું જ્ઞાન મળે કઈ રીતે ? (૧) પોતાના સ્વયં અનુભવથી... સ્વાનુભવથી. (૨) કોઈ ઉત્તમ માર્ગદર્શક કે ગુરુ દ્વારા. (૩) પોતાના દ્વારા શાસ્ત્રગ્રંથોના અભ્યાસથી. (૪)સાધના દ્વારા- અંતર્યાત્રા કરવાથી- અધ્યાત્મજ્ઞાન-આત્મજ્ઞાન મળે.

‘જ્ઞાન’ કે ‘વિદ્યા’ શબ્દનો આજે આપણે બહુ સંકુચિત અર્થ કરીએ છીએ. પણ ત્યાં સુધી પહોંચવાનાં આઠ પગથિયાં છે. માહિતિ, કેળવણી, શિક્ષણ, અભ્યાસ (તાલીમ-સતત આવર્તન),જ્ઞાન, સ્વાધ્યાય, વિજ્ઞાન અને છેલ્લે આવે વિદ્યા. બાળકને માટે માતા,પિતા,પરિવાર, વાતાવરણ, ભાષા વગેરેની સ્થૂળ માહિતી મેળવ્યા પછીનું બીજું પગથિયું છે કેળવણી. માતા બાળકને કેળવે, સમાજને જોઈને મનુષ્ય કેળવાય. પછી આવે શિક્ષણ. શિક્ષણ શબ્દ શીખ શીખવું પરથી ઊતરી આવ્યો છે. શિખા બાંધીને ગુરુકૂળોમાં બાળક જીવતરની અનેક વિદ્યાઓનું શિક્ષણ મેળવે એ પછી એનો અભ્યાસ કરે એટલે સતત રિયાજ-આવર્તનથી એની સમજણ ઘડાતી જાય, એનાથી મળે જે તે વિષયનું જ્ઞાન. એની પણ તાલીમ લેવી પડે અને એ તાલીમને પોતાના જીવનમાં પ્રયોગાત્મક રીતે ઉતારવામાં આવે એ થયું વિજ્ઞાન. એ વિશેષ જ્ઞાન જ્યારે સિદ્ધ થાય ત્યારે જ એને કહેવાય વિદ્યા. જે આપણને મુક્તિ અપાવી શકે.

આ વિદ્યાની પણ બે શાખાઓ- પરા વિદ્યા અને અપરા વિદ્યા. શુદ્ધ સાત્ત્વિક સૌમ્ય, નિષ્કામ અને પવિત્ર હોય તે પરા વિદ્યા અને સકામ, મલિન, તામસી, સ્વાર્થી, શોષણ કરનારી વિદ્યા કે જેને આપણે સાંસારિક જ્ઞાન કહીએ છીએ તે અપરા વિદ્યા. પરા વિદ્યા પ્રાપ્ત થાય કોઈ સિદ્ધ, કોઈ સંત, કોઈ જાગૃત બ્રહ્મનિષ્ઠ બુદ્ધપુરુષ સમા સદ્ગુરુ પાસેથી. એટલે તો આપણા સાધકો અને સંતો - ભક્તોમાં સૌથી પહેલાં ગુરુની ખોજ કરીને એમણે શરણે જવાની રસમ ચાલી આવે છે. એ સાધનાની પહેલી સીડી એ જ છે. ગુરુની પ્રાપ્તિ.

જ્ઞાનનો આરંભ શિક્ષણ-કેળવણીથી થાય છે. જેનાં મુખ્ય ત્રણ પાસાં છે- શ્રવણ, સ્મરણ અને મનન કે ચિંતન-નિદિધ્યાસન. બાળકને માતા તરફથી કેવી કેળવણી મળે? સૌથી પહેલાં તો બાળક પાસે માત્ર દર્શનેન્દ્રિય સક્રિય હોય છે. કુતૂહલભરી વિસ્મિત આંખે એ બધું જોયા કરે છે. ગર્ભાવસ્થાના બંધનયુક્ત એકાન્ત- અંધારાંને બદલે એ નવા પ્રકાશ અને નવા નવા અવાજોથી ટેવાય છે. બાળક અબુધ છે, પ્રબુદ્ધ નથી પણ શુદ્ધ છે. એના ચિત્ત પર કોઈપણ પ્રકારના માયાનાં આવરણો નથી ચડ્યાં. એ આંખથી અને કાનથી આ સૃષ્ટિનું જ્ઞાન મેળવતું રહે છે.

ભાષા કે શબ્દજ્ઞાન, ઉચ્ચારણ, સ્વર, માત્રા, લય, ધ્વનિશુદ્ધિ, વાક્વ્યવહાર, દૈનિક વ્યવહારોની સમજ- ખાવું, પીવું, બેસવું, ઊઠવું, ચાલવું, દોડવું. એમ બાળકને અનુભવથી પ્રત્યક્ષજ્ઞાન મળે. અગ્નિથી દાઝી જવાય એટલે એનાથી છેટાં રહેવું, ભૂખ લાગે એટલે ભોજન કરવું, તરસ લાગે એટલે પાણી પીવું, ઊંઘ આવે એટલે સૂઈ જવું, ટાઢ, તડકો, વરસાદ, કુદરતી આપત્તિથી શરીરને બચાવવું, નદીમાં તરવું, ખોરાક માટે શોધ કરવી...

જ્ઞાન એટલે માત્ર કંઠસ્થ કરેલી સામગ્રી જ નહીં. શ્રીમદ્ ભગવદ્ગીતાના બધા અઢારેય અધ્યાયના તમામ શ્લોક કંઠસ્થ હોય તે બ્રહ્મજ્ઞાની ન બની જાય. પ્રાચીન સમયમાં શિષ્ય માત્ર શ્રોતા જ નહોતો, પ્રશ્નકર્તા તો હતો જ સાથોસાથ સક્રિય સંશોધક પણ હતો, ગુરુની જીવનદષ્ટિને અપનાવીને એ માર્ગે ચાલનારો પ્રયોગશીલ વૈજ્ઞાનિક પણ હતો. આપણી પ્રાચીન જ્ઞાનપરંપરા સાહિત્યમાં કઈ રીતે આવી ? ખાસ કરીને પ્રાચીન સાહિત્યમાં તો જ્ઞાનના ભંડારો હતા, પણ એ જ્ઞાન સંસ્કૃત ભાષામાં હતું, એ પછી એનાં ભાષ્યો પ્રાકૃત અને અપભ્રંશ ભાષામાં અને ત્યારબાદ એ જ્ઞાનરાશિ દરેક પ્રાદેશિક ભાષામાં મધ્યકાલીન સર્જકો દ્વારા તરી આવી.

આ જ્ઞાનરાશિમાં ભાષાજ્ઞાન, વ્યવહારૂ સામાજિક જ્ઞાન અને અધ્યાત્મજ્ઞાન કે આત્મજ્ઞાન મુખ્ય હતાં. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના સમયમાં - પદ, ભજન, કીર્તન,આખ્યાન, ફાગુ, પવાડા, પદ્યવાર્તાઓ, ગીતાકાવ્યો, સંવાદકાવ્યો, પ્રશ્નોત્તરી, ગોષ્ઠિ, તિથિ, વાર, બારમાસી...જેવા અગણિત સ્વરૂપ અને પ્રકારોમાં આપણો પરંપરિત જ્ઞાનવારસો આપણી ભાષામાં સાચવવામાં આવ્યો છે. ■

દુહાની દુનિયા

ડૉ. બળવંત જાની
feedback@bombay

# મારો દેહધર્મ તો હવે મેહકુંવરને વરવાનો જ છે...

મેહ-ઉજળીની મૂળ કથા, છેક ઈ.સ.૧૯૧૫માં જગજીવન કા.પાઠકે ગુજરાતીના દીવાળી અંકમાં ને પાછળથી મકરધ્વજવંશી મહીપમાલા પુસ્તિકામાં મુદ્રિત કરેલી. જો કે એમાં બરડા ડુંગર નહીં પણ ઠાંગા ડુંગરામાં ઘટના સ્થળ દર્શાવાયેલ છે. પછીથી મેઘાણીએ સોરઠી ગીતકથાઓમાં જો કે આ બધી દુહામૂલક કથાઓને બેલેડ-કથાગીત તરીકેનું નામકરણ મને સમુચિત નથી જણાતું. આનું હકીકતે કથાગીત સ્વરૂપ એક પદ્યકથા જેવું છે. ઈ.સ.૧૯૩૧માં ત્યારબાદ સંવર્ધિત આવૃતિ ૧૯૭૯, ૧૯૯૩માં મેહ ઉજળીને દુહાબદ્ધ ગીતકથા તરીકે સંપાદિત કરી છે. પણ મને ઓકટોબર ૧૯૭૧ના ઊર્મિ નવરચનાના દીપોત્સવીના ખાસ નારી વિશેષાંકમાંના રતુદાન રોહડિયા, મણિભાઈ વોરાના લેખો અને જયમલ્લ પરમારના દુહો દશમો વેદ ગ્રંથમાંથી મૂળુભાઈ પાલિયા, જયમલ્લ પરમારના સંપાદિત દુહા અને કથાનક પણ પ્રાપ્ત થયા. પછીથી રતુદાન રોહડિયાના ગુજરાતના ચારણી સાહિત્યનો ઈતિહાસ, અંબાદાન રોહડિયાના અવગાહનમાંના ચારણ કવયિત્રીઓ : સત્ય, સમર્પણ અને સાહિત્યનો ત્રિવેણીસંગમ લેખનાં સંદર્ભોમાંથી પસાર થઈને ઉજળીકૃત દુહાઓ ઓથરશિપ અને ઓથેન્ટિસિટી - કર્તૃત્વ અને શ્રદ્ધેયતાની તપાસ માટેનાં ધોરણો દર્શાવતું એક શોધપત્ર તૈયાર કરેલું. એમાં મેહ અને ઉજળીની ખરી મૂળભૂત હકીકતવાળા કથાંતર્ગત પ્રસંગોને અનુસંગે ચારણી વળોટ અને વાતાવરણ સંદર્ભે કથાને સ્પર્શતા દુહાને મેં ત્રણ ચરણમાં વર્ગીકૃત કરીને ૩૦ દુહાઓ તારવેલા તેમાંના બીજા ચરણ-સોપાનના નવ દુહાઓને આસ્વાદીએ.

બરડાના નેસમાં યુવાન કુમારીકા ઉજળી પોતાનું સર્વસ્વ જેને સમર્પિત કરવા તત્પર છે એ રાજકુંવર મેહજી જાડેજા વડિલોની આમન્યા અને કૂળ સંસ્કારને કારણે ચારણ આઈ સાથે સંપર્ક ન રાખવા મજબૂર બને છે. આ અંગેની પોતાની પરિસ્થિતિને પાઠવતા મેહજીએ કહેલા દુહાઓ પણ પરંપરામાં પ્રચલિત છે. બે-એક અવલોકીએ.

**તમે છોરું ચારણ તણાં, લાજુ લાજુ લોપાય નૈ;**
**મન બગાડું અમે, (તો) આભપરો લાજે ઉજળી...(૧)**

પછી બીજા દુહામાં કહે છે,

**ચારણ એટલા દેવ, જોગમાયા કરી જાણીએ;**
**લોહીના ખપ્પર ખપે, (તો) બૂડે બરડાનો ધણી...(૨)**

આ દુહા વચનને આઈ ઉજળીએ સત્ય માન્યું-જણાતું નથી. ખૂબ રાહ જૂએ છે. એને ઊંડે-ઊંડે શ્રદ્ધા છે. મારા પિતાશ્રીએ મને કુંવરને સોંપેલી. મારો દેહધર્મ તો હવે મેહકુંવરને વરવાનો જ છે, એવું માની-ધારીને પોતે સ્વયં આભપરા નગરે જેઠવાની રાજધાની (ઘૂમલી) આવવા નીકળે છે. મેહજી જેઠવાને ગઢની રાંગેથી- દરવાજેથી સાદ પાડે છે, એમને (મેહજીને)મળવા, મોઢું બતાવવા આવ કહીને પોતાનો પરિચય પ્રારંભે દુહામાં બતાવે છે. એ આભપરેથી ઉજળી આઈએ કથેલા બીજા ચરણના નવ દુહા પણ ભારે ચોટદાર છે.

**અમરા કાજની હું ઉજળી, તું ભાણ જેઠવાનો મેહ;**
**જે દિના પોઢેલ સાથ રે, તે દિનો બાંધેલ નેહ...(૧૧)**



હું અમરા કાજા ચારણની ઉજળી નામની કન્યા, તું ભાણ જેઠવાનો કુંવર મેહ. બેભાન અવસ્થામાં જે દિવસે તને પડખામાં-સાથરે- રાખીને પોઢેલી, ત્યારથી તારા પરત્વે સાચો સ્નેહ મારામાં પ્રગટેલો- બંધાયેલો છે.

**આભપરે આવી ઉજળી, ચારણ્ય ભૂખી છઉં;**
**મારી મત મુંજાયેલ, જાઉ કિસે જેઠવા...(૧૨)**

હે મેહજી જેઠવા હું ઉજળી ચારણ્ય કન્યા ભૂખી-તરસી બરડા નેસથી આભપરે આવી છું. મારી મતિ-વિચારશક્તિ-મુંજાયેલ છે. હવે હું બીજે ક્યાં જાઉ.

**ઠાંગે રહેતી ઠેઠ, આઘે પણ ઓરે નહીં;**
**આવ્યું બરડા બેટ, પાંજર દાણેપાણીએ...(૧૩)**

હું ઠેઠ ઠાંગા વિસ્તાર-પાંચાળ-માં ખૂબ દૂર, જરા પણ નજીક નહીં એમ આઘે રહેતી હતી ત્યાંથી બરડા બેટ વિસ્તારમાં આપણાં લેણદેણને કારણે આ દેહ રૂપી પાંજરું તમ આંગણે પધાર્યું છે.

હકીકતે બન્નેના મિલનની ઘટના ચોમાસામાં બની પછી શિયાળામાં બે-ચાર વખત મેહજી જેઠવા રાજકુંવરનું નેસમાં આવવાનું-મળવાનું બન્યુ હોય. બાદમાં- પછીથી રાજકુળની આમન્યા, લોકમાનસ સંદર્ભો અને વડિલોનું માન રાખીને પછીથી મળવા આવવાનું બંધ કરીને-છાંડીને મૌન થયો, એ સમય ઉનાળાનો છે. અને ચોમાસાના આરંભ પૂર્વે તો ઉજળીઆઈ ઉનાળાના આકરા તાપમાં આભપરા આવવા નીકળી પડેલા. અર્થાત્ ચોમાસાની મેઘલી રાતના મિલન પછી, છૂટક-ત્રૂટક મુલાકાતોના ત્રણેક મહિનાના બરડા નેસડામાં વિરહ તાપથી તપીને ઉનાળે આભપરે પહોંચે છે. ત્યાં જઈને કથેલા આ દુહા ભારે અસરકારક અને હૃદયદાયક છે. એક વખત મોઢા-મોઢ થવા રડવડતી-કળકળતી, પરબેથી પ્યાસી- તૃષાતૂર રહી, એવી આઈઉજળીનો વિરહી, પીડિત સંદર્ભ એમાં ઉત્કૃષ્ટ રીતે અભિવ્યક્તિ પામેલ છે, તે અવલોકીએ.

**ઉનાળે અમણેં લાબા દિ સહેવાય નહીં;**
**તોણ્યું દઈ તમણે જીવતાં રાખો જેઠવા...(૧૪)**

હે મેહજી જેઠવા, ઉનાળાના આ લાંબા લૂ ઝરતા દિવસો અમારાથી સહેવાતા નથી. અમારી તૂટને-અધૂરપને પૂરી કરીને અર્થાત્ અમને મળીને તમો અમને જીવતા રાખો.

**વાડી માથે વાદળાં, મેડી માથે મે;**
**ઊભી અરદાસા કરું, એક હોંકારો દે...(૧૫)**

પાણી સુકાઈને વાદળા બંધાયેલા છે, મેહજી મેડી માથે બિરાજેલા છે. હું ઊભી-ઊભી વિનવણી-પ્રાર્થના કરું છું મને એક હોંકારો તો ભણો-આપો-દ્યો.

અહીં ઉજળીએ પોતાના સુકાવાથી-વરાળમાંથી વાદળાને વર્ણવવામાં વિરહની ઉત્કટ અવસ્થિતિને મેહ-શ્લેષ-રૂપે આલેખન કર્યું છે એ તથા વ,મ અને પછીના દુહાનું મ, ઉ, ભ વર્ણનું આવર્તન રચીને ઊભી કરેલી વર્ણસગાઈ એમની કવયિત્રી પ્રતિભાનો પરિચય કરાવે છે. દુહામાં પહેલી પંક્તિનું પૂર્વાધના ચરણનું તથા બીજી પંક્તિની પહેલી પંક્તિમાં પ્રાસ મેળવવાનું વલણ અને ચારણી- બારાડી લોકબોલીનો વિનિયોગ ઉજળીના કર્તૃત્વનું પરિચાયક છે.

**મુંજવમાં તું મેહ, ઊંડા જળમાં ઉતારીને;**
**મોઢું દેખાડ એહ (મેહ), ભોંઠપ ન દે ભાણના...(૧૬)**

હે મેહજી મને ઊંડા પાણીમાં ઉતારીને હવે મૂંજવો નહીં, મને તારું મોઢું બતાવ, મને ભોંઠી-લાચાર-ઓશિયાળી-બનાવ નહીં.

**મરડાઈશ નહીં મેહ, ભાણના અમને ભાળીને ;**
**નગણાં સાથે નેહ, બોલે નહીં બરડાનો ધણી...(૧૭)**

હે ભાણના મેહજી તમે અમને જોઈને-ભાળીને મોઢું મચકોડો માં. મને લાગે છે કે અમે નગુણા સાથે સ્નેહ-નાતો-બાંધ્યો, હવે એ બરડાનો ધણી બોલતો નથી, બોલાવતો નથી.

**ઓશિયાળા અમે, ટોડાજલ ટળિયા નહીં;**
**મેણિયાત રાખ્યા મેહ, જામોકામી જેઠવા...(૧૮)**

હે જેઠવાજી અમને ઓશિયાળા, સદાય ટોડલાને ટેકે અડકી ઊભા રહેનારા આશ્રિત જેમ જ દયામણાં રાખ્યા. મને મેણાં ખાનારી કરી મુકી.

**બાળોતિયાના બળેલ, થાનું માંયે ઠર્યા નહીં;**
**તેને તરછોડયા તમે, જામોકામી જેઠવા...(૧૯)**

હું નાનપણથી જ બળેલ-દુઃખી-હતી. બચપણમાં માનું દૂધ પણ પામી શકી નહોતી. તેને હે જેઠવાજી તમે તરછોડયાં-તરફડાવ્યાં.

આભપરેથી કથેલા બીજા ચરણના આઈ ઉજળીના આ દુહાઓ ભારે હૃદયદ્રાવક છે. એની વેદનશીલ અવસ્થિતિ એમાંથી એ વેલ- ટપકેલ છે. રાજકુમારની પરિસ્થિતિ પણ ભારે કરુણ છે. એના દ્વારા ઉજળીને તરછોડી કે ત્યાગ કરી દીધો હોય એવું પણ નથી. પોતાને જીવતદાન આપનાર, ઉજળીએ ભવિષ્યને હોડમાં મૂકી દીધેલું. આવી ચારણ યૌવનાનો વિલાપ, ભાવકને કરુણનો અનુભવ કરાવે છે. બન્ને ચરિત્રોની કરુણ અવસ્થિતિ છે એનાથી ભાવક અવગત હોઈ એમ્બિવલન્સનો ભાવ પ્રગટે છે.

કુંવર મેહજી ન મળ્યા એનો વસવસો કદાચ ઉભય પક્ષે છે. પણ અહીં તો દારુણ અને દુર્નિવાર વેદનશીલ સ્થિતિમાં શ્વસતી નાયિકા અને એનું ભાવવિશ્વ કેન્દ્રસ્થાને છે. ક્યાંય શરીર સુખની, શૃંગારની છાંટ નથી. નર્યો સંયમ, નર્યું સમર્પણભાવથી સભર પણ દુઃખી વ્યક્તિમત્તા, ભાવક હૃદયને પણ ભીંજવી જાય છે. ■

આચમન

અનવર વલિયાણી
feedback@bombay samachar.com


# દાની દ્વારા અપાતું દાન પ્રભુના અવાજનો પડઘો...

જગતમાં સામ્યવાદ, સમાજવાદ, મૂડીવાદ કે કોઇ અન્ય વાદ હોય, માનવ માનવ વચ્ચે.

* બુદ્ધિ
* સંજોગ
* શિક્ષણ
* ઓળખાણ
* હોદ્દો (પોસ્ટ)
* વારસો
* વાતચીતની કળા
* સંશોધન,
* તક,
* દગોફટકો,
* કળા કે કળાના લીધે
* શારીરિક ખોડ-ખાંપણોના લીધે
* અમીરી કે ગરીબી તો રહેવાની જ !

- અન્ય કારણોમાં જેને આપણે ચિલ્ડ્રન ઑફ ધી લેસર ગોડ કહીએ છીએ અને આ લખનાર તેમને ‘ચિલ્ડ્રન ઑફ ગવર્નમેન્ટ’ કહેવાનું વધુ પસંદ કરે છે તેવાઓ તથા

* વિધવાઓ
* ત્યકતાઓ,
* ગંભીર બીમારીના ભોગ બનેલાઓ
* ધરતીકંપ, સુનામી, જવાળામુખી
* આગ, લડાઇ, હુલ્લડના ભોગ બનેલા રેફયુજી



* બાળકો કે બધું ગુમાવી ચૂકેલાઓ માટે
* બોર્ડિંગ, ઓર્ફનેજ, ઘરડા ઘર, માનું ઘર, હૉસ્પિટલો, અનાથાલયો, પાણીયારા, શાળા, રક્તદાન, અન્નદાન વગેરેની જરૂર પડતી જ રહેશે. તે સિવાય પણ.
* કૉલેજો, યુનિવર્સિટીઓ, મ્યુઝીયમો, આર્ટ ગેલેરીઓ, લાઇબ્રેરી, સેનેટોરિયમો, રિસર્ચ સેન્ટર, સામાજિક મેળાવડા માટેના હોલ, નાટ્યગૃહો.
* સ્કૉલરશિપ, ચંદ્રકો, પુસ્તકો, યુનિફોર્મ આપવા દાનની જરૂર રહેવાની જ છે.

- જયારે જયારે ધરતીકંપ, સુનામી, આગ, લડાઇ, હોનારત, રોગચાળો, રેલ, દુકાળ, હુલ્લડ વગેરે થાય છે. ત્યારે ત્યારે સ્વયંસ્ફૂરિતે દાનનો પ્રવાહ વહે છે. ઇન્સાનનો ઇન્સાન તરીકેનો આ એક સારો, આસ્તિકતા ભરેલો ગુણ છે.

અંતરમનના પ્રભુના અવાજનો યોગ્ય પડઘો છે.

* સરકારો દ્વારા અને કાયદાઓ દ્વારા મદદ અને ન્યાય પહોંચે એ પહેલાં દાનીના દાન દ્વારા પહોંચ્યાના અસંખ્ય દાખલાઓ મોજૂદ છે, જેનો તાજેતરમાં કોવિડની ફાટી નીકળેલ બીમારી સમયનો બનાવ આંખ સામે તરવરે છે.
* દાન દ્વારા સામાજિક ન્યાય, અનુકંપા અને કરુણા પ્રગટવું અહિંસક રીતે-દબાણ વગર થાય છે.

ઉપરવાળો અજાણ્યો નથી :

* રક્તદાન
* નેત્રદાન તથા
* દેહ દાનની તો હંમેશાં જરૂર પડવાની જ

- દાની દાન

* સંતોની પ્રેરણાથી આપે, કરુણાથી આપે, અંતરમનમાંથી આવતા અવાજથી આપે, નામના માટે કે પુણ્ય મેળવવા કે અન્ય કોઇ કારણથી આપે.
* પૈસાનો પ્રવાહ ઉપરવાળાની રાહમાં નીચે તરફ સમાજને, ભાવિ પેઢીઓને ટકાવવામાં, ટેકો આપવામાં, ઉપર લાવવામાં મદદ કરે છે. દાનીને સામાજિક માન, યોગ્ય કામ યોગ્ય વેળાએ કર્યું એવો અંતરભાવ, સમાજમાંથી શાબાશી, કદર, અહોભાવ મળે છે.

બોદ્ધ

* પ્રાર્થના ઘરો તથા હૉસ્પિટલોમાં દાનપેટીઓ તો હોય જ છે.
* જો પ્રત્યેક જાતનાં દાનો પર પાબંધી આવી જાય.

દાનપેટીઓ હટાવી લેવામાં આવે તો? માનવને, ભાવુકને, ભક્તજનને મુંઝારો થાય.

* જેમ વૃક્ષ ફળ-ફૂલ આપે જછે તેમ ઇન્સાનને દાનપ્રક્રિયા વગર શાંતિ-શુકન, સંતોષ-તૃપ્તિ ન મળે.

- અને એટલે જ પ્રત્યેક જમાનામાં દાન આપવું ઇન્સાનના પોતાના હિતમાં, ભાવિ પેઢીઓના હિતમાં છે.

મળે જો મરણથી હજારોને જીવન
ભલે દાન તુજથીય દેવાઇ જાય !
મળી જાય માનવને માનવતા-માનવ,
અગર તુજને યુગધર્મ સમજાઇ જાય !
જુઓ આપ પ્રણયરસ ચાખી
શીખો દિલ દૌલત વાપરતા !
છે હજારો જખમ માનવના દિલે,
કંઇક માનવતા તણા ઉપચાર કર ! ■


સંગમતીર્થ સંત

હરીશ વટાવવાળા
mahendra.punatar@bombay samachar.com

# સંત શ્રી ગૌરીશંકર મહારાજ

સંત શ્રી ગૌરીશંકર મહારાજનો જન્મ તા. ૧૧-૧૧-૧૮૮૮ના રોજ થયો હતો. એટલે કે ઈ.સ.ના અઢારમા સૈકાનો ઉત્તરાર્ધ. ભારત માટે પરિવર્તનનો આ સમય હતો.

તે સમયે ભણતર નહિવત્ હતું. ગામડા ગામની ધૂળિયા શાળામાં કેળવણી પણ ઓછી! વેળાવદર (તાઃ ગારિયાધાર, જિઃ ભાવનગર)માં પ્રાથમિક ચાર ધોરણ સુધીની શાળા. એ શાળામાં તેમણે ચાર ધોરણ સુધી અભ્યાસ કર્યો. એમનું અક્ષરજ્ઞાન ત્યાંથી અટકી ગયું, પરંતુ તેમનાં અંતરજ્ઞાનનાં દ્વાર ખૂલી ગયાં. તેમણે શ્રીમદ્ ભાગવતનો અભ્યાસ શરૂ કર્યો.



શ્રીમદ્ ભાગવતની શરૂઆતમાં જ મહર્ષિ વેદવ્યાસજી મંગલાચરણમાં કહે છેઃ ‘સત્યં પરમ્ ધીમહિ’. એ ભાગવતમંત્રને તેઓ જીવનમાં અનુસર્યા. તેમને ભાગવતનો દશમસ્કંધ ઘણો જ ગમતો હતો. ભગવાન શ્રીકૃષ્ણની લીલાઓનું વર્ણન વાંચીને તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા.

બ્રાહ્મણ હોવાના કારણે સંસ્કૃતનું જ્ઞાન મેળવવા પિતા કામેશ્વરપ્રસાદની આજ્ઞા લઈને તેઓ કાશી ગયા, જેને કારણે તેમનામાં અગમ-નિગમનું જ્ઞાન પ્રકટ થયું. તેમનાં અંતરજ્ઞાનનાં દ્વાર ખૂલી ગયાં. સંત શ્રી ગૌરીશંકર મહારાજે શ્રી હરિને શ્રદ્ધાપૂર્વક અંતરમાં સ્થાપ્યા. તેઓ ક્ષણેક્ષણે ભગવાનનું સ્મરણ કરતા રહ્યા. ભોજન-પાણી ભગવાનને અર્પણ કર્યા બાદ જ અન્ન આરોગતા હતા. તેમની આ ધર્મનિષ્ઠા અને પ્રભુપ્રેમ જોઈને તેમના સહાધ્યાયીઓ આશ્ચર્યચકિત અને ખુશ થઈ ગયા અને તેઓ પણ તેમ કરવા લાગ્યા.

કાશીમાં સંસ્કૃત અને આધ્યાત્મિક ગ્રંથોનો અભ્યાસ કરી તેઓ વેળાવદર પરત આવ્યા. પિતા કામેશ્વરપ્રસાદ અને માતા જમનાબા તરફથી એમને ધાર્મિક સંસ્કાર પ્રાપ્ત થયા.એવા સંત શ્રી ગૌરીશંકર જ્ઞાની અને પ્રભુપરાયણ હતા.

પંદર વર્ષની ઉંમરે ઈ.સ. ૧૯૦૩ના શ્રાવણ માસમાં તેમણે શ્રીમદ્ ભાગવત્ની પ્રથમ કથા ગામના મંદિરમાં કરી. લોકો તો આ બાળસંતની પરાવાણી સાંભળીને ભાવવિભોર થઈ ગયાં. પછી તો તેમની ભાગવત કથાની પરંપરા શરૂ થઈ. આજુબાજુનાં ગામોમાં તેમના જ્ઞાનની સુવાસ પથરાવા લાગી.

સંતશ્રી ગૌરીશંકર મહારાજનો સ્વભાવ શાંત, સૌમ્ય અને મિલનસાર હતો, પણ ક્યારેક એમનું ધાર્યું ન થાય ત્યારે તેઓ ઉગ્ર થઈ જતા હતા. તેઓ મધુરવાણીના ઉદ્ગાતા અને મિતભાષી હતા. ગોસ્વામી તુલસીદાસજીએ પણ વાણીના આકર્ષક ગુણ વિશે ‘શ્રી રામચરિતમાનસ’ ગ્રંથમાં લખ્યું છેઃ

**થોરે હિ મહં સબ કહૌ બુઝાઈ.**
**સુનહું તાત મતિમન ચિતલાઈ.**

(ક્રમશઃ)■

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com

# એકમ્ સત્ વિપ્રાઃ બહુધા વદન્તિ એક સત્ય - અનેક સ્વરૂપ



સત્ય એક જ છે, પરંતુ વિદ્વાનો તેને અનેક નામ-રૂપમાં કહે છે. પરિસ્થિતિ થોડી જટિલ છે. ગીતામાં સ્વયં શ્રીકૃષ્ણ કહે છે કે 'જે પરબ્રહ્મ છે તેને નથી સત કહી શકાતું કે નથી અસત કહી શકાતું'. અન્ય સ્થાને ગીતામાં જ એમ જણાવાયું છે કે 'હું મૃત્યુ છું અને અમૃત પણ, સત્ય છું અને અસત્ય પણ'. તેની અપેક્ષાએ અહીં વેદમાં એક સત્યની વાત કહેવામાં આવી છે. અહીં એ પણ કહેવાયું છે કે આ સત્યને વિદ્વાનો વિવિધ રીતે સ્થાપિત કરે છે, અભિવ્યક્ત કરે છે, સમજાવે છે. સનાતની તત્ત્વજ્ઞાનના મૂળભૂત સિદ્ધાંતોમાંનો, ઋગ્વેદમાં દર્શાવાયેલ આ એક અદ્ભુત સિદ્ધાંત છે. ઋગ્વેદના સંદર્ભમાં તો ઇન્દ્ર, મિત્ર, અગ્નિ કે એવાં અન્ય સ્વરૂપની વાત પણ જોવાં મળે છે, પરંતુ આ સિદ્ધાંતનો વ્યાપ ઘણો વિસ્તૃત છે.

વિદ્વાન એટલે જેની પાસે જાણકારી છે, જેણે થોડું-ઘણું ચિંતન કરેલું છે અને તેને પરિણામે જે તે વાતને, જે તે સ્વરૂપે તે સમજીને બેઠાં છે. કદાચ અહીં અનુભૂતિની વાત નથી. પંડિતને વિદ્વાન કહી શકાય, પંડિતે શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હોય, પંડિત પાસે શાસ્ત્ર અને વિચારધારા લક્ષી અપાર માહિતી હોય. પંડિત અર્થાત્ વિદ્વાન એક જ બાબતને, જુદાં જુદાં દૃષ્ટિકોણથી, જુદાં જુદાં પરિપ્રેક્ષ્યમાં, જુદી જુદી રીતે સમજાવવાનો પ્રયત્ન કરી શકવા સમર્થ હોય. તેમની બૌદ્ધિક ક્ષમતાને કારણે તેઓ પોતાનાં તે વખતના અભિપ્રાય માટે યોગ્ય જણાય તેવો તર્ક પણ દર્શાવી શકે. અનુભવી આ સમગ્ર પ્રક્રિયાથી એક ડગલું આગળ હોય, અંતિમ વાસ્તવિકતાની તેને જાણ હોય, અંતિમ વાસ્તવિક 'સત્ય' તેનાં ધ્યાનમાં હોય. તેથી જ અહીં, કદાચ, વિદ્વાનનો ઉલ્લેખ થયો છે, અનુભવીનો નહીં, જ્ઞાનીનો પણ નહીં, આત્મજ્ઞાનીનો પણ નહીં. સનાતની શાસ્ત્રમાં શબ્દોની પસંદગી સચોટતાથી સભાનતાપૂર્વક સ્પષ્ટ રીતે કરાઇ હોય છે તેમ કહી શકાય.

અહીં સત્યનાં વિવિધ સ્વરૂપોની સંભાવના જણાવાઈ છે, અર્થાત્ સત્યને ભિન્ન ભિન્ન રીતે સમજી શકાય છે. ઈશ્વર સત્ય છે તો તેની સૃષ્ટિ પણ સત્ય હોય. જેમ શ્વેતમાંથી કાળાશનો ઉદ્ભવ શક્ય નથી, જેમ પૂર્ણમાંથી અપૂર્ણનો ઉદ્ભવ શક્ય નથી, તેમ જો ઈશ્વર સત્ય હોય તો, તેની સૃષ્ટિ પણ સત્ય સ્વરૂપ રહેવાની. સાંખ્ય દર્શનમાં પ્રકૃતિ અને પુરુષ બંનેને અનાદિ અર્થાત્ શાશ્વત સત્ય સ્વરૂપ દર્શાવાયા છે. કોઈને હર-મહાદેવ અંતિમ સત્ય જણાય તો કોઈને શ્રીવિષ્ણુ. કોઈ ધર્મને સત્ય માને તો કોઈ પવિત્રતાને. કોઈ સત્યને સ્વયં આધારિત ગણે તો કોઈ સત્ય ઈશ્વર આધારિત છે તેમ જણાવી શકે. સંભાવના ઘણી છે, જે તે પરિપ્રેક્ષ્યમાં તે બધી યોગ્ય પણ છે. વ્યક્તિ જેમ રુચિ પ્રમાણે પોતાનાં માર્ગની પસંદગી કરી શકે તેમ પોતાની સમજ પ્રમાણે સત્યને નિર્ધારિત પણ કરી શકે. દ્રષ્ટિકોણ મુજબ પરિસ્થિતિ પ્રતીત થાય. દ્રષ્ટિકોણનો વ્યવહાર રંગીન ચશ્માં જેવો હોય, લાલ ચશ્માંમાંથી લાલ દેખાય અને પીળા ચશ્માંમાંથી પીળું. સનાતની સંસ્કૃતિમાં, સનાતની વિચારધારામાં આની પણ છૂટ છે, જ્યાં સુધી 'વિદ્વતા'નું ચલણ હોય ત્યાં સુધી આ દરેક પ્રકારની સંભાવનાને માન્યતા રાખવી પડે. તેથી જ કહેવાયું છે કે સત્યને જુદી જુદી રીતે સમજાવવાનો પ્રયત્ન થતો હોય છે.

એક દાર્શનિક અર્થ પ્રમાણે પરમ તત્ત્વ, દિવ્ય સત્તા, અંતિમ સત્ય એક જ છે પરંતુ તે દ્રષ્ટિ, સંસ્કાર, અનુભવ, પરંપરા, શ્રદ્ધા તેમજ રુચિ અનુસાર ભિન્ન ભિન્ન જણાય છે. અદ્વૈત વિચારધારા પ્રમાણે એકમાત્ર બ્રહ્મ સત્ય છે જે નિર્ગુણ, નિર્વિકાર, શાશ્વત, અખંડ, નિર્મળ, નિત્ય, અજન્મા તથા અંતિમ છે; બાકીનું બધું અવિદ્યા સ્વરૂપ માયાનો પ્રપંચ છે. વિશિષ્ટાદ્વૈતના સિદ્ધાંત પ્રમાણે એક જ પરમ સત્ય-શક્તિ ભિન્ન ભિન્ન હેતુસર ભિન્ન ભિન્ન સ્વરૂપે પ્રગટ થાય છે. દ્વૈત મત અનુસાર પણ સત્ય સ્વરૂપ પરમેશ્વર એક જ છે જે ભિન્ન ભિન્ન દેવ સ્વરૂપે કાર્યરત રહે છે. તાત્પર્ય એ છે કે પરમ તત્ત્વ એક જ છે, પરંતુ વિવિધ દૃષ્ટિકોણને કારણે તે વિવિધ સ્વરૂપે દર્શાવવાનો પ્રયત્ન કરાય છે અને તે મુજબ, વિદ્વાનો દ્વારા, તેની ચોક્કસ પ્રકારની ઓળખ સ્થાપિત કરવાનો પ્રયત્ન થાય છે.

જો સત્ય સાંદર્ભિક હોય તો તે એક ન હોય. સંદર્ભ બદલાતાં જો સત્યનું સ્વરૂપ કે તેનાં પ્રભાવમાં બદલાવ આવતો હોય તો સત્ય એક છે એમ ન કહેવાય. અહીં એક સત્યની વાત કરવામાં આવી છે, અર્થાત્ સત્ય સમય તથા સંદર્ભથી મુક્ત ઘટના છે. છતાં પણ જો ગીતામાં સત્ય અને અસત્યને એક સાથે મૂકવામાં આવ્યાં હોય તો થોડીક ઊંડી વિચાર-પ્રક્રિયાની આવશ્યકતા છે. ન તો ઋગ્વેદ માટે કોઈ પ્રશ્ન હોઈ શકે તેના ગીતા માટે કોઈ શંકા હોઈ શકે. સનાતની શાસ્ત્રોમાં જણાવાયેલ પ્રત્યેક બાબત સંપૂર્ણતામાં સંપૂર્ણ હોય તે સ્વાભાવિક છે. કદાચ અહીં 'સમજવામાં આવેલ સત્ય'ના આગળનાં સત્યની વાત છે. શ્રી કૃષ્ણ જ્યારે કહે કે સત્ય પણ હું છું અને અસત્ય પણ હું છું તે એક 'સ્તર'નું સત્ય. ઈશ્વર અથવા બ્રહ્મ અથવા તે પરમ તત્વ સત્ય પણ છે અને અસત્ય પણ છે; તે વાત પણ સત્ય છે. આ આગળનું, ઉચ્ચકક્ષાનું, પરમ-સત્ય કહેવાય. આ પરમ-સત્ય એમ સ્વીકારે છે કે ઈશ્વરને ન તો સત્યના માળખામાં કે ન તો અસત્યના માળખામાં સીમિત કરી શકાય. એ પરમ-સત્ય કોઈપણ ધારણા, કોઈપણ શબ્દો, કોઈપણ રજૂઆતમાં યથાર્થ સ્વરૂપે સ્થાપિત કરવાનો પ્રયત્ન ન થઈ શકે. તેનાથી એક નીચાં સ્તરનું સત્ય વિવિધ સ્વરૂપે વર્ણવી શકાય. આ જરૂરી પણ છે. સનાતની વિચારધારાની આ જ મહાનતા છે, આ જ વિશેષતા છે, આ જ અદ્ભુત-તા છે. અહીં શબ્દોથી આગળ વધવાની આવશ્યકતા રહે છે. ■

ગીતા મહિમા

સારંગપ્રીત
feedback@bombaysamachar.com

# સ્વભાવ-નિયત કર્મ



ગત અંકમાં અંતર પ્રેરણાની વાત કરીને હવે ભગવાન કૃષ્ણ સ્વભાવ-નિયત કર્મને સમજાવી રહ્યા છે.

ઘણીવાર માનવ એવું સમજી બેસે છે કે અધ્યાત્મસિદ્ધિ માટે સંસાર છોડવો જ પડે, કર્મથી દૂર થવું પડે, અથવા પોતાની સ્વભાવગત પ્રવૃત્તિઓનો ત્યાગ કરવો પડે. જ્યારે વાસ્તવિકતા એ છે કે માણસ પોતાના સ્વભાવ અનુસાર નિયત કર્મ કરતો હોય, અને એ કર્મને જો સાચી દૃષ્ટિ, શુદ્ધ ભાવ અને સમર્પણથી કરે, તો એ જ અધ્યાત્મની સરળ સીડી બની જાય છે. અધ્યાત્મ કોઈ અલગ જગત નથી; એ તો જીવનની અંદર છુપાયેલ પરમાત્માનો પ્રકાશ છે, જે યોગ્ય સાધનાથી જ પ્રગટ થાય છે.

દરેક માનવી એક અનોખો સ્વભાવ લઈને જન્મે છે. કોઈ વિચારક હોય છે, કોઈ કર્મઠ, કોઈ કલાપ્રેમી, તો કોઈ સેવા પ્રધાન. આ સ્વભાવ ભગવાને આપેલી ભેટ છે. સ્વભાવ વિરુદ્ધ જઈને સાધના કરવી એ શરીરને બળજબરીથી ખેંચવા જેવું છે; થોડીવાર ચાલે, પરંતુ અંતે થાક અને વિમુખતા આવે. જ્યારે સ્વભાવ અનુસાર કર્મ થાય છે, ત્યારે તેમાં સહજતા હોય છે, રસ હોય છે, અને એ રસ જ સાધનાને જીવંત રાખે છે. ગીતા કહે છે કે સ્વધર્મનું પાલન કરવું શ્રેષ્ઠ છે, ભલે તે અલ્પગુણયુક્ત હોય; પરધર્મ ભયકારક છે. આ વાક્યમાં અધ્યાત્મનો ઊંડો મર્મ છુપાયેલો છે.

ભગવાન સ્વામિનારાયણ આ માટે 'અંગ' શબ્દ પ્રયુક્ત કરે છે. તેમણે વચનામૃતમાં કહ્યું કે પોતાના અંગને ઓળખીને તે પ્રમાણે સાધનામાં જોડાવું જોઈએ. હા, આ સ્વભાવ નિયત કર્મ ફરજભાવથી કરેલું કર્મ, ફળની લાલસા વગર, અહંકાર વગરનું ચોક્કસ હોવું જોઈએ. જ્યારે ખેડૂત ખેતરમાં મહેનત કરે છે, શિક્ષક વિદ્યાર્થીને જ્ઞાન આપે છે, માતા સંતાનનું પાલન કરે છે, કે સંન્યાસી સમાજને માર્ગદર્શન આપે છે, આ બધું નિયત કર્મ છે. પ્રશ્ન કર્મનો નથી, ભાવનો છે. જો કર્મ હું કરું છુંના ભાવથી થાય, તો બંધન બને છે; અને જો મારા દ્વારા જરૂર થાય છે પણ કરે તો ભગવાન જ છેના ભાવથી થાય, તો મુક્તિ તરફ લઈ જાય છે. અધ્યાત્મ અહીંથી શરૂ થાય છે.

અધ્યાત્મસિદ્ધિ કોઈ ચમત્કાર નથી, કોઈ આકાશમાંથી પડતી ગેબી મહેર નથી. એ તો સાધનાની જ્યોત ઉપર ધીમે ધીમે પકતી આંતરિક સ્થિતિ છે. જે માણસ રોજિંદા જીવનમાં ગુરુવચન, સત્ય, ન્યાય, કરુણા અને સમર્પણ સાથે પોતાના કાર્યમાં તન્મય રહે છે, એ અનાયાસે અધ્યાત્મ તરફ આગળ વધે છે. તેની પ્રાર્થના શબ્દોમાં ન પણ હોય, પરંતુ તેનું જીવન જ પ્રાર્થના બની જાય છે. તેના કર્મમાં જાપ હોય છે અને તેની ફરજમાં જ ધ્યાન છુપાયેલું હોય છે.

આમ, અધ્યાત્મ કોઈ પલાયન નથી, એ તો જીવન સાથે આંખમાં આંખ નાખીને જીવવાની હિંમત છે. સંસારની ધૂળમાં રહીને પણ જે માણસ પોતાના મનને મેલું થવા દેતો નથી, એ જ સાચો સાધક છે. દીવો અંધકારમાં જ પ્રગટે છે; પ્રકાશ માટે અંધકાર છોડવો પડતો નથી. તેવી જ રીતે અધ્યાત્મ માટે જીવન છોડવું પડતું નથી, જીવનને સમજવું પડે છે.

સ્વાભાવિક રીતે જે કર્મ આપણા સ્વભાવમાંથી વહે છે, તેમાં એક અનોખો આનંદ છલકાય છે. એ આનંદ ન વખાણ માગે, ન પુરસ્કાર!

ગામના કિનારે એક વૃદ્ધ માળી રહેતો હતો. દર સવારે તે પોતાના નાના બગીચામાં ઊગતા છોડને પાણી આપતો, સૂકા પાંદડાં હટાવતો, અને ધીમે ધીમે માટીને હથેળીથી સમારતો. કોઈએ ક્યારેય તેને બજારમાં ફૂલો વેચતા જોયો નહીં. કોઈ ઘરે આવીને ખરીદે તો આપે. તેની પાસે આ છોડો સિવાય બીજું કશું જ ન હતું. છતાં, તેની આંખોમાં એક અજાણી શાંતિ હતી. એક દિવસ કોઈએ પૂછ્યું, આટલી મહેનત શા માટે? લાભ શું? વૃદ્ધ હળવે હસ્યો, લાભ? આમાંથી એક પણ ફૂલ ખીલે ત્યારે મારું મન પણ ખીલે છે.

એ ફૂલો રસ્તે જતા લોકોને સુગંધ આપતા; કોઈ રોકાતું, કોઈ ન રોકાતું. માળીને એની પરવા નહોતી. કારણ કે એ કર્મ તેની અંદરની સ્વાભાવિક પ્રેરણાથી જન્મેલું હતું. દબાણથી નહીં, પણ સહજભાવથી!

મહંતસ્વામી મહારાજ સમજાવે છે કે જે સ્વાભાવિક કર્મ ભગવાનની પ્રસન્નતા માટે થાય છે, ત્યારે કર્મ સામાન્ય રહેતું નથી. તે સામાન્ય કામ પણ સાધના બની જાય છે. એ જ ક્ષણે માણસ જાણે છે કે આનંદ ક્યાંય દૂર નથી, એ તો એની સાધનામાં, તેના પોતાના શ્વાસમાં, અને તેના પોતાના ભાવમાં જ વસે છે. આવી સમજણથી જ અધ્યાત્મસિદ્ધિનો સાચો આરંભ છે. ■

વિશેષ

રાજેશ યાજ્ઞિક
mahendra.punatar@bombaysamachar.com

# અષ્ટ ભૈરવઃ ભગવાન શિવના આઠ રક્ષક...



ભૈરવના આઠ શક્તિશાળી સ્વરૂપોને અષ્ટ ભૈરવ તરીકે ઓળખવામાં આવે છે. અષ્ટ ભૈરવ ભગવાન શિવના ઉગ્ર અને રક્ષક સ્વરૂપ છે. આ આઠ ભૈરવ ફક્ત ઊર્જાના સ્વરૂપો નથી, તેમને અવકાશ અને દિશાના રક્ષક પણ માનવામાં આવે છે. દરેક સ્વરૂપ બ્રહ્માંડની એક દિશાનું ધ્યાન રાખે છે, સંતુલન, શિસ્ત અને બ્રહ્માંડિક વ્યવસ્થા જાળવી રાખે છે.

સનાતન માન્યતામાં, રક્ષકોનું ખૂબ મહત્ત્વ છે. જેમ કોઈ શહેરમાં રક્ષકો હોય છે, તેવી જ રીતે બ્રહ્માંડમાં પણ તેના રક્ષકો હોય છે. અષ્ટભૈરવ એ રક્ષકો છે, જે સ્વરૂપે ઉગ્ર છે પણ સમર્પિત ભક્તો પર કૃપા વરસાવનાર છે. ભારતમાં ભૈરવના અનેક મંદિરો છે. બે અતિ પ્રસિદ્ધ મંદિરો ભગવાન મહાકાલના દ્વારપાલ ઉજ્જૈનના ભૈરવ, અને કાશીના કોટવાલ ગણાતા કાશી વિશ્વનાથના ભૈરવ મંદિરો વિશે આપણે સહુ જાણીએ જ છીએ.

ભૈરવના આઠ સ્વરૂપો અને તેમની દિશાઓ

દરેક ભૈરવનો એક અલગ સ્વભાવ, રંગ, વાહન અને ભૂમિકા હોય છે. તેમની પૂજા સુખ માટે નહીં, પરંતુ શક્તિ, હિંમત અને આંતરિક પરિવર્તન માટે કરવામાં આવે છે.

અસિતંગ ભૈરવ પૂર્વ દિશાનું રક્ષણ કરે છે. તેઓ શુભ્ર વસ્ત્રધારી, સૌમ્ય રૂપ અને હંસ પર સવારી કરતા કહેવાયા છે. તેઓ ભક્તોની બુદ્ધિ, સર્જનાત્મકતા અને આધ્યાત્મિક સમજને તીક્ષ્ણ બનાવે છે.

રુરુ ભૈરવ દક્ષિણપૂર્વના રક્ષક છે. આછા વાદળી રંગનું સ્વરૂપ, બળદના વાહન પર તેમની સવારી છે. જ્ઞાન, સ્થિર સંપત્તિ અને શિસ્તબદ્ધ તથા સ્પષ્ટ વિચારસરણી માટે તેમની ભક્તિ કરવામાં આવે છે.

ચંડ ભૈરવ દક્ષિણ દિશાના રક્ષક દેવ છે. મોર પર સવારી કરનાર ભૈરવનું આ સ્વરૂપ ભક્તોની આંતરિક શક્તિ વધારનાર અને હાનિકારક શક્તિઓથી રક્ષણ કરનાર છે.

ક્રોધ ભૈરવ દક્ષિણ પશ્ચિમ દિશા પર શાસન કરે છે. શ્યામ સ્વરૂપ અને ગરુડ પર સવાર, તે નિયંત્રિત ક્રોધનું પ્રતિનિધિત્વ કરે છે જે નકારાત્મકતાનો નાશ કરે છે. ભક્તો ભય, વિલંબ અથવા જીવનના મોટા પડકારોનો સામનો કરવા તેમની પૂજા કરે છે.

ઉન્મત્ત ભૈરવ પશ્ચિમ દિશાના સ્વામી છે. ઘોડા પર સવાર થઈને, તે ભક્તોને અહંકાર, ખરાબ ટેવો અને ભાવનાત્મક અસંતુલન દૂર કરવામાં મદદ કરે છે.

કપાલ ભૈરવ વાયવ્ય દિશાનું રક્ષણ કરે છે. પીળા રંગના પોશાક પહેરીને અને હાથી પર સવારી કરીને, તે અચાનક આવતી આફતો સામે રક્ષણ આપે છે અને કાર્યોનાં ઇચ્છિત પરિણામો પ્રાપ્ત કરવામાં મદદ કરે છે.

ભીષણ ભૈરવ ઉત્તર તરફ મુખ ધરાવે છે. ઉગ્ર, લાલ રંગના અને સિંહ પર સવાર, તે અદૃશ્ય શક્તિઓ, ભય અને નકારાત્મક શક્તિઓ સામે રક્ષણ માટે જાણીતા છે.

સંહાર ભૈરવ ઉત્તર-પૂર્વ દિશાનું રક્ષણ કરે છે. વીજ સમાન તેજસ્વી અને કૂતરા પર સવાર, તે ગહન પરિવર્તન અને જૂનાં કર્મોના દહનનું પ્રતીક છે.

ભૈરવ તંત્રમાં, આ આઠ ભૈરવોના આઠ અન્ય ભૈરવો છે, આમ તંત્ર સાધનામાં કુલ ૬૪ ભૈરવ સ્વરૂપો દર્શાવ્યા છે. તેમની પૂજા ખાસ કરીને મંગળવારે, આઠમા દિવસે (કાલષ્ટમી) કરવામાં આવે છે. મહાકાલ ભૈરવ મંત્ર ('ઓમ હં ષં નં ગં કં સં ખં મહાકાલ ભૈરવાય નમઃ') નો જાપ કરવાથી જીવનનાં કષ્ટો, દુઃખોથી મુક્તિ પ્રાપ્ત થાય છે.

ગૃહસ્થો ઘરમાં ભૈરવની સ્થાપના કરતા નથી. અષ્ટ ભૈરવ મોટાભાગે તંત્ર સાધનાના દેવતા માનવામાં આવ્યા છે. ગૃહસ્થ ભૈરવનાથના સૌમ્ય સ્વરૂપો, એટલે કે બટુક ભૈરવ અને બાલ ભૈરવની પૂજા કરી શકે છે. બાલ ભૈરવ છ કે સાત વર્ષના બાળકના રૂપમાં હોય છે, અને બટુક ભૈરવ ૧૫ કે ૧૬ વર્ષના કિશોરના રૂપમાં હોય છે.

આઠ ભૈરવોની પૂજા કરવાની રીત

સવારે સ્નાન કર્યા પછી, સ્વચ્છ કપડાં પહેરો.

પછી ઉત્તર કે પૂર્વ તરફ મુખ કરીને બેસો.

ભૈરવની મૂર્તિ અથવા પ્રતિમા સામે કાળા કે લાલ ફૂલો, ચોખાના આખા દાણા, ધૂપ અને દીવા ચઢાવો.

ભૈરવને તેલનો દીવો અથવા શ્રીફળ અર્પણ કરો.

કાળા તલ, અડદની દાળ અને નાળિયેર અર્પણ કરો.

કૂતરાને લોટ, રોટલી કે મીઠાઈ ખવડાવવાથી ભૈરવ પ્રસન્ન થાય છે.

જ્યોતિષીય મહત્ત્વ

જેમની કુંડળીમાં શનિ, રાહુ કે કેતુનો દોષ હોય તેમણે અષ્ટ ભૈરવની પૂજા કરવી જોઈએ.


ભૈરવ સાધના કરવાથી કાલસર્પ દોષ, પિતૃ દોષ અને નકારાત્મક ગ્રહોના પ્રભાવથી રાહત મળે છે.

અષ્ટ ભૈરવ સાધના કરવાથી વ્યવસાય અને કારકિર્દીમાં અવરોધો દૂર થાય છે. ■

તીર્થયાત્રા

ભાણદેવ
feedback@bombaysamachar.com

# તીર્થનું દૈવત રાત્રે અનુભવાય છે



(ગતાંકથી ચાલુ)

(૧૮) શક્ય હોય ત્યાં શ્રીવિગ્રહની સામે બેસીને, અન્યથા મંદિરના પ્રાંગણમાં અનુકૂળ સ્થાને બેસીને જે-તે દેવને અનુરૂપ સ્તોત્રપાઠ કરવો જોઈએ. શિવમંદિરમાં શતરુદ્રી કે અષ્ટાધ્યાયી રુદ્રી, વિષ્ણુ કે વિષ્ણુના અવતારોના મંદિરમાં વિષ્ણુસહસ્રનામનો પાઠ, દેવીના મંદિરમાં શ્રીસુક્ત, લઘુસ્તવન કે અન્ય દેવીસ્તોત્ર, હનુમાનજીના મંદિરમાં હનુમાનચાલીસાનો પાઠ કરવો જોઈએ.

(૧૯) મંદિરમાં એક જ વાર દર્શન કરીએ તેટલું પૂરતું નથી. તીર્થમાં જેટલા દિવસ રોકાઈએ તેટલા દિવસ વારંવાર દર્શન કરવા માટે જવું. એકાદ દિવસ તો બધા સમયની આરતીમાં હાજર રહેવું જોઈએ. તીર્થસ્થાન છોડતી વખતે દેવ પાસે રજા લેવા જવું જોઈએ.

(૨૦) તીર્થમાં નદી હોય તો જેટલા દિવસ રોકાઈએ તેટલા દિવસ નદીમાં નિત્ય સ્નાન કરવું જોઈએ. હરિદ્વાર કે વારાણસીમાં દસ દિવસ રોકાઈએ તો નિત્ય ગંગાસ્નાન કરવું જોઈએ. વારાણસીમાં વિશ્વનાથ ભગવાનને નિત્ય ગંગાજળ અને બિલ્વપક્ષો ચડાવવા જોઈએ અને શતરુદ્રીનો નિત્યપાઠ કરવો જોઈએ.

(૨૧) દરેક તીર્થસ્થાનમાં પેટાતીર્થો પણ હોય છે. આ બધાં પેટાતીર્થોનાં દર્શન ઓછામાં ઓછાં એક વાર તો કરવાં જોઈએ.

(૨૨) તીર્થમાં રાત્રિનિવાસ કરવો જોઈએ. રાત્રે પથારીમાં ઢબુરાઈને સૂઈ ન જવું. કોઈ એકાંત સ્થાન શોધી જપ-ધ્યાન કરવાં. તીર્થનું દૈવત રાત્રે અનુભવાય છે.

(૨૩) યાત્રા દરમિયાન સાધનપરાયણ રહેવું. પૂજાપાઠ કરતાં હોય તેમણે પૂજા, સંધ્યા યાત્રા દરમિયાન નિયમિત રીતે ચાલુ રાખવી જોઈએ.

પસંદગીનો સ્તોત્રપાઠ કરીને સૂવાની ટેવ રાખવી. ચાલતી વખતે યથાશક્ય જપ ચાલુ રાખવા.

(૨૪) તીર્થમાં પૂજારી, પુરોહિત, મંદિરના અધિકારી વગેરેને મળી તીર્થોના માહાત્મ્ય, ઈતિહાસ, પૂજાવિધિ આદિ સમજવાનો પ્રયત્ન કરવો.

(૨૫) યાત્રા દરમિયાન જ્યાં-જ્યાં શક્ય હોય ત્યાં સાધુ-સંતોનાં દર્શન કરવાં, તેમની સાથે બેસવું, પ્રશ્નો પૂછવા, સત્સંગ કરવો અને પ્રણામ કરવાં, આ બધું યાત્રાનો ભાગ છે.

(૨૬) જ્યાં-જ્યાં શક્ય હોય ત્યાં શ્રાદ્ધ, તર્પણ, પૂજન આદિ ધાર્મિક વિધિઓ કરવી. આ ક્રિયાઓ મૂલ્યવાન છે. તેમને અંધશ્રદ્ધા કે જુનવાણી ક્રિયાકલાપ માનીને છોડી ન દેવી. લોકો જુનવાણી ગણશે કે એ બીકે સારી બાબતો છોડવી નહીં.

(૨૭) તીર્થયાત્રા માટે નીકળીએ ત્યારે આનંદ-પ્રમોદ માટે નહીં, પણ તપશ્ચર્યા માટે નીકળ્યા છીએ તેમ માનવું અને તેમ આચરવું,.

(૨૮) યાત્રા દરમિયાન તીર્થસ્થાનો સિવાયનાં દર્શનીય સ્થાનોમાં પણ જવું. સૌન્દર્યસ્થાનો, ઐતિહાસિક સ્થળો, આશ્રમો, સંસ્થાઓ આદિ સ્થાનોનાં દર્શનનું પણ મૂલ્ય છે.

**સ્નાનવિધિઃ**

(૧) **પ્રાર્થનાઃ** નદીના આધિદૈવિક રૂપને પ્રણામ કરવા. બંને હાથ જોડી શ્રદ્ધાથી અને નમ્રતાપૂર્વક પોતાના ચિત્તની અને જીવનની શુદ્ધિ માટે તે દેવતાને પ્રાર્થના કરવી.

(૨) **આચમનઃ**

આચમનના મંત્રોઃ ૧. ૐ કેશવાય નમઃ

૨. ૐ નારાયણાય નમઃ

૩. ૐ માધવાય નમઃ

૪. ૐ ગોવિંદાય નમઃ

પ્રથમ ત્રણ મંત્રોથી ત્રણ આચમન લેવાં. ચોથા મંત્રથી હાથ ધોઈ નાખવા આ રીતે બે વાર આચમન કરવું.

(૩) **પ્રોક્ષણઃ** પ્રોક્ષણના મંત્રો બોલીને જમણા હાથની તર્જની, મધ્યમા તથા અનામિકા પાણીમાં બોળીને તેના વડે નાભિ ઉપર ત્રણ વાર, હૃદય ઉપર ત્રણ વાર અને મસ્તક ઉપર ત્રણ વાર પાણી છાંટવુ.

પ્રોક્ષણના મંત્રોઃ

**ॐ आपोहिष्ठा मयोभुवः। तान उर्जेदघातन।**
**महेरणाय चक्षसे ।।१।।**
**योवः शिवतमो रसः। तस्यभाजयते हनः।**
**उशतीरिव मातरः ।।२।।**
**तस्मा अरंग नामवो । यस्य क्षयाय जिन्वथा**
**आयोजन यथा च नः ।।३।।**
**ॐ शंनो देवीरभीष्यते आपो भवतु पीतये**
**शं योरभिस्रवंतु नः।**
**ॐ आपो अस्मान्मातरः शुंघयन्तु ।।४।।**

(૪) **સ્નાનઃ** શાંતભાવે પાણીમાં પ્રવેશ કરી ઈષ્ટદેવના સ્મરણપૂર્વક ડૂબકી મારવી અથવા કિનારે બેસી સ્નાન કરવું.

(૫) **અર્ઘ્યઃ** ગાયત્રીમંત્રપૂર્વક સૂર્યને અર્ઘ્ય આપવા. સૂર્યોદય પહેલાં ત્રણ અને પછી ચાર અર્ઘ્ય અપાય છે.

(૬) **તર્પણઃ** પિતૃઓને યાદ કરી જલ અર્પણ કરવું. પીપળો હોય તો ત્યાં પાણી રેડવું.

હિમાલય ભારતનું મસ્તક છે અને ઉત્તરાખંડ હિમાલયનું હૃદય છે. હિમાલયના બધા વિભાગોમાં ઉત્તરાખંડ મધ્યમાં છે. કાશ્મીર અને હિમાચલપ્રદેશ ઉત્તરાખંડની પશ્ચિમમાં છે અને નેપાલ તથા પૂર્વાંચલ ઉત્તરાખંડની પૂર્વમાં છે. તિબેટ ઉત્તરાખંડની ઉત્તરે છે. ધર્મ, સંસ્કૃતિ, તીર્થસ્થાનો, નદીઓ અને પહાડોને દૃષ્ટિ સમક્ષ રાખીને વિચારીએ તો પણ ઉત્તરાખંડ હિમાલયનો સૌથી મહત્ત્વપૂર્ણ ખંડ છે.

આમ જોઈએ તો આખો હિમાલય ભારતનો ઉત્તર તરફનો ભાગ છે અને તે અર્થમાં આખો હિમાલય ઉત્તરાખંડ ગણાય, પરંતુ 'ઉત્તરાખંડ' શબ્દ આખા હિમાલય માટે નહીં, પણ હિમાલયના એક ખાસ ખંડ માટે વપરાય છે. આ શબ્દપ્રયોગ ઉત્તરાખંડનું ગૌરવ અને મહત્ત્વ સૂચિત કરે છે.

ગઢવાલ અને કુમાઉ સાથે મળીને ઉત્તરાખંડ બને છે. ગઢવાલ માટે પ્રાચીન નામ કેદારખંડ અને કુમાઉં માટે પ્રાચીન નામ કૂર્માંચલ છે. એટલે ઉત્તરાખંડમાં કેદારખંડ અને કૂર્માંચલ ખંડ સમાયેલા છે. પહેલાં ઉત્તરાખંડ ઉત્તર પ્રદેશનો ઉત્તર તરફનો ભાગ હતો, પરંતુ હવે 'ઉત્તરાખંડ' ભારતનું એક સ્વતંત્ર રાજ્ય છે.

(ક્રમશઃ)■

# બેંગ્લૂરુ પ્લે-ઑફમાં પહોંચનાર પ્રથમ ટીમ, પંજાબનો સતત છઠ્ઠો પરાજય

ધરમશાલાઃ ડિફેન્ડિંગ ચૅમ્પિયન રૉયલ ચૅલેન્જર્સ બેંગ્લૂરુ (આરસીબી)ની ટીમ રવિવારે પંજાબ કિંગ્સ (પીબીકેએસ) સામે જીતીને સત્તાવાર રીતે પ્લે-ઑફમાં પહોંચનારી પ્રથમ ટીમ બની હતી. વેન્કટેશ ઐયર (૭૩ અણનમ, ૪૦ બૉલ, ચાર સિક્સર, આઠ ફોર) અને પેસ બોલર રસિખ સલામ (૪-૦-૩૬-૩) આ જીતના બે સૌથી મોટા સ્ટાર ખેલાડી હતા. બીજી બાજુ, પંજાબ લાગલગાટ છઠ્ઠી મૅચ હારી જતાં લાસ્ટ-ફોરમાં સ્થાન મેળવવાનું એના માટે વધુ કઠિન થઈ ગયું છે, કારણકે એની હવે એક જ લીગ મૅચ બાકી રહી છે. પંજાબ આ મૅચ અગાઉના પાંચ મુકાબલામાં મુંબઈ, દિલ્હી, હૈદરાબાદ, ગુજરાત, રાજસ્થાન સામે હાર્યું હતું.




ભુવનેશ્વરે (ડાબે) બન્ને ઓપનર પ્રિયાંશ આર્ય અને પ્રભસિમરનની વિકેટ લઈને પંજાબની ગાડીમાં શરૂઆતમાં જ પંક્ચર પાડ્યું હતું. શ્રેયસ ઐયર (જમણે) હાર બદલ બેહદ નિરાશ હતો.

### સ્ટોઇનિસ-શશાંકની જોડી તૂટતાં ટર્ન આવ્યો

બેંગ્લૂરુએ રવિવારે પંજાબને ૨૩ રનથી હરાવ્યું હતી. બેંગ્લૂરુએ ચાર વિકેટે ૨૨૨ રન કર્યા ત્યાર બાદ પંજાબે ટૉપ-ઑર્ડરની નિષ્ફળતાને લીધે ખરાબ શરૂઆત કરી હતી અને બધો બોજ મિડલ-ઑર્ડર તથા લોઅર-ઑર્ડરના બૅટ્સમેનો પર આવી ગયો હતો. માર્કસ સ્ટોઇનિસ (૩૭ રન, પચીસ બૉલ, પાંચ ફોર) તથા શશાંક સિંહ (૫૬ રન, ૨૭ બૉલ, ચાર સિક્સર, ચાર ફોર)ની જોડી ક્રીઝમાં હતી ત્યાં સુધી પંજાબના વિજયની સંભાવના હતી. જોકે સ્ટોઇનિસની તેના જ દેશના પેસ બોલર જોશ હૅઝલવૂડના બૉલમાં એલબીડબ્લ્યૂમાં વિકેટ પડ્યા પછી પંજાબના પરાજયની શક્યતા વધતી ગઈ હતી. એ વિકેટ સાથે બેંગ્લૂરુના બોલર્સે આક્રમણની તીવ્રતા વધારી દીધી હતી અને તેઓ પંજાબને વિજયથી વંચિત રખાવીને રહ્યા હતા. યજમાન પંજાબની ટીમ ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૧૯૯ રન બનાવી શકી હતી. જમ્મુ-કાશ્મીરના પેસ બોલર રસિખ સલામે અંતિમ ઓવરની બે વિકેટ સહિત કુલ ત્રણ વિકેટ તેમ જ ભુવનેશ્વરે બે વિકેટ લીધી હતી. એક-એક વિકેટ સુયશ શર્મા, જોશ હૅઝલવૂડ અને રોમારિયો શેફર્ડને મળી હતી. કૃણાલ પંડ્યા ૨૭ રનમાં વિકેટ નહોતો લઈ શક્યો.

### ભુવનેશ્વર શરૂઆતમાં જ ત્રાટક્યો હતો

બેંગ્લૂરુએ આપેલા ૨૨૩ રનના તોતિંગ લક્ષ્યાંકના બોજ નીચે પંજાબ શરૂઆતથી જ દબાઈ ગયું હતું અને એણે માત્ર ૧૯ રનમાં પહેલી ત્રણ વિકેટ ગુમાવી દીધી. પાવરપ્લેની છ ઓવરને અંતે એનો સ્કોર ૩/૪૯ હતો. પેસ બોલર ભુવનેશ્વર કુમાર ફરી એક વખત ત્રાટક્યો હતો અને તેણે ઇનિંગ્સના ત્રીજા જ બૉલમાં પ્રિયાંશ આર્ય (૦)ને રોમારિયો શેફર્ડના હાથમાં કૅચઆઉટ કરાવીને પંજાબની ગાડીમાં શરૂઆતમાં જ પંક્ચર પાડ્યું હતું. ત્યાર પછી ભુવીએ પોતાની બીજી ઓવરમાં પ્રભસિમરન સિંહ (બે રન)ને દેવદત્ત પડિક્કલના હાથમાં કૅચઆઉટ કરાવ્યો અને ત્યાર બાદ બીજો પેસ બોલર રસિખ સલામ પણ ત્રાટક્યો હતો. તેણે બેંગ્લૂરુને કૅપ્ટન શ્રેયસ ઐયર (એક રન)ની વિકેટ અપાવી હતી. ટૉપ-ઑર્ડરની સરિયામ નિષ્ફળતા બાદ કૂપર કૉનોલી (૩૭ રન), સૂર્યાંશ શેડગે (૩૫ રન) અને અઝમતુલ્લા ઓમરઝાઈ (૧૪ રન)ના સાધારણ પર્ફોર્મન્સ પંજાબ માટે અપૂરતા રહ્યા હતા.

### વેન્કટેશ મૅન ઑફ ધ મૅચ

એ પહેલાં, બેંગ્લૂરુને ૪/૨૨૨નો મોટો સ્કોર અપાવવામાં વિરાટ કોહલી (૫૮ રન, ૩૭ બૉલ, ત્રણ સિક્સર, ચાર ફોર) અને દેવદત્ત પડિક્કલ (૪૫ રન, પચીસ બૉલ, ત્રણ સિક્સર, ચાર ફોર)ની જોડીની ૭૬ રનની ભાગીદારીનું મોટું યોગદાન હતું. તેમની આ પાર્ટનરશિપ માત્ર ૪૨ બૉલમાં બની હતી. ત્યાર પછી કોહલી અને વેન્કટેશ ઐયર (૭૩ અણનમ) વચ્ચે ૩૫ બૉલમાં ૬૦ રનની અને છેલ્લે વેન્કટેશ તથા ટિમ ડેવિડ (૨૮ રન, ૧૨ બૉલ, બે સિક્સર, બે ફોર) વચ્ચે ૩૦ બૉલમાં ૬૫ રનની ભાગીદારી થઈ હતી. આ ત્રણ ભાગીદારીએ બેંગ્લૂરુને રવિવારે સત્તાવાર રીતે પ્લે-ઑફમાં પહોંચાડ્યું હતું. ■

## અમે કૅચ છોડ્યા, જીતવાને લાયક નહોતાઃ ગિલ

કોલકાતાઃ ગુજરાત ટાઇટન્સ (જીટી)ની ટીમ શનિવારે અહીં કોલકાતા નાઇટ રાઇડર્સ સામે જીતીને સત્તાવાર રીતે પ્લે-ઑફમાં સ્થાન મેળવવાની સાથે ટૉપ-ટૂમાં પણ મોટા ભાગે ફિક્સ થઈ શકે એવી સ્થિતિ હતી, પણ ખરાબ ફીલ્ડિંગને કારણે ગુજરાતે હાર જોવી પડી અને એ પરાજયનો કૅપ્ટન શુભમન ગિલને અફસોસ છે, પણ તેણે કહ્યું કે અમારી ફીલ્ડિંગ ઘણી ખરાબ હતી એટલે અમે જીતવાને લાયક જ નહોતા.

ગુજરાતના ફીલ્ડર્સે કુલ ચાર કૅચ છોડ્યા હતા. એમાંથી ત્રણ કૅચ આસાન હતા. ખાસ કરીને કોલકાતાના ઓપનર ફિન ઍલન (૯૩ રન, ૩૫ બૉલ, દસ સિક્સર, ચાર ફોર)ને મળેલા બે જીવતદાન ગુજરાતને ભારે પડ્યા હતા. મોહમ્મદ સિરાજ અને જેસન હોલ્ડરે તેના કૅચ છોડ્યા હતા. ■



## વૈભવ, જુરેલ, પરાગની આતશબાજી સામે સ્ટાર્કનો તરખાટ

નવી દિલ્હીઃ પાટનગરમાં રાજસ્થાન રૉયલ્સે રવિવારે આઠ વિકેટે ૧૯૩ રન બનાવીને દિલ્હી કૅપિટલ્સને ૧૯૪ રનનો લક્ષ્યાંક આપ્યો એમાં સૌથી મોટી ભૂમિકા વૈભવ સૂર્યવંશી (૪૬ રન, ૨૧ બૉલ, ત્રણ સિક્સર, પાંચ ફોર), ધ્રુવ જુરેલ (૫૩ રન, ૪૦ બૉલ, બે સિક્સર, પાંચ ફોર) અને કૅપ્ટન રિયાન પરાગ (૫૧ રન, ૨૬ બૉલ, પાંચ સિક્સર, ત્રણ ફોર)ના યોગદાનની હતી. જોકે ફાસ્ટ બોલર મિચલ સ્ટાર્ક દિલ્હીની વહારે આવ્યો હતો. રાજસ્થાનની આઠમાંથી ચાર વિકેટ તેણે લીધી હતી. એ પહેલાં, ઓપનર યશસ્વી જયસ્વાલે મિચલ સ્ટાર્કની પ્રથમ ઓવરમાં ત્રણ ચોગ્ગાની મદદથી ૧૨ રન કર્યા ત્યાર બાદ બીજી ઓવર લુન્ગી ઍન્ગિડીએ કરી હતી જેના પહેલા જ બૉલમાં વૈભવ સૂર્યવંશીએ સિક્સર ફટકારીને બુમરાહ તથા સિરાજ પછી તેને પણ પ્રથમ બૉલના આંચકાની ઝલક કરાવી દીધી હતી. સૂર્યવંશીની વિકેટ નવા પેસ બોલર માધવ તિવારીએ લીધી હતી. ■

**આજે કઈ મૅચ?**
ચેન્નઈ વિરુદ્ધ હૈદરાબાદ
ચેન્નઈમાં, સાંજે ૭.૩૦

# ધોનીએ મશીનગન ચલાવીઃ કમાન્ડોને પૂછ્યું, ‘હું ફિટ લાગું છું?’

ચેન્નઈઃ ક્રિકેટ-લેજન્ડ અને ભારતીય લશ્કરમાં લેફ્ટનન્ટ કર્નલની માનદ્ પદવી ધરાવતો મહેન્દ્રસિંહ ધોની આ વખતે અનફિટ હોવાને કારણે આઇપીએલમાં હજી સુધી નથી રમ્યો, પરંતુ ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)ના ખેલાડીઓને તે દરેક ટ્રેઇનિંગ સેશન દરમ્યાન ખૂબ મદદરૂપ થયો છે અને રવિવારે તો ખુદ ધોનીએ એક પ્રકારની ટ્રેઇનિંગ લીધી હતી. આ તાલીમ તેણે નૅશનલ સિક્યૉરિટી ગાર્ડ્સ (એનએસજી)ના કમાન્ડો પાસે લીધી હતી. ઉલ્લેખનીય છે કે પદ્મભૂષણ પુરસ્કાર વિજેતા ધોનીને ૨૦૧૧માં ભારતીય લશ્કરની ટેરિટોરિયલ આર્મીમાં સામેલ કરવામાં આવ્યો હતો.




### માહીએ કઈ ગન ચલાવી?

માહી આ પહેલાં પણ ઘણી વખત કમાન્ડોની વચ્ચે કલાકોના કલાકો વીતાવી ચૂક્યો છે. રવિવારે તે રિજનલ હબમાં ગયો હતો અને કમાન્ડો દ્વારા ચલાવવામાં આવતી રાઇફલ તથા ગન પર તેણે હાથ અજમાવ્યો હતો. તેણે ફાયરિંગ રેન્જમાં ઘણે દૂરથી ઘણા અચૂક નિશાન તાક્યા હતા. તેણે ખાસ કરીને કમાન્ડોની હેકલર ઍન્ડ કોચ એમપી-ફાઇવ સબમશીન ગન ચલાવવાની તાલીમ મેળવી હતી. ધોનીએ કમાન્ડોના માર્ગદર્શન મુજબ પહેલાં તો ઊભા રહીને ગન ચલાવવાની કોશિશ કરી હતી અને પછી બેસીને નિશાન તાક્યા હતા.

ધોની ઘણી વાર સુધી કમાન્ડોની વચ્ચે હતો, તેમની સાથે ખૂબ વાતચીત કરી હતી. ખાસ કરીને ધોનીએ ક્રિકેટના પોતાના અનુભવો તેમની સાથે શૅર કર્યા હતા. ધોનીએ તેમના પરિવારજનો સાથે ફોટા પડાવ્યા હતા તેમ જ કમાન્ડોની સાથે નાસ્તો પણ કર્યો હતો.

### સૈનિકો સાથે ફિટનેસ પર ચર્ચા

ધોની ઘણા મહિનાઓથી રમવા માટે અનફિટ છે. તે આ વખતની આઇપીએલમાં રમ્યો તો નથી, હવે ક્યારે રમશે એ પણ નક્કી નથી અને તેના ઘણા ચાહકો એ વાતે ચિંતિત છે કે ધોની આવતા વર્ષની આઇપીએલ પહેલાં જ સંપૂર્ણ નિવૃત્તિ જાહેર કરી દેશે. માહીએ રવિવારે કમાન્ડો સાથે ફિટનેસના મુદ્દે ઘણી ચર્ચા કરી હતી. ધોનીએ જવાનોના એક જૂથને પૂછ્યું, ‘ફિટ લગ રહા હૂં ના?’ તેમણે ‘હા’માં જવાબ આપ્યો હતો. જોકે એક સૈનિકે ધોનીને કહ્યું, ‘છેલ્લે તમે જ્યારે આવ્યા હતા ત્યારે વધુ ફિટ લાગતા હતા.’ ધોનીએ તેને જવાબમાં કહ્યું, ‘જેમ જેમ સમય જાય એમ વધુને વધુ મહેનત કરવી પડતી હોય છે.’ અન્ય એક જવાને ધોનીને કહ્યું, ‘આ પહેલાં ૨૦૨૩માં તમે એનએસજી કૅમ્પમાં આવ્યા હતા ત્યારે પણ તમારી સાથે વાતચીત કરવાની મજા પડી હતી.’ ■

# કોહલીએ ૩૫ વર્ષની ઉંમર પાર કર્યા પછીના સચિન-ડુ પ્લેસીના વિક્રમને ભૂતકાળ બનાવી દીધો

ધરમશાલાઃ વિરાટ કોહલી અહીં રવિવારે આ વખતની આઇપીએલમાં ૫૦૦ રનનો આંકડો પાર કરનાર ચોથો ખેલાડી બન્યો એ સાથે તેણે એક મોટી સિદ્ધિ પણ હાંસલ કરી હતી. ૩૭ બૉલમાં ત્રણ છગ્ગા અને ચાર ચોગ્ગાની મદદથી ૫૮ રન બનાવીને કોહલીએ ૩૭ વર્ષે આ વખતે ફરી એક વખત પોતાની ક્ષમતા બતાવી હતી.

આ વખતની ટૂર્નામેન્ટમાં તેના પણ ૫૦૦ રન પૂરા થયા હતા. જોકે એનાથી પણ વિશેષ બાબત એ છે કે તેણે એક રીતે સચિન તેન્ડુલકર અને ફાફ ડુ પ્લેસીને પાછળ રાખી દીધા હતા.

૩૫ વર્ષ કે એનાથી વધુ ઉંમરના ખેલાડીઓમાં જેમણે આઇપીએલમાં સૌથી વધુ વખત ૫૦૦ કે વધુ રન કર્યા હોય એવા ખેલાડીઓમાં હવે કોહલી મોખરે થઈ ગયો છે. સચિન અને ડુ પ્લેસીએ બે-બે વખત આઇપીએલની કારકિર્દીમાં સીઝનમાં ૫૦૦ કે વધુ રન કર્યા હતા. ૩૭ વર્ષીય કોહલીએ આ વખતે ત્રીજી વખત ૫૦૦ રનનો આંકડો પાર કર્યો. કોહલીએ ૨૦૨૪ની સીઝનમાં ૭૪૧ રન અને ૨૦૨૫ની સીઝનમાં ૬૫૭ રન બનાવ્યા હતા. આ વખતે તેણે ૧૩ મૅચમાં ૫૪૨ રન કર્યા છે.

### હેલ્ઝની બરાબરીમાં

ટી-૨૦ ક્રિકેટમાં સૌથી વધુ વખત હાફ સેન્ચુરીની ભાગીદારી કરનારાઓમાં કોહલીએ ઇંગ્લૅન્ડના ઍલેક્સ હેલ્ઝની બરાબરી કરી છે. કોહલીએ રવિવારે દેવદત્ત પડિક્કલ સાથે ૭૬ રનની ભાગીદારી કરી હતી. ટી-૨૦ ક્રિકેટમાં હવે હેલ્ઝની જેમ કોહલીની પણ કુલ ૨૧૦ ફિફ્ટી-પ્લસની ભાગીદારીઓ છે.

### સૌથી વધુ નવ વખત ૫૦૦-પ્લસ રન

વિરાટ કોહલીએ આઇપીએલના ૧૯ વર્ષના ઇતિહાસમાં કુલ નવ વખત સીઝનમાં ૫૦૦ કે વધુ રન બનાવ્યા છે અને આ વિક્રમ છે. વૉર્નર અને કેએલ રાહુલ બીજા નંબરે છે. તેઓ સાત-સાત વખત સીઝનમાં ૫૦૦ કે વધુ રન બનાવી ચૂક્યા છે. આ રેકૉર્ડ-બુકમાં શિખર ધવન (પાંચ વખત સીઝનમાં ૫૦૦-પ્લસ રન) ત્રીજા સ્થાને છે. ■




**હિમેશે દિલ્હીનું સ્ટેડિયમ ગજાવ્યુંઃ** દિલ્હીમાં ગઈ કાલે દિલ્હી કૅપિટલ્સ અને રાજસ્થાન રૉયલ્સ વચ્ચેની મૅચ પહેલાંના સ્ટેજ પર્ફોર્મન્સ દરમ્યાન જાણીતા સિંગર હિમેશ રેશમિયાએ સૌ પ્રેક્ષકોના દિલ જીતી લીધા હતા. પર્ફોર્મન્સ વખતે વૈભવ સૂર્યવંશી અને રિયાન પરાગ સહિતના ખેલાડીઓએ ડાન્સર્સના પર્ફોર્મન્સ નજીકથી માણ્યા હતા.

---




‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

વિરુદ્ધ શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| તંગ | છૂટ |
| તંગી | દુર્ભાગ્ય |
| તંગદિલી | માંદું |
| તંદુરસ્ત | ઢીલું |
| તકદીર | શાંતિ |

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ | ૧ | ૨ | | ■ | ■ | ૩ | ૪ | ૫ | ■ |
| ૬ | | | ■ | ૭ | | ■ | ૮ | | ૯ |
| ૧૦ | | | ■ | | ■ | ■ | ૧૧ | | |
| | ■ | ■ | ૧૨ | | | ૧૩ | ■ | ■ | |
| ■ | ૧૪ | ■ | | ■ | ■ | ૧૫ | | ૧૬ | ■ |
| ■ | ૧૭ | | | ■ | | ■ | | | ■ |
| ૧૮ | ■ | ■ | ૧૯ | | ૨૦ | | ■ | ■ | ૨૧ |
| ૨૨ | ૨૩ | ૨૪ | ■ | | | ■ | ૨૫ | ૨૬ | |
| ૨૭ | | | | ૨૮ | | ■ | ૨૯ | | |
| ■ | ૩૦ | | | | ■ | ૩૧ | | | ■ |

### આડી ચાવી

૧. વેચાણ (૩)
૩. લજ્જા (૩)
૬. ખટપટિયો, દાવપેચ જાણનાર (૩)
૭. સંગાથ, સોબત (૨)
૮. પાણી, નીર (૩)
૧૦. દેશ, પરદેશ (૩)
૧૧. ઊણપ, ઓછપ (૩)
૧૨. અત્યાર સુધી નહીં આવેલું (૪)
૧૫. માગશર અને પોષ મહિનાની ઋતુ (૩)
૧૭. અહંકાર, મદ (૩)
૧૯. કજિયો, ટંટો (૪)
૨૨. ઉછેરીને મોટું કરનાર (૩)
૨૫. આશા, ઈચ્છા (૩)
૨૭. નાનો પર્વત (૩)
૨૮. દીકરો (૨)
૨૯. દરમિયાનગીરી (૩)
૩૦. સબરસ (૩)
૩૧. નિષ્કપટી, નિખાલસ (૩)

### ઊભી ચાવી

૧. સ્નેહાળ, માયાળુ (૩)
૨. ક્યારેક (૩)
૪. જીભ (૩)
૫. મેલું, અસ્વચ્છ (૩)
૬. મોક્ષની ઈચ્છાવાળું (૩)
૭. --- વગર સિદ્ધિ નહીં (૩)
૯. ઝપટ (૩)
૧૨. વેર (૪)
૧૩. પર્વ, ઉત્સવનો દિવસ (૪)
૧૪. સોબત, સાથ (૨)
૧૬. રાજગાદી, સિંહાસન (૨)
૧૮. પાડ, આભાર (૩)
૨૦. વિસામો, આરામ (૩)
૨૧. યથાર્થ, ખરું (૩)
૨૩. લત, લહે (૩)
૨૪. નસીબ (૩)
૨૫. પેટ (૩)
૨૬. કંદોરો (૩)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ બ્ર | હ્મ | ૨ જ્ઞા | ૩ ન | ■ | ■ | ૪ રે | ૫ ગી | સ્તા | ૬ ન |
| હ્માં | ■ | ૭ તિ | તિ | ક્ષા | ■ | ૮ ખાં | ત | ■ | શો |
| ૯ ડ | ફ | ■ | જો | ■ | ૧૦ વે | શ | ■ | ૧૧ તા | ■ |
| ■ | ■ | ૧૨ ભ | ■ | ૧૩ ગી | રા | ■ | ૧૪ આ | પ | ૧૫ દ |
| ૧૬ ર | ■ | ૧૭ ડ | ૧૮ ર | ■ | ૧૯ ન | ૨૦ ક | વે | સ | ર |
| ૨૧ વે | ૨૨ ર | વિ | ખે | ૨૩ ર | ■ | ૨૪ મ | દ | ■ | જી |
| ૨૫ શ | હે | ર | ■ | ૨૬ ક્ષી | ર | ■ | ન | ■ | ■ |
| ■ | મ | ■ | ૨૭ છ | ત | ■ | ૨૮ વૈ | ■ | ૨૯ ભા | ૩૦ વિ |
| ૩૧ લો | ■ | ૩૨ આં | ■ | ■ | ૩૩ ઈ | શા | ૩૪ રો | ■ | ષા |
| ૩૫ ભ | ર | ચ | ક | ■ | ■ | ૩૬ ખ | ણ | ખો | દ |

### માતૃભાષાની મહેક

કોઈ કહેવત કે રૂઢિપ્રયોગ પરભાષા પ્રવેશ કરે છે ત્યારે અનેક વાર એનું અર્થ લાલિત્ય મોહ પમાડે છે. બાર ભૈયા તેર ચોકા કહેવતના મૂળ અર્થને વર્ણભેદ - આભડછેટ સાથે સંબંધ છે. એ પ્રકારની વ્યવસ્થામાં અતિશયોક્તિ નજરે પડે ત્યારે આ પ્રયોગ વપરાય છે. પછી એનો અર્થ વિસ્તાર થયો ને જૂથ નાનું પણ મતભેદ ઘણાં હોય એ પરિસ્થિતિનું નિરૂપણ કરવા આ પ્રયોગ વપરાય છે.

### ગુજરાત મોરી મોરી રે

ભક્તોની અનેરી આસ્થાના પ્રતીક એવા આશાપુરા માતાના મંદિર જસદણ સહિત ગુજરાતના કયા જિલ્લામાં સ્થિત છે એ જાણો છો?

અ) સાબરકાંઠા બ) છોટા ઉદેપુર ક) રાજકોટ ડ) દાહોદ

### ઈર્શાદ

મૃગજળ જેવા મનને મારે એક સરોવર ધરવું છે,
હરિ! તમારા સંચાલનમાં કવિસંમેલન કરવું છે.
--- મુકેશ જોશી

### ઓળખાણ પડી?

ભગવાન વિષ્ણુને સમર્પિત અને વાસ્તુકલા માટે પ્રખ્યાત એવું ચેન્નાકેશવ મંદિર દેશના કયા રાજ્યમાં સ્થિત છે



અ) પ. બંગાળ બ) ઓડિશા ક) કર્ણાટક ડ) આંધ્ર પ્રદેશ

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

‘કટ્ટાક કારતકમાં બટક્યાં બલોયાં’ પંક્તિમાં બલોયાનો અર્થ શું થાય એ જણાવો.

અ) નાળિયેર બ) બરણી ક) ફટાકડા ડ) ચૂડલી

### માઈન્ડ ગેમ

આંતરરાષ્ટ્રીય મુસાફરીમાં હવાઈ સફર અત્યંત મહત્ત્વની છે. લુફથાન્સા તરીકે ઓળખાતી એરલાઈન્સ કયા દેશમાં છે એ ઓળખી કાઢો.

અ) નોર્વે બ) ઓસ્ટ્રેલિયા ક) જર્મની ડ) કેનેડા

### સુડોકુ-૯૨૮૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૬ | ૧ | | | | ૩ | | |
| | | | | ૧ | | ૪ | | ૭ |
| | | | | | ૬ | ૧ | | ૫ |
| ૯ | ૨ | ૬ | | ૪ | | ૭ | | |
| ૮ | | | ૭ | | ૩ | | | ૨ |
| | | ૭ | | ૯ | | ૬ | ૫ | ૪ |
| ૩ | | ૮ | ૪ | | | | | |
| ૬ | | ૪ | | ૨ | | | | |
| | | ૨ | | | | ૫ | ૪ | ૧ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૨૮૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૫ | ૩ | ૪ | ૬ | ૧ | ૨ | ૭ | ૯ |
| ૬ | ૭ | ૨ | ૮ | ૫ | ૯ | ૪ | ૩ | ૧ |
| ૪ | ૯ | ૧ | ૩ | ૭ | ૨ | ૫ | ૮ | ૬ |
| ૯ | ૪ | ૫ | ૧ | ૨ | ૮ | ૩ | ૬ | ૭ |
| ૧ | ૨ | ૮ | ૬ | ૩ | ૭ | ૯ | ૪ | ૫ |
| ૭ | ૩ | ૬ | ૯ | ૪ | ૫ | ૧ | ૨ | ૮ |
| ૨ | ૬ | ૭ | ૫ | ૯ | ૪ | ૮ | ૧ | ૩ |
| ૫ | ૧ | ૪ | ૭ | ૮ | ૩ | ૬ | ૯ | ૨ |
| ૩ | ૮ | ૯ | ૨ | ૧ | ૬ | ૭ | ૫ | ૪ |

### ગયા સોમવારના જવાબ

| A | B |
|---|---|
| ઢચુપચુ | મક્કમ |
| ઢાંકવું | ઉઘાડવું |
| ઢીલ | ઉતાવળ |
| ઢીલું | સજ્જડ |
| ઢોળાણ | ચડાણ |

**ગુજરાત મોરી મોરી રેઃ** અમદાવાદ

**ઓળખાણ પડી?** કેરળ

**માઈન્ડ ગેમ :** યુએસએ

**ચતુર આપો જવાબ અર્થ જણાવોઃ** સ્વભાવ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૩) મુલરાજ કપુર (૪) વિપીન શાહ (૫) નૂતન વિપીન શાહ (૬) ભારતી બુચ (૭) હર્ષા મહેતા (૮) શ્રદ્ધા આશર (૯) ખુશરૂ કાપડિયા (૧૦) મહેશ સંઘવી (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) મીનળ કાપડિયા (૧૩) કમલ માતલિયા (૧૪) ભરત કજરિયા (૧૫) પ્રવીણ વોરા (૧૬) મનીષા શેઠ (૧૭) ફાલ્ગુની શેઠ (૧૮) જયવંત પદમશી ચિખલ (૧૯) ભાવના કર્વે (૨૦) વિણા સંપટ (૨૧) દેવેન્દ્ર સંપટ (૨૨) અંજુ ટોલયા (૨૩) નિતીન જયંતીલાલ બજરીયા (૨૪) પુષ્પા ખોના (૨૫) અલકા વાણી (૨૬) ડાયના સંતોકે (૨૭) ડો. પ્રકાશ કટકિયા (૨૮) સુભાષ મોમાયા (૨૯) નીતા દેસાઈ (૩૦) તાહેર ઔરંગાબાદવાલા (૩૧) શીરીન ઔરંગાબાદવાલા (૩૨) પુષ્પા પટેલ (૩૩) પ્રતીમા પમાણી (૩૪) ધીરેન ઉદ્દેશી (૩૫) મહેન્દ્ર લોઢાવિયા (૩૬) મહેશ દોશી (૩૭) જ્યોત્સના ગાંધી (૩૮) રમેશભાઈ દલાલ (૩૯) હિનાબેન દલાલ (૪૦) ઈનાક્ષીબેન દલાલ

# યુવાનોમાં રહેલી ડિઝાઇન ક્ષેત્રની ક્ષમતાને શોધીને તેને કારકિર્દીલક્ષી બનાવવાની જરૂર છેઃ શાહ

અમદાવાદઃ કેન્દ્રીય ગૃહ અને સહકારિતા પ્રધાન અમિત શાહે રવિવારે ગાંધીનગર સ્થિત નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઇન (એનઆઈડી) ખાતે નવનિર્મિત 'ઇન્ક્યુબેશન એન્ડ ઇનોવેશન સેન્ટર'નું લોકાર્પણ કેન્દ્રીય વાણિજ્ય તથા ઉદ્યોગ પ્રધાન પીયૂષ ગોયલ, મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઇ પટેલ, નાયબ મુખ્ય પ્રધાન હર્ષભાઇ સંઘવી અને ભાજપ પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં કર્યું હતું. નવનિર્મિત ઇન્ક્યુબેશન એન્ડ ઇનોવેશન સેન્ટરનું લોકાર્પણ કર્યા બાદ શાહે નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઇન ગાંધીનગર કેમ્પસની મુલાકાત પણ લીધી હતી. તેમણે જણાવ્યું હતું કે એનઆઈડી એ રચનાત્મકતા, ઇનોવેશન અને ઉદ્યોગસાહસિકતાને એક તાંતણે બાંધતી દેશની અગ્રણી સંસ્થા છે.

ક્રિકેટના ક્ષેત્રનું ઉદાહરણ આપતા શાહે ભૂતકાળના સંસ્મરણો વાગોળ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે ભૂતકાળમાં સુનીલ ગાવસ્કર જેવા મહાન ખેલાડીઓને પણ ટેસ્ટ મેચ દીઠ ખૂબ ઓછું વળતર મળતું, જેના કારણે માતા-પિતા બાળકોને ક્રિકેટ રમતા રોકતા હતા. પરંતુ આઇપીએલ આવ્યા પછી ક્રિકેટ એક શાનદાર કરિયર બની ગયું છે.

# અમિતભાઈ શાહે અમદાવાદ ખાતે 'મિલિયન માઇન્ડ્સ ટેક પાર્ક' અને 'ગણેશ રિયલ એસ્ટેટ મેનેજમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ'નું લોકાર્પણ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્રીય ગૃહ અને સહકારિતા પ્રધાન અમિતભાઇ શાહના હસ્તે અમદાવાદ ખાતે 'મિલિયન માઇન્ડ્સ ટેક પાર્ક' તથા 'ગણેશ રિયલ એસ્ટેટ મેનેજમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ'નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અમિતભાઇ શાહે જણાવ્યું હતું કે ગુજરાતે આઝાદી સમયથી દેશનું નેતૃત્વ કર્યું છે, તેવી જ રીતે ટેકનોલોજીના ક્ષેત્રે પણ ગુજરાત દેશનું નેતૃત્વ કરશે. તેમણે જણાવ્યું હતું કે ગુજરાતીઓના ડીએનએમાં ડેવલપમેન્ટ છે. આજે લોકાર્પણ કરાયેલા આ બંને પ્રોજેક્ટથી વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ગુજરાતને મેન્યુફેક્ચરિંગ હબથી આગળ વધારી વૈશ્વિક સેવા અને ટેક્નોલોજી ક્ષેત્રમાં અગ્રેસર રાજ્ય બનાવવાના વિઝનને નવી દિશા આપશે.

તેમણે ગુજરાતને સર્વિસ સેક્ટરમાં ટોપ થ્રીમાં લાવવાની નેમ વ્યક્ત કરતા જણાવ્યું કે ગુજરાતે આર્થિક ગતિવિધિઓ પર વિશેષ ધ્યાન આપ્યું છે. 'મિલિયન માઇન્ડ્સ ટેક પાર્ક' દ્વારા રાજ્યમાં હજારો યુવાનો માટે ઉચ્ચ કૌશલ્ય આધારિત રોજગારીની નવી તકો ઊભી થશે.

આ સાથે તેમણે ઉમેર્યું હતું કે ગણેશ રિયલ એસ્ટેટ મેનેજમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં વ્યાવસાયિકતા અને આધુનિકતા લાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. સંસ્થામાં આધુનિક અર્બન પ્લાનિંગ, ટેક્નોલોજી આધારિત અભ્યાસક્રમો તથા વૈશ્વિક ધોરણોને અનુરૂપ તાલીમ દ્વારા કુશળ માનવસંસાધન તૈયાર કરવામાં આવશે.

તેમણે જણાવ્યું હતું કે ગુજરાત આજે ટેક્નોલોજી, ઉદ્યોગ અને આધુનિક માળખાકીય વિકાસના ક્ષેત્રમાં દેશને નવી દિશા આપી રહ્યું છે. આવી વિશિષ્ટ સંસ્થાઓ અને ટેકનોલોજી આધારિત પ્રોજેક્ટ્સ રાજ્યને વૈશ્વિક અર્થતંત્રમાં વધુ મજબૂત સ્થાન અપાવવામાં સહાયક બનશે.

# જનગણનાઃ મુખ્ય પ્રધાને સ્વ-ગણતરીનો ઔપચારિક પ્રારંભ કરાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશવ્યાપી વસ્તી ગણતરીનો પ્રારંભ ગુજરાતથી થઈ રહ્યો છે ત્યારે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે જનગણના ૨૦૨૭ અન્વયે રવિવારથી શરૂ થયેલી સ્વ ગણતરીનો રાજ્ય વ્યાપી પ્રારંભ કરાવ્યો હતો. તા.૩૧-૦૫-૨૦૨૬ સુધીના નિર્ધારિત ૧૫ દિવસમાં લોકો પોતાની જરૂરી વિગતો જાતે ઓનલાઇન ભરીને આ પ્રક્રિયામાં સહભાગી થઈ શકશે.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે પોતાના પરિવારની વિગતો વસ્તી ગણતરી પ્લેટફોર્મ પર ઓનલાઈન ભરીને સ્વ-વસ્તી ગણતરીની ઔપચારિક શરૂઆત કરાવી હતી. તેમણે રાજ્યના નાગરિકોને પણ આ રાષ્ટ્રીય સ્તરે મહત્ત્વની કવાયતમાં સક્રિયપણે ભાગ લઈને સશક્ત, સમાવિષ્ટ અને વિકસિત ભારતના નિર્માણમાં યોગદાન આપવા પણ અનુરોધ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, આ વખતે વસ્તી ગણતરી-૨૦૨૭ સંપૂર્ણપણે ડિજિટલ મોડથી પોર્ટલ અને મોબાઇલ આધારિત કરવામાં આવી રહી છે. આ માટે નાગરિકો https://se.census.gov.in/ પરથી જરૂરી માર્ગ દર્શન દ્વારા તેમની સ્વ-ગણતરી પૂર્ણ કરી શકે છે તેમજ સક્રિય નાગરિક ભાગીદારીથી પોતાની વિગતો ઓનલાઈન ભરીને સમયસર અને સચોટ માહિતી પણ આપી શકે છે.

# અમદાવાદ ઍરપોર્ટ પરથી છ કરોડનો ગાંજો અને ત્રણ લાખની સિગારેટની સ્ટીક્સ મળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદના ઇન્ટરનેશનલ એરપોર્ટ પર બેંગકોકથી થાઈ એરલાઇન્સની ફ્લાઈટમાં અમદાવાદ આવેલા નદીમ નામના પેસેન્જર પાસેથી ૬.૫૪૦ કિલોગ્રામ હાઈ બ્રીડ ગાંજો મળી આવતા તેની એનડીપીએસ એક હેઠળ ધરપકડ કરવામાં આવી છે. આ ગાંજાની ઇન્ટરનેશનલ માર્કેટ વેલ્યૂ છ કરોડ પાંચ લાખ હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

કસ્ટમરના ટોચનાં સૂત્રોએ જણાવ્યું કે છત્તીસગઢના રાયપુરનો રહેવાસી નદીમ દિલ્હીથી બેંગકોક ગયો હતો અને ત્યાંથી તેની ટ્રોલી બેગની અંદર ગાંજો છુપાવીને લાવી રહ્યો છે, તેવી માહિતી કસ્ટમને મળી હતી અને પેસેન્જર પ્રથમ વખત ફોરેનની ટ્રીપ મારીને અમદાવાદ આવી રહ્યો છે. જેના આધારે કસ્ટમ વિભાગે પેસેન્જર ઉપર વોચ રાખી હતી. તે દરમિયાન થાઈ એરલાઇન્સની ફ્લાઈટમાં પેસેન્જર આવતા કન્વીર બેલ્ટ ઉપર તેની ટ્રોલી બેગ ફરતી કસ્ટમના અધિકારીઓએ જોઈ હતી, પરંતુ પેસેન્જર તેને લેતો ન હતો. આખરે તેણે ટ્રોલી બેગ હાથમાં લીધી હતી, પરંતુ ટ્રોલી બેગની બંને બાજુ ક્રોસનું નિશાન લગાવેલું હતું એનો મતલબ એવો થાય છે કે કસ્ટમ વિભાગે કન્વેયર બેલ્ટની બહાર મુકેલા એક્સ્ટ્રા સ્ક્રિનિંગ મશીનમાંથી બેગ ચેકિંગ થઈને આવી હતી અને શંકાસ્પદ હોવાથી ક્રોસનું નિશાન લગાવ્યું હતું, જે સામાન્ય રીતે પેસેન્જરને ખબર હોતી નથી. નદીમ નામના પેસેન્જરને પણ ક્રોસના નિશાનની ખબર હતી નહીં, પરંતુ કસ્ટમ વિભાગે તેને બહાર જવા દેવાની તક આપી હતી. છેવટે પેસેન્જર એવું માની લીધું કે મારા પેકેજનું ચેકિંગ થઈ ગયું છે અને તે બહાર નીકળવા જઈ રહ્યો હતો તે વખતે તેની ટ્રોલી બેગ ખોલીને તપાસ કરવામાં આવતા બ્લેક કલરના પ્લાસ્ટિકની વેક્યુમ પેકિંગ કરેલા બોક્સ મળી આવ્યા હતા.જેમાં ૬.૫૪૦ કિલોગ્રામ હાઇ બ્રીડ ગાંજો હતો.

# હૉસ્પિટલમાં સ્ટોક હોવા છતાં મેડિસિન ન આપનારા સ્ટાફની આરોગ્ય પ્રધાને કરી હકાલપટ્ટી

અમદાવાદઃ દર્દીઓની સુવિધાઓને અસર કરતી બેદરકારીને ગંભીરતાથી લેતા, આરોગ્ય પ્રધાન પ્રફુલ્લ પાનશેરિયાએ પૂરતો સ્ટોક ઉપલબ્ધ હોવા છતાં દર્દીઓને દવાઓ ન આપવા બદલ જુનિયર ફાર્માસિસ્ટ સામે કડક કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો હતો.

પ્રધાને તપાસ કરવાના નિર્દેશ આપ્યા હતા. ત્યારબાદ અધિકારીઓ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી, જેમાં જાણવા મળ્યું હતું કે ગાંધીનગર ખાતે દવાઓનો પૂરતો સ્ટોક ઉપલબ્ધ હતો. તેમ છતાં, દર્દીઓને જરૂરી દવાઓ મળી રહી ન હોવાની ફરિયાદો થઈ રહી હતી.

આ સંદર્ભમાં, વિસનગર, (મહેસાણા જિલ્લો)માં પોસ્ટ કરાયેલા જુનિયર ફાર્માસિસ્ટ પ્રશાંત શ્રીમાળીની કચ્છમાં બદલી કરવામાં આવી હતી, અને તેમની સામે વિભાગીય તપાસ શરૂ કરવાના નિર્દેશો જારી કરવામાં આવ્યા હતા. અગાઉ પાનશેરિયાએ સુરતના સિવિલ હૉસ્પિટલનાં અધિકારી સામે પણ કડક પગલાં લીધા હતા.

# દાહોદની કારમાંથી ₹ ૨.૫૬ કરોડની રોકડ રકમ મળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દાહોદના લીમખેડા વિસ્તારમાં, પોલીસે ધાનપુર ચોકડી નજીક નિયમિત ચેકિંગ દરમિયાન એક કારને અટકાવી અને તેમાંથી ₹૨,૫૬,૮૦,૫૦૦ રોકડાવાળા ત્રણ શંકાસ્પદ પાર્સલ જપ્ત કર્યા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે આ પૈસા દાહોદની એક આંગડિયા પેઢીમાંથી વડોદરા લઈ જવામાં આવી રહ્યા હતા. ડ્રાઈવર રાજુભાઈ નિનામા કાનૂની દસ્તાવેજો રજૂ કરવામાં નિષ્ફળ ગયો હતો અને તેણે પોલીસને જણાવ્યું કે ભરત ચોપરાએ તેને રોકડ પહોંચાડવા કહ્યું હતું. બીએનએસએસની જોગવાઈઓ હેઠળ રકમ જપ્ત કરવામાં આવી હતી અને આવકવેરા વિભાગને જાણ કરવામાં આવી હતી, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

# જખૌ નજીક સુરક્ષા એજન્સીઓનું મેગા ઑપરેશનઃ 300 કરોડના હેરોઈન સાથે આઠ પાકિસ્તાની ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ સૌરાષ્ટ્ર-કચ્છના દરિયાઈ માર્ગે માદક પદાર્થ ઘૂસાડવાનું એક મોટું આંતરરાષ્ટ્રીય કાવતરું દેશની સુરક્ષા એજન્સીઓએ સફળતાપૂર્વક નિષ્ફળ બનાવ્યું હતું. કચ્છના જખૌ બંદર નજીક ભારતીય જળસીમામાંથી અંદાજે રૂ. ૩૦૦ કરોડની કિંમતનું ૬૦ કિલો હેરોઈન ઝડપી પાડવામાં આવ્યું હતું. આ સાથે જ બોટમાં સવાર ૮ પાકિસ્તાની ડ્રગ પેડલરોને દબોચી લેવાયા હતા.

ગુજરાત એટીએસને મળેલી ચોક્કસ ગુપ્ત બાતમીના આધારે ભારતીય કોસ્ટગાર્ડ સાથે મળીને દરિયામાં સંયુક્ત વોચ ગોઠવવામાં આવી હતી. શુક્રવારે મોડી રાત્રે જખૌ દરિયાકાંઠાથી આશરે ૩૫ નોટિકલ માઈલ દૂર ભારતીય જળસીમામાં એક શંકાસ્પદ પાકિસ્તાની ફિશિંગ બોટ આવતી જણાઈ હતી. કોસ્ટગાર્ડના જહાજે આ બોટને ઘેરીને આંતરી લીધી હતી. બોટની તલાશી લેતા તેમાંથી ૬૦ પેકેટ હેરોઈનનો જથ્થો મળી આવ્યો હતો. આંતરરાષ્ટ્રીય બજારમાં ૧ કિલો હેરોઈનની કિંમત રૂ. ૫ કરોડ ગણતાં પકડાયેલા ૬૦ કિલો જથ્થાની કિંમત અંદાજે રૂ. ૩૦૦ કરોડ થાય છે. પકડાયેલા આઠેય આરોપીઓ પાકિસ્તાનના કરાંચીના રહેવાસી હોવાનું ખુલ્યું છે. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે આ ડ્રગ્સનો જથ્થો દરિયાઈ માર્ગે કચ્છ ઉતારીને ત્યાંથી રોડ માર્ગે પંજાબ અને દિલ્હી સુધી પહોંચાડવાનો હતો. ગુનેગારો ગુજરાતના દરિયાકાંઠાનો ઉપયોગ માત્ર ટ્રાન્ઝિટ પોઈન્ટ તરીકે કરવા માગતા હતા. પકડાયેલા તમામ પાકિસ્તાની આરોપીઓ અને ડ્રગ્સના જથ્થાને ભુજ લાવવામાં આવ્યા છે, જ્યાં વિવિધ કેન્દ્રીય અને રાજ્ય સ્તરની સુરક્ષા એજન્સીઓ દ્વારા તેમની સઘન પૂછપરછ શરૂ કરવામાં આવી છે.

# ગાંધીનગરના દશેલા ખાતે ₹ ૧૨૮ કરોડના ખર્ચે મધુર ડેરીના નવનિર્મિત મિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટનું કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહના હસ્તે લોકાર્પણ

અમદાવાદઃ ગુજરાતની મુલાકાતે આવેલા કેન્દ્રીય ગૃહ અને સહકારીતા પ્રધાન અમિત શાહના હસ્તે ગાંધીનગરના દશેલા ખાતે મધુર ડેરીના નવનિર્મિત મિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અમિત શાહે જણાવ્યું હતું કે, દશેલા ખાતે ૧૫ એકર જમીનમાં રૂ. ૧૨૮ કરોડના ખર્ચે નવનિર્મિત આ સંપૂર્ણ ઓટોમેટિક મિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટ પશુપાલકોની આર્થિક ઉન્નતિનો આધાર બનશે. આ પ્લાન્ટ દૈનિક અઢી લાખ લીટર દૂધનું પ્રોસેસિંગ કરશે, જેને ભવિષ્યમાં પાંચ લાખ લીટર સુધી વધારવાનું આયોજન છે. આ પ્લાન્ટના સંચાલનનો ખર્ચ બાદ કર્યા પછી બચેલો આશરે ૭૫ ટકા નફો સીધો જ પશુપાલકોના બેંક ખાતામાં જમા થશે.

## વેપાર વાણિજ્ય

મધ્યપૂર્વમાં તણાવને કારણે ફુગાવો વધવાની ભીતિથી ચાલુ ખાતાની ખાધ દબાણમાં રાખવા

# સોના પરની આયાત જકાતમાં વધારો અને ભાવ ઉછળતાં માગમાં શૂન્યાવકાશથી સોનાના ભાવ પરના ડિસ્કાઉન્ટ ઉછળીને ઔંસદીઠ ૨૦૭ ડૉલર

કોમોડિટી

રમેશ ગોહિલ

અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની ચીનના પ્રમુખ શિ જિનપિંગ સાથેની મુલાકાત દરમિયાન અમેરિકા-ઈરાન વચ્ચેના યુદ્ધનો ઉકેલ અથવા તો અંત આવે તેવા આશાવાદે ગત સપ્તાહના આરંભિક તબક્કામાં ક્રૂડતેલના ભાવમાં પીછેહઠ જોવા મળતાં ફુગાવો દબાણ હેઠળ આવશે અને અમેરિકી ફેડરલ રિઝર્વ માટે વ્યાજદરમાં કપાતનો અવકાશ સર્જાય તેવી શક્યતાને ધ્યાનમાં લેતા સોના અને ચાંદીમાં તેજીનું વલણ જોવા મળ્યું હતું, પરંતુ અપેક્ષાથી વિપરીત આ બન્ને મહાનુભવોની મુલાકાત બહુ ખાસ ફળદાયી રહી ન હતી.

ખાસ કરીને બજારની અપેક્ષાનુસાર ઈરાન સાથેનાં યુદ્ધનો અંત આણવામાં ચીન મદદરૂપ થાય તેવા કોઈ સ્પષ્ટ સંકેતો મળ્યા ન હોવાથી ગત સપ્તાહના અંતે વૈશ્વિક સ્તરે બ્રેન્ટ ક્રૂડતેલના ભાવમાં ફરી તેજીનું વલણ રહેતાં વધીને બેરલદીઠ ૧૦૯.૪૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ ન્યૂયોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જમાં સપ્તાહના અંતે સોના અને ચાંદીમાં ઊંચા મથાળેથી અનુક્રમે બે ટકાનો અને ૭.૭ ટકાનો ઘટાડો આવ્યો હતો.

એકંદરે સપ્તાહ દરમિયાન વૈશ્વિક સ્તરે સોના અને ચાંદીમાં તેજીનું વલણ રહેવાની સાથે આગલા રવિવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પશ્ચિમ એશિયાની કટોકટી અને બંધ થયેલા સ્ટ્રેટ ઑફ હોર્મુઝ દરઈયાઈ માર્ગને કારણે ક્રૂડતેલ અને નેચરલ ગૅસના વધેલા ભાવને કારણે ફુગાવામાં થનારી અપેક્ષિત વૃદ્ધિ, ચાલુ ખાતાની ખાધને દબાણ હેઠળ રાખવા અને વિદેશી હૂંડિયામણની અનામતને બચાવવા માટે દેશની જનતાને એક વર્ષ સુધી સોનાની બિનજરૂરી ખરીદી તેમ જ વિદેશ પ્રવાસો ટાળવાનું આહ્વાન કર્યું હતું.

વધુમાં ગત સપ્તાહના આરંભમાં જ સરકારે સોના અને ચાંદીની આયાત જકાત જે છ ટકા હતી તે વધારીને ૧૫ ટકા કરી હતી. તેમ જ જ્વેલરીની નિકાસ માટે થતી સોનાની આયાત મર્યાદિત કરી નાખતાં લાઈસન્સદીઠ આયાતની મર્યાદા ૧૦૦ કિલોગ્રામ નિર્ધારીત કરી હતી. તથા સપ્તાહના અંતે ચાંદીની આયાતને નિયંત્રિત શ્રેણીમાં મૂકીને નિયંત્રિત કરી હતી. વૈશ્વિક સ્તરે સોના અને ચાંદીમાં તેજીના વલણ સાથે સરકારી પગલાંને ધ્યાનમાં લેતા સ્થાનિક ઝવેરી બજારમાં ગત સપ્તાહે બન્ને કિંમતી ધાતુઓના ભાવમાં ઉછાળા અને આંચકા જોવા મળ્યા હોવા છતાં અંતે સાપ્તાહિક ધોરણે ભાવ સુધારા સાથે બંધ રહ્યા હતા.

ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહના આરંભે હાજરમાં ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત આઠમી મેના રૂ. ૧,૫૧,૦૭૮ના બંધ સામે સાધારણ નરમાઈના અન્ડરટોને રૂ. ૧,૫૦,૨૭૭ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં ખૂલતી જ રૂ. ૧,૫૦,૨૭૭ની સપાટી અને ઉપરમાં રૂ. ૧,૬૧,૯૫૯ની રેન્જમાં રહીને અંતે સાપ્તાહિક ધોરણે ૪.૭૨ ટકા અથવા તો રૂ. ૭૧૩૨ વધીને રૂ. ૧,૫૮,૨૧૦ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે હાજરમાં ૯૯૯ ટચ ચાંદીના વેરારહિત ધોરણે કિલોદીઠ ભાવ આગલા સપ્તાહના અંતના રૂ. ૨,૫૫,૬૦૦ના બંધ સામે રૂ. ૨,૫૫,૩૦૦ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૨,૫૫,૩૦૦ અને ઉપરમાં રૂ. ૨,૮૭,૭૨૦ સુધી ઉછળીને અંતે સાપ્તાહિક ધોરણે ૫.૦૪ ટકા અથવા તો રૂ. ૧૨,૯૦૦ની તેજી સાથે રૂ. ૨,૬૮,૫૦૦ની સપાટીએ બંધ રહ્યા હતા. ગત સપ્તાહે ખાસ કરીને સોનાના ભાવમાં અણધાર્યો ઉછાળો આવતાં વેચવાલીનું દબાણ વધ્યું હતું, પરંતુ તેની સામે જ્વેલરો અને રિટેલરો નવી ખરીદીથી દૂર રહ્યા હોવાથી સ્થાનિકમાં ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ ૨૦૭ ડૉલર સુધીનાં ડિસ્કાઉન્ટ સાથે ઓફર કરી રહ્યા હોવાનું હૈદ્રાબાદ સ્થિત એક ડીલરે જણાવ્યું હતું, જ્યારે મુંબઈ સ્થિત એક બુલિયન ડીલરે જણાવ્યું હતું કે સ્થાનિક સ્તરે સ્ક્રેપનો પુરવઠો વધવાની સાથે માગમાં શૂન્યાવકાશ થવાથી ડિસ્કાઉન્ટ ઊંચી સપાટીએ ક્વૉટ થઈ રહ્યા છે.

ગત સપ્તાહે ભારતે સોનાની આયાત જકાતમાં વધારો કરવાની સાથે આયાત નિયંત્રણો કડક બનાવ્યા હોવાથી સ્થાનિક સ્તરે સોનાના ઓનલાઈન વાયદામાં સાપ્તાહિક ધોરણે સુધારો જોવા મળ્યો હતો, જ્યારે વૈશ્વિક બજારમાં સોનાના વાયદામાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું. વધુમાં ગત સપ્તાહે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં ૧૩૨ પૈસાનું ધોવાણ થયું હોવાથી સોનાની આયાત પડતરો વધવાથી અમુક અંશે વૈશ્વિક સ્તરના ભાવઘટાડાની સ્થાનિકમાં અસર જોવા નહોતી મળી, એમ એસએમસી ઈન્વેસ્ટમેન્ટ ઍન્ડ ઍડવાઈઝર્સના વિશ્લેષકે જણાવ્યુ હતું.

જોકે, ક્રૂડતેલના વધી રહેલા ભાવ અને સ્ટ્રેટ ઑફ હોર્મુઝ માર્ગ ખૂલવા અંગે તથા અમેરિકા-ઈરાન વચ્ચે શાંતિ બાબતે અનિશ્ચિતતાના વાદળો ઘેરાયેલા રહ્યા હોવાથી તેમ જ ગત એપ્રિલ મહિનામાં અમેરિકા ખાતે જથ્થાબંધ ફુગાવો વર્ષ ૨૦૨૨ પછીની સૌથી ઝડપી ગતિએ વધ્યો હતો અને રિટેલ ફુગાવામાં વર્ષ ૨૦૨૩ પછીનો ઝડપી ઉછાળો જોવા મળ્યો હોવાથી અમેરિકી ફેડરલ રિઝર્વ હવે લાંબા સમયગાળા સુધી હાલના વ્યાજદર જાળવી રાખે એવી શક્યતા પ્રબળ બની હોવાનું તેમણે જણાવતાં ઉમેર્યું હતું કે અમારા મતે આગામી સપ્તાહ દરમિયાન વૈશ્વિક સોનાના ભાવ ઔંસદીઠ ૪૪૦૦થી ૪૯૦૦ની રેન્જમાં અને ચાંદીના ભાવ ઔંસદીઠ ૭૧થી ૯૦ ડૉલરની રેન્જમાં રહે તેવી શક્યતા છે, જ્યારે સ્થાનિકમાં સોના અને ચાંદીના ઓનલાઈન વાયદામાં ભાવની રેન્જ અનુક્રમે ૧૦ ગ્રામદીઠ રૂ. ૧,૫૨,૦૦૦છી ૧,૬૭,૦૦૦ની અને કિલોદીઠ રૂ. ૨,૬૫,૦૦૦થી ૩,૦૦,૦૦૦ની રેન્જ રહે તેવી શક્યતા નકારી ન શકાય. ગત સપ્તાહના અંતે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને અમેરિકી ૧૦ વર્ષીય બૉન્ડની યિલ્ડ વધીને એક વર્ષની ઊંચી સપાટીએ રહેતાં ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર હાજરમાં સોનાના ભાવ બે ટકાના ઘટાડા સાથે ગત ૪, મે પછી નીચી ઔંસદીઠ ૪૫૫૭.૬૧ ડૉલર આસપાસની સપાટીએ બંધ રહ્યા હતા અને સાપ્તાહિક ધોરણે ભાવમાં ૨.૫૦ ટકાનો ઘટાડો નોંધાયો હતો, જ્યારે જૂન ડિલિવરી વાયદામાં ભાવ ૨.૭ ટકા ઘટીને ઔંસદીઠ ૪૫૬૧.૯૦ ડૉલરના મથાળે બંધ રહ્યા હતા અને હાજરમાં ચાંદીના ભાવ ૭.૭ ટકાના કડાકા સાથે ઔંસદીઠ ૭૭.૦૭ ડૉલર આસપાસના મથાળે બંધ રહ્યા હતા.

હાલમાં ડૉલર ઈન્ડેક્સની મજબૂતી ઉપરાંત અમેરિકા સહિતના બૉન્ડની યિલ્ડમાં વધારો જોવા મળી રહ્યો હોવાથી દરેક કિંમતી ધાતુઓમાં ઊંચા મથાળેથી વેચવાલીનું દબાણ રહેતું હોવાનું મેરેક્સનાં વિશ્લેષક એડવર્ડ મેઈરે જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચે યુદ્ધ થયું ત્યારથી અથવા તો ગત ૨૮મી ફેબ્રુઆરીથી અત્યાર સુધીમાં ક્રૂડતેલના ભાવમાં ૪૦ ટકા જેટલો ઉછાળો આવવાને કારણે વૈશ્વિક સ્તરે ફુગાવો વધવાની ભીતિ સપાટી પર આવી હોવાથી કેન્દ્રવર્તી બૅન્કો વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા ઓસરી જવાથી સોનાની માગ પર માઠી અસર પડી રહી છે, જ્યારે ચાંદીમાં ઓવરબોટ પોઝિશનને કારણે ભાવમાં કરેક્શન જોવા મળ્યું હોવાનું સૂત્રો જણાવે છે.

# મે મહિનામાં અત્યાર સુધીમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ ₹ ૨૭,૦૦૦ કરોડ પાછાં ખેંચ્યા

નવી દિલ્હીઃ વૈશ્વિક બૃહદ આર્થિક અને ભૂરાજકીય પરિબળોને ધ્યાનમાં લેતા વિદેશી રોકાણકારોએ સાવચેતીનો અભિગમ અપનાવતા વર્તમાન મે મહિનામાં અત્યાર સુધીમાં ભારતીય ઈક્વિટી માર્કેટમાંથી રૂ. ૨૭,૦૪૮ કરોડ પાછાં ખેંચ્યા છે. આ સાથે જ વર્તમાન કેલેન્ડર વર્ષ ૨૦૨૬માં ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોનો કુલ બાહ્યપ્રવાહ રૂ. ૨.૨ લાખ કરોડની સપાટીએ પહોંચ્યો છે. નોંધનીય બાબત એ છે કે આ બાહ્યપ્રવાહ ગત સમગ્ર વર્ષ ૨૦૨૫નાં રૂ. ૧.૬૬ લાખ કરોડનાં બાહ્યપ્રવાહની સપાટી પાર કરી ગયો હોવાનું એનએસડીએલએ એક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારાની એકમાત્ર ગત ફેબ્રુઆરીમાં ચોખ્ખી લેવાલી રહેતાં ૧૭ મહિનાનો સૌથી વધુ રૂ. ૨૨,૬૧૫ કરોડનો આંતરપ્રવાહ રહ્યો હતો. તે પૂર્વે જાન્યુઆરીમાં રૂ. ૩૫,૯૬૨ કરોડ, માર્ચમાં રૂ. ૧.૧૭ લાખ કરોડ અને એપ્રિલમાં રૂ. ૬૦,૮૪૭ કરોડનો ચોખ્ખો બાહ્ય પ્રવાહ રહ્યો હતો. તેમ જ વર્તમાન મે મહિનામાં પણ અત્યાર સુધીમાં રૂ. ૨૭,૦૦૦ કરોડનો બાહ્ય પ્રવાહ રહ્યો છે. એકંદરે વૈશ્વિક પરિબળોને કારણે આર્થિક અનિશ્ચિતતા, ભૂરાજકીય કટોકટી, ક્રૂડતેલના વધતાં ભાવ, ફુગાવામાં વધારાને કારણે ઊભરતી બજારો પર વધુ માઠી અસર પડવાની ભીતિને કારણે તાજેતરમાં વિદેશી રોકાણકારોનો ચોખ્ખો બાહ્યપ્રવાહ જોવા મળી રહ્યો હોવાનું મોર્નિંગસ્ટાર ઈન્વેસ્ટમેન્ટ રિસર્ચ ઈન્ડિયાના રિસર્ચ મેનેજર હિમાંશુ શ્રીવાસ્તવાએ જણાવ્યું હતું. ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને બૉન્ડની યિલ્ડમાં વધારો થવાથી વિકસિત બજારોમાં વધુ વળતર છૂટવાની સાથે સલામતીનું પ્રમાણ વધુ રહેવાથી વેચવાલીનું દબાણ વધુ રહેતું હોવાનું જણાવતા તેમણે ઉમેર્યું હતું કે વૈશ્વિક સ્તરે ફુગાવો વધવાની સાથે અનિશ્ચિતતા વધવાથી કેન્દ્રવર્તી બૅન્કો વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા પાતળી થવાને કારણે પણ રોકાણકારો રોકાણ છૂટા કરી રહ્યા છે.

# અમેરિકા-ઈરાન વચ્ચેના વિવાદના અહેવાલ અને ક્રૂડતેલના ભાવ પર બજારની વધઘટ અવલંબિત

નવી દિલ્હીઃ અમેરિકા અને ઈરાન વચ્ચેનાં ભૂરાજકીય તણાવના અહેવાલો, વિદેશી સંસ્થાકીય રોકાણકારોના આંતરપ્રવાહ અને ક્રૂડતેલના ભાવની સપ્તાહ દરમિયાન સ્થાનિક ઈક્વિટી માર્કેટ પર અસર જોવા મળશે. વધુમાં ગત સપ્તાહે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયાએ ૯૬ની સપાટી કુદાવી હોવાથી વર્તમાન ડૉલર સામે રૂપિયાની વધઘટની પણ બજાર પર અસર જોવા મળે તેવી શક્યતા વિશ્લેષકો વ્યક્ત કરી રહ્યા છે. અમેરિકા અને ઈરાનના વિવાદ ઉપરાંત ફુગાવાની વધઘટ માટે અસરકારક ગણાતા ક્રૂડતેલના ભાવ પર મંડાયેલી રહેશે. આ ઉપરાંત ગત સપ્તાહે ડૉલર સામે રૂપિયો સત્ર દરમિયાન ગબડીને ૯૬ની સપાટી વટાવી ગયો હોવાથી આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયાનું વલણ કેવું રહેશે તેની ધારણાઓની પણ બજાર પર અસર રહેશે, એમ રેલિગેર બ્રોકિંગ લિ.ના સિનિયર વાઈસ પ્રેસિડૅન્ટ અજિત મિશ્રાએ જણાવ્યું હતું.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

પશ્ચિમ રેલવે - રાજકોટ મંડળ

**ડિઝાઇન, આપૂર્તિ, સ્થાપના, પ્રોગ્રામિંગ, પરીક્ષણ અને કમિશનિંગ**

**ઈ-ટેન્ડર સૂચના નંબર: SnT_W_RJT_BQ_26-01; તારીખ:- 16.05.2026;** ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના વતી કાર્ય કરતા નાયબ Dy. CSTE/W/RJT ટેન્ડર નંબર SnT_W_RJT_BQ_26-01 સામે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. બિડર્સ તેમની મૂળ/સુધારેલી બિડ ફક્ત અંતિમ તારીખ અને સમય સુધી જ જમા કરી શકશે. આ ટેન્ડર સામે મેન્યુઅલ ઓફરને મંજૂરી નથી, અને પ્રાપ્ત થયેલી કોઈપણ મેન્યુઅલ ઓફરને અવગણવામાં આવશે. **(1) ટેન્ડર નંબર: SnT_W_RJT_ BQ_26-01; (2) કાર્યનું નામ અને તેનું સ્થાન:** રાજકોટ ડિવિઝન ના વાવણીયા, દહીંસરા, બરવાળા રોડ અને ભક્તિનગર સ્ટેશનો ખાતે ઇન્ડોર / આઉટડોર S&T કામ અને ઇલેક્ટ્રોનિક ઇન્ટરલોકિંગની ડિઝાઇન, આપૂર્તિ, સ્થાપના, પ્રોગ્રામિંગ, પરીક્ષણ અને કમીશનીંગ નું કામ. **(3) કાર્યની અંદાજિત કિંમત:** ₹ 249407625.40/- (રૂપિયા ચોવીસ કરોડ ચોરાણું લાખ સાત હજાર છસો પચીસ અને પૈસા ચાલીસ માત્ર); **(4) જમા કરાવવા માટે અર્નેસ્ટ મની:** ₹ 4988200.00; **(5) ઈ-ટેન્ડર દસ્તાવેજો જમા કરવા માટે બંધ કરવાનો સમય અને તારીખ:** 08/06/2026 ના રોજ 15:00 કલાકે; **(6) વેબ સાઇડ વિગતો અને સંપૂર્ણ વિગતો જોઇ શકાય તેવા સ્થાન માટે સૂચના વગેરે:** https//www.ireps.gov.in; ડેપ્યુટી ચીફ સિગ્નલ અને ટેલિકોમ્યુનિકેશન એન્જિનિયર / વર્ક્સ, બીજો માળ ડીઆરએમ ઓફિસ કેમ્પસ, પશ્ચિમ રેલ્વે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ - 360001

RJT – 026

અમને લાઇક કરો: facebook.com/WesternRly

પશ્ચિમ રેલવે - ભાવનગર ડિવિઝન

**નોન-ઇન્ટરલોક્ડ લેવલ પર ગેટ સિગ્નલિંગ માટે રિલે હટ્સની જોગવાઈ**

**નં. W/118/NIT/E-Tender/2026-27/WA/09 તારીખ: 15/05/2026; ઈ-ટેન્ડર નં. 29-2026-27 થી 30-2026-27;** ડિવિઝનલ રેલવે મેનેજર (કાર્ય) પશ્ચિમ રેલવે, ભાવનગર પરા નીચે જણાવેલ કામો માટે ઈ-ટેન્ડર આવકારે છે. ટેન્ડરની વિગતો નીચે મુજબ છે :

| અનુ. નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | ટેન્ડર મૂલ્ય (₹) | ઈએમડી (₹) |
|---|---|---|---|---|
| 01 | 29-2026-27 | ભાવનગર ડિવિઝન: DEN (પશ્ચિમ) અધિકારક્ષેત્ર હેઠળ નોન-ઇન્ટરલોક્ડ | 32351011.87 | 647000.00 |
| | | લેવલ ક્રોસિંગ પર ગેટ સિગ્નલિંગ માટે રિલે હટ્સની જોગવાઈ (13 LCs) કાર્ય મંજૂર થયેલ ની સામે ભાવનગર ડિવિઝન: DEN (પશ્ચિમ) અધિકારક્ષેત્ર હેઠળ નોન-ઇન્ટરલોક્ડ લેવલ ક્રોસિંગ પર ગેટ સિગ્નલિંગ માટે રિલે હટ્સની જોગવાઈ. (24 LCS). | | |
| 02 | 30-2026-27 | ભાવનગર ડિવિઝન : સિની. DEN (મધ્ય) અધિકારક્ષેત્ર હેઠળ નોન-ઇન્ટરલોક્ડ | 27373890.98 | 547500.00 |
| | | લેવલ ક્રોસિંગ પર ગેટ સિગ્નલિંગ માટે રિલે હટ્સની જોગવાઈ (11 LCs) કાર્ય મંજૂર થયેલ ની સામે ભાવનગર ડિવિઝન સિની. DEN (પશ્ચિમ) અધિકારક્ષેત્ર હેઠળ નોન-ઇન્ટરલોક્ડ લેવલ ક્રોસિંગ પર ગેટ સિગ્નલિંગ માટે રિલે હટ્સની જોગવાઈ. (24 LCS). | | |

**ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે: બિડિંગ શરૂ થવાની તારીખ:** 25/05/2026; **બિડિંગ બંધ થવાની તારીખ:** 08/06/2026; વધુ વિગતો માટે કૃપા કરીને www.ireps.gov.in પર લોગ ઇન કરો.

BVP – 035

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

મહારાષ્ટ્રમાં મોટો ભૂકંપ?

# ‘સાહેબ, કંઈક કરો, પાર્ટીમાં રહેવું મુશ્કેલ છે...’

## અજિત પવાર જૂથના વિધાનસભ્યનો શરદ પવારને ફોન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાજ્યમાં સત્તાધારી મહાયુતિ માટે આગામી દિવસોમાં માઠા સમાચાર આવે એવી શક્યતાઓ જોવાઈ રહી છે. ભાજપ દ્વારા ઓપરેશન લોટસ અને શિવસેના દ્વારા ઓપરેશન ટાઈગરને અત્યારે વિરામ આપવામાં આવ્યો હોવાનું કહેવાઈ રહ્યું છે ત્યારે સત્તાધારી ગઠબંધનના ત્રીજા મોટા પક્ષ એનસીપીમાંથી મોટાપાયે હિજરત જોવા મળે એવી શક્યતાઓ નિર્માણ થઈ છે. મહારાષ્ટ્રની રાજનીતિના સૌથી મજબૂત સ્તંભ તરીકે ઓળખાતા શરદ પવારને એસઓએસના મેસેજ પાઠવવામાં આવી રહ્યા છે અને જાણવા મળ્યા મુજબ આ સંદેશ મહાયુતિના ઘટકપક્ષ એનસીપીના વિધાનસભ્યો દ્વારા મોકલવામાં આવ્યા છે.

મહારાષ્ટ્રના રાજકીય વર્તુળમાં મોટી ઘટનાઓએ વેગ પકડ્યો છે. અજિત પવારની એનસીપીના વિધાનસભ્યો છેલ્લા કેટલાક દિવસોથી ખૂબ જ અસ્વસ્થતા અનુભવી રહ્યા છે. સૂત્રોએ વિશ્વસનીય માહિતી આપી છે કે આ અસ્વસ્થતાને કારણે કેટલાક વિધાનસભ્યોએ ફોન પર એનસીપીના સિનિયર નેતા શરદ પવારનો સંપર્ક કર્યો છે. ‘સાહેબ, વર્તમાન રાજકીય પરિસ્થિતિમાં પાર્ટીમાં રહેવું મુશ્કેલ બની ગયું છે, હવે તમે કંઈક કરો’, એવી કાકલૂદી આ ફોન પર કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. આંતરિક અશાંતિ અને ભવિષ્યની રાજકીય અનિશ્ચિતતાને કારણે વિધાનસભ્યો અત્યંત ચિંતિત હોવાનું કહેવાય છે.

અજિત પવારના મૃત્યુ પછી એનસીપી પક્ષનું નેતૃત્વ સુનેત્રા પવારના હાથમાં સોંપવામાં આવ્યું હતું. જોકે, ત્યારબાદ અનેક રાજકીય ઘટનાક્રમ જોવા મળ્યા છે. એનસીપી દ્વારા ૨૯ એપ્રિલે કેન્દ્રીય ચૂંટણી પંચને મોકલવામાં આવેલા પત્રમાં પ્રફુલ પટેલ, સુનીલ તટકરે અને કેટલાક અન્ય વરિષ્ઠ નેતાઓને બાકાત રાખવામાં આવ્યા હોવાનું બહાર આવ્યું હતું. આને પગલે એનસીપીમાં શાંતિ નથી. એનસીપીનું નેતૃત્વ સુનેત્રા પવાર પાસે નહીં, પરંતુ તેમના પુત્ર પાર્થ પવાર અને જય પવાર પાસે ગયું હોવાનું કહેવાય છે. આને કારણે જ પટેલ અને તટકરેની પાંખો કાપવામાં આવી રહી હોવાની ચર્ચા શરૂ થઈ છે. એવું કહેવાય છે કે એનસીપીના અજિત પવાર જૂથના વિધાનસભ્યોની બેચેની વધી રહી છે. બીજી તરફ, સૂત્રોએ માહિતી આપી હતી કે આમાંથી કેટલાક શરદ પવારનો સંપર્ક કરી ચૂક્યા છે.

એનસીપીના અજિત પવાર જૂથના વિધાનસભ્યોએ વરિષ્ઠ નેતા શરદ પવારનો સંપર્ક કર્યો છે.

આ બધી ઘટનાઓ ચાલી રહી હતી, ત્યારે મુંબઈમાં એક મોટી ગુપ્ત રાજકીય બેઠકમાં નાટકીય ઘટના બની. અજિત

(જુઓ પાનું ૪) ▶▶

# ૨૪ કલાકમાં સરકારનો યુ-ટર્ન

## ઓલા, ઉબેર અને રેપિડોની એપ્સને પ્લે સ્ટોરમાંથી દૂર કરવાનો નિર્ણય પાછો ખેંચ્યો

મુંબઈ: મહારાષ્ટ્રના લાખો મુસાફરોને મોટી રાહત આપતા, મહારાષ્ટ્ર સાયબર વિભાગે ઓલા, ઉબેર અને રેપિડોની એપ્સને ગૂગલ પ્લે સ્ટોર અને એપલ એપ સ્ટોર પરથી માત્ર ૨૪ કલાકમાં દૂર કરવાના પોતાના આદેશ પર સ્ટે મૂક્યો છે. સરકારે ૨૪ કલાકની અંદર પોતાના નિણર્યમાંથી યુ-ટર્ન લેતાં મુસાફરોને રાહત થશે અને ઓફિસ જવા નિયમિત આ સેવાનો ઉપયોગ કરનારા અઠવાડિયાના પહેલા દિવસે સોમવારે સમયસર ઓફિસ પહોંચી શકશે.

શુક્રવારે સાયબર વિભાગે આઇટી એક્ટની કલમ ૭૯ (૩) (બ) હેઠળ ગુગલ અને એપલને નોટિસ મોકલીને ત્રણેય એપ્સને બ્લોક કરવાનો આદેશ આપ્યો હતો, જેનાથી દેશના ટેક અને ટ્રાન્સપોર્ટ વર્તુળોમાં ખળભળાટ મચી ગયો હતો. હકીકતમાં, ગયા વર્ષે, સરકારે ‘મહારાષ્ટ્ર બાઇક ટેક્સી રૂલ્સ ૨૦૨૫’

(જુઓ પાનું ૪) ▶▶

### કેમ પાછો ખેંચાયો નિર્ણય?

જો આ એપ્સ પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકવામાં આવ્યો હોત, તો રાજ્યમાં કેબ અને ઓટો સેવાઓ સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગઈ હોત, જેના કારણે નાગરિકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હોત. તેથી સૂત્રોએ માહિતી આપી હતી કે સરકાર હવે કેબ સેવાઓમાં ખલેલ પહોંચાડ્યા વિના ફક્ત ‘ગેરકાયદેસર બાઇક ટેક્સીઓ’ કેવી રીતે બંધ કરવી તે અંગે મધ્યમ માર્ગ શોધી રહી છે. સરકારે એક જ દિવસમાં એપ પર પ્રતિબંધ મૂક્યો હોત તો આ નિર્ણય કોર્ટમાં કેટલો સમય ટકી શક્યો હોત, તે બાબત પણ કેટલાક અધિકારીઓને શંકા હતી. તેથી જ એવું કહેવાય છે કે એપ પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય પાછો ખેંચી લેવામાં આવ્યો છે.

હાલ પૂરતું, સામાન્ય મુસાફરોની દુર્દશા ટાળવા માટે જૂની એપ્સ કાર્યરત રહેશે, પરંતુ સૂત્રોએ માહિતી આપી હતી કે સાયબર ટીમ ગેરકાયદેસર બાઇક ટેક્સીઓ પર ટેકનિકલ રોક કેવી રીતે લગાવવી તે અંગે કામ કરી રહી છે. દરમિયાન, આ બાઇક ટેક્સી વિવાદ ૨૦૨૦ થી ચાલી રહ્યો છે. રેપિડોએ લાઇસન્સ વિના તેની સેવા શરૂ કર્યા પછી, બોમ્બે હાઇકોર્ટ અને સુપ્રીમ કોર્ટે પણ ખાનગી ટુ-વ્હીલર્સના વ્યાપારી ઉપયોગ પર પ્રતિબંધ મૂકીને કંપનીને ફટકો આપ્યો હતો. ■

# સુનેત્રા પવારની મુશ્કેલીઓ વધશે

## નાયબ મુખ્ય પ્રધાનપદ અંગે ફરી રાજ્યપાલને ફરિયાદ, હવે સરકારી આદેશ દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: નાયબ મુખ્ય પ્રધાન અજિતદાદા પવારનું વિમાન દુર્ઘટનામાં મૃત્યુ થયા બાદ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીમાં ખૂબ જ નાટકીય ઘટનાક્રમ બની રહ્યો છે. એનસીપીની નવી રાષ્ટ્રીય કાર્યકારિણીની યાદીમાંથી પ્રફુલ પટેલ અને સુનીલ તટકરેના નામ બાકાત રાખવામાં આવ્યા હતા. આ કારણે સુનેત્રા પવારના નિર્ણય અંગે ચર્ચા થઈ હતી. ત્યારબાદ ફરી એકવાર પવાર સામે ફરિયાદ થતાં તેમનો મુદ્દો ચર્ચામાં આવ્યો છે. સુનેત્રા પવારે ૩૧ જાન્યુઆરીએ નાયબ મુખ્ય પ્રધાનપદના શપથ લીધા હતા. તેઓ મહારાષ્ટ્રના પ્રથમ મહિલા નાયબ મુખ્ય પ્રધાન બન્યા છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે તેમને શપથ લેવડાવ્યા હતા. જોકે, આ ચાર દિવસમાં જ રાજ્યપાલને તેમના શપથ ગ્રહણને ગેરકાયદે જાહેર કરવા માટે પત્ર આપવામાં આવ્યો હતો અને તેમની પાસે ફરીથી શપથ લેવડાવવાની માગણી કરવામાં આવી હતી. આ ફરિયાદના ૧૦૩ દિવસ પછી પણ રાજ્યપાલ કાર્યાલય દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં ન આવી હોવાથી, આ મામલે ફરી એકવાર ફરિયાદ કરવામાં આવી છે. વર્ધાના એડવોકેટ હર્ષવર્ધન શોભા બાબારાવ ગોડઘાટેએ હવે સીધી રાજ્યપાલને ફરિયાદ કરી છે. આમાં તેમણે શપથવિધિ માટે સરકારના જ એક આદેશને આધાર બનાવીને ૧૦૩ દિવસમાં કોઈ કાર્યવાહી કેમ ન કરવામાં આવી તે અંગે સવાલ ઉપસ્થિત કર્યો છે. ■

### શું છે આખો મામલો?

૩૧ જાન્યુઆરીએ રાજ્યપાલ કાર્યાલય તરફથી એક પ્રેસ રિલીઝ પણ બહાર પાડવામાં આવી હતી. તેમાં નાયબ મુખ્ય પ્રધાનનો પણ ઉલ્લેખ છે, પરંતુ ભારતીય બંધારણની કલમ ૧૬૪ મુજબ, પ્રધાનો સંબંધિત અન્ય જોગવાઈઓમાં, ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે મુખ્ય પ્રધાનની નિમણૂંક રાજ્યપાલ દ્વારા કરવામાં આવશે

(જુઓ પાનું ૪) ▶▶

### બીજી વખત ફરિયાદ કેમ કરવામાં આવી?

એડ. હર્ષવર્ધન ગોડઘાટે દ્વારા રાજ્યપાલને કરવામાં આવેલી ફરિયાદ મુજબ, બંધારણના ત્રણ અનુસૂચિત રાજ્યોના મંત્રીઓ માટે શપથનો નમૂનો આપવામાં આવ્યો છે. તે મુજબ, તેમણે શપથ લઈને મુખ્ય પ્રધાન દ્વારા આપવામાં આવેલા પોર્ટફોલિયોની જવાબદારી લેવી જોઈએ. નહિંતર, એવો સંદેશ જશે કે મહારાષ્ટ્ર જેવા રાજ્યમાં ભારતના બંધારણનું રક્ષણ કરવાની

(જુઓ પાનું ૪) ▶▶

# પાર્થ પવારની ફડણવીસ સાથેની મુલાકાત ચડી ચર્ચાને ચકડોળે, પાર્ટીના બધા જ સૂત્રો પાર્થ પાસે?

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: એનસીપીના અજિત પવાર જૂથમાં પ્રફુલ પટેલ અને સુનીલ તટકરેની નિમણૂકને લઈને ખાસ્સી ચર્ચાઓ થઈ રહી છે અને મહાયુતિમાં પણ એનસીપીમાં બધું સમુસૂતરું નથી એવી ચર્ચા ચાલી રહી છે, ત્યારે શનિવારે રાત્રે એનસીપીના નેતા પાર્થ પવાર રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને તેમના સત્તાવાર નિવાસસ્થાન ‘વર્ષા’ ખાતે મળ્યા હતા. મોડી રાત્રે થયેલી આ ગુપ્ત બેઠક બાદ રાજ્યના રાજકીય વર્તુળોમાં અનેક ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે.

નોંધનીય છે કે, આ મહત્વપૂર્ણ બેઠક દરમિયાન પાર્થ પવાર એકલા ગયા હતા. સૂત્રો પાસેથી મળતી આધારભૂત માહિતી મુજબ એનસીપીના કોઈ વરિષ્ઠ નેતા કે અન્ય સાથીદાર તેમની સાથે હાજર નહોતા. એવું માનવામાં આવે છે કે બંને નેતાઓએ લગભગ પંદર મિનિટ સુધી ચર્ચા કરી હતી, પરંતુ આ બેઠકનું સત્તાવાર કારણ હજુ પણ ખાનગી રાખવામાં આવ્યું છે.

આ બેઠક રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીમાં હાલમાં ચાલી રહેલા તીવ્ર આંતરિક

(જુઓ પાનું ૪) ▶▶

# થાણે-બોરીવલી ટનલ પ્રોજેક્ટ: એક વર્ષ માટે ટ્રાફિકમાં ફેરફાર

થાણે: સંજય ગાંધી રાષ્ટ્રીય ઉદ્યાન હેઠળથી પસાર થતા થાણે-બોરીવલી રોડ ટનલ પ્રોજેક્ટનું કામ હાલમાં ઘોડબંદરના મુલ્લાબાગ વિસ્તારમાં ચાલી રહ્યું છે. આ પ્રોજેક્ટ મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) દ્વારા હાથ ધરવામાં આવ્યો છે જેથી થાણેથી બોરીવલી માત્ર થોડી મિનિટોમાં પહોંચી શકાય

આ કાર્ય માટે થાણે ટ્રાફિક પોલીસે મુલ્લાબાગ વિસ્તારમાં ટ્રાફિક ફેરફારો લાગુ કર્યા છે. આ ટ્રાફિક ફેરફારો શનિવાર, ૧૬ મે, ૨૦૨૬ થી ૧૫ મે, ૨૦૨૭ સુધી એટલે કે એક વર્ષ માટે લાગુ કરવામાં આવ્યા છે.

થાણે પોલીસ ટ્રાફિક વિભાગે આ ટ્રાફિક ફેરફાર માટે એક સૂચના જારી કરી છે.

એક વર્ષ માટે લાગુ થયેલા આ ફેરફાર મુજબ મુલ્લા બાગમાં હિલક્રેસ્ટ હાઉસિંગ કોમ્પ્લેક્સથી નીલકંઠ ગ્રીન હાઉસિંગ કોમ્પ્લેક્સ તરફ જતા વાહનોને સત્ય-શંકર સોસાયટી પાસે પ્રવેશવા પર પ્રતિબંધ રહેશે. અહીં વાહનો નીલકંઠ ગ્રીન હાઉસિંગ કોમ્પ્લેક્સથી વિરુદ્ધ દિશામાં જશે.થાણે શહેરના ઘોડબંદર રોડથી હજારો ભારે અને હળવા વાહનો ગુજરાત, વસઈ-વિરાર, બોરીવલી, મીરા-ભાયંદર થઈને ઘોડબંદર ઘાટ રોડ તરફ જાય છે. ઘાટ રોડ પરની લેન સાંકડી હોવાથી વાહનચાલકોને નિયમિત રીતે ટ્રાફિક જામનો સામનો કરવો પડે છે. ■

# પશ્ચિમ બંગાળમાં આશ્રમ નજીક ત્રણ સૉકેટ બૉમ્બથી ધડાકા કરી દુકાનદારને ધમકાવ્યો

## બે ફરાર આરોપીને મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે બોરીવલીથી ઝડપી પાડ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદમાં ગભરાટ ફેલાવવા માટે આશ્રમ નજીક ત્રણ સૉકેટ બૉમ્બથી ધડાકા કર્યા બાદ કરિયાણાની દુકાનના માલિકને ધમકાવનારી ગૅન્ગના બે ફરાર સાગરીતને મુંબઇ ક્રાઇમ બ્રાન્ચે બોરીવલી સ્ટેશન પરથી ઝડપી પાડ્યા હતા. આરોપીઓની ઓળખ રોકી ઉર્ફે આશિક રહેમાન ખાન (૨૪) અને શહાદત સોહરાબ સરકાર (૩૫) તરીકે થઇ હોઇ તેમને વધુ તપાસ માટે પશ્ચિમ બંગાળની બહેરામપુર પોલીસને હવાલે કરવામાં આવ્યા હતા.

મુર્શિદાબાદ જિલ્લામાં રહેતા અને કરિયાણાની દુકાન ધરાવતા પશુપતિનાથ સાહાએ આ પ્રકરણે ૧૪ મેના રોજ બહેરામપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવવામાં આવ્યું હતું કે પશુપતિનાથ સાહાની દુકાન નજીક આવેલા આશ્રમ પાસે વીજળીના થાંભલા પર લગાવેલા ફોટા આરોપીઓએ ૧૨ મેના રોજ ફાડી નાખ્યા હતા.

બીજે દિવસે આરોપીઓએ તેમના સાથીદારો સાથે ગભરાટ ફેલાવવા અને દહેશત નિર્માણ

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
“20 Yrs of Quality Service”

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ

# ૩૫૦ ટન વજન ધરાવતું કટરહેડ ટીબીએમ વિક્રોલીમાં શાફ્ટમાં ઉતારાયું

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ હેઠળ રવિવારે એક મહત્વપૂર્ણ સીમાચિહ્નમાં ૧૩.૬ મીટર વ્યાસ અને આશરે ૩૫૦ ટન વજન ધરાવતું પહેલું કટરહેડ ટનલ બોરિંગ મશીન (ટીબીએમ) મુંબઈના વિક્રોલી શાફ્ટમાં સફળતાપૂર્વક નીચે ઉતારવામાં આવ્યું હતું.

૨૧ કિલોમીટર લાંબા મુંબઈ ટનલ સેક્શનમાંથી ૧૬ કિલોમીટરના બાંધકામ માટે બે ટીબીએમ ભેગા કરવામાં આવી રહ્યા છે. આમાં થાણે ક્રીક હેઠળની સાત કિલોમીટરની ટનલનો સમાવેશ થાય છે, જે ભારતની પ્રથમ દરિયાઈ રેલ ટનલ હશે. દરેક ટીબીએમનું વજન ૩,૦૦૦ ટનથી વધુ છે. આમાં સરફેસ સેટલમેન્ટ પોઇન્ટ (એસએસપી), ઓપ્ટિકલ ડિસ્પ્લેસમેન્ટ સેન્સર (ઓડીએસ) અથવા ટિલ્ટ મીટર, બીઆરટી (બાય-રિફ્લેક્ટ ટાર્ગેટ/ ૩ડી ટાર્ગેટ), ટનલ સપાટી પર સૂક્ષ્મ સ્ટ્રેન માપવા માટે સ્ટ્રેન ગેજ અને સ્પંદનો અને ધરતીકંપના તરંગોનું નિરીક્ષણ કરવા માટે પીક પાર્ટિકલ વેલોસિટી (પીપીવી) અથવા સિસ્મોગ્રાફનો સમાવેશ થાય છે.

### એન્જિનિયરિંગની અજાયબી

- ૧૩.૬ મીટરના વ્યાસ સાથે, આ કટરહેડ હાઇ-સ્પીડ કોરિડોરની ઉપર અને નીચે બંને લાઇનને સમાવી શકે તેટલી મોટી ટનલ ખોદવામાં સક્ષમ છે.
- તેનું ૩૫૦ ટન વજન આશરે ૨૫૦ પેસેન્જર કાર (મધ્યમ કદની એસયુવી) જેટલું છે.
- આ મશીનને ૧,૬૦૦ કિલોગ્રામ હાઇ-પ્રિસિઝન વેલ્ડીંગનો ઉપયોગ કરીને પાંચ અલગ-અલગ શિપમેન્ટમાં સાઇટ પર પહોંચાડવામાં આવ્યું હતું.
- આ યુનિટ ૮૪ કટર ડિસ્ક, ૧૨૪ સ્ક્રેપર્સ અને ૧૬ બકેટ લિપ્સથી સજ્જ છે, જે ખોદકામ અને કાટમાળ દૂર કરવાની પ્રક્રિયાને કાર્યક્ષમ બનાવે છે.
- કટર ડિસ્ક એ ખડક કાપવા માટેના મુખ્ય સાધનો છે. કટરહેડ પર લગાવેલા સ્ક્રેપર્સ પછી કાટમાળ દૂર કરે છે અને સાફ કરે છે.
- બકેટ લિપ એ કટરહેડમાં એક છિદ્ર છે જેના દ્વારા કાટમાળ મશીનના કાદવ ચેમ્બરમાં પ્રવેશ કરે છે. તે કાટમાળને એકત્ર કરવામાં અને તેને પાઇપલાઇન સિસ્ટમ તરફ બહાર ફેંકવામાં મદદ કરે છે, જેનાથી ટનલમાંથી પાણી નીકળી જાય છે.
- ટીબીએમ વિક્રોલીથી આશરે ૬ કિમી દૂર, ગીચ શહેરી વિસ્તારોમાંથી અને મીઠી નદીની નીચેથી પસાર થશે, અને બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સ (બીકેસી) ખાતે નિર્માણાધીન મુંબઈ બુલેટ ટ્રેન સ્ટેશન પહોંચશે, જ્યાં તે બહાર નીકળશે. ■

# શિવસેનામાં જોડાયા પછી એનસીપીના નેતા શરદ પવારને મળવા પહોંચતા ચર્ચાઓ તેજ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના મુખ્ય પ્રવક્તા અને થાણે શહેર જિલ્લા પ્રમુખ આનંદ પરાંજપે ગુરુવારે પાર્ટીના પ્રાથમિક સભ્યપદ પરથી રાજીનામું આપીને એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેનામાં જોડાયા. ત્યારબાદ, રવિવારે આનંદ પરાંજપે એનસીપી (એસપી)ના પ્રમુખ શરદ પવારને મળ્યા ત્યારે બધાની આંખો પહોળી થઈ ગઈ છે. આ પૃષ્ઠભૂમિમાં, પરાંજપેએ એવી સ્પષ્ટતા કરી છે અને કહ્યું છે કે તેઓ શુભેચ્છા સંદેશ આપવા માટે પવારને મળ્યા હતા. આનંદ પરાંજપેએ કહ્યું, “શરદ પવાર સાહેબ હંમેશા મારા હૃદયમાં રહ્યા છે. તેઓ ગઈકાલે પણ મારા હૃદયમાં હતા, આજે પણ છે અને કાલે પણ રહેશે. હું શિવસેનાના મુખ્ય નેતા અને રાજ્યના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેમાં

(જુઓ પાનું ૪) ▶▶

# દસમા-બારમાની પરીક્ષાની ઉત્તરપત્રિકાઓ સાથે છેડછાડ માટે પણ હવે ફોજદારી ગુનો નોંધાશે

મુંબઇ: રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે લેવાતી બોર્ડ પરીક્ષાઓ હોય કે પ્રવેશ પરીક્ષાઓ, તેમાં ગેરરીતિઓ, કોપી કેસ, પેપર ફૂટવા જેવી ઘટનાઓ દર વર્ષે નિયમિત રીતે બનવા લાગી છે. મહારાષ્ટ્ર રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ (સ્ટેટ બોર્ડ) હવે ૧૦મા અને ૧૨મા ધોરણની પરીક્ષાઓમાં થતી ગેરરીતિઓ સામે કડક કાર્યવાહી કરવાની તૈયારી કરી રહ્યું છે.

અત્યાર સુધી ફક્ત પ્રશ્નપત્રમાં છેડછાડ અને પેપર લીક જેવી ઘટનાઓ સામે ફોજદારી કાર્યવાહીની જોગવાઈ હતી. મહારાષ્ટ્ર પ્રિવેન્શન ઓફ મેલપ્રેક્ટિસીસ એક્ટ, ૧૯૮૨ હેઠળ, પરીક્ષામાં ગેરરીતિઓ માટે કોગ્નિઝેબલ અને બિન-જામીનપાત્ર ગુનાઓ નોંધવામાં આવે છે. આ કાયદો મુખ્યત્વે પરીક્ષા કેન્દ્રો પર થતી ગેરરીતિઓને આવરી લે છે. જો કે, છેલ્લા

(જુઓ પાનું ૪) ▶▶

ગોરેગામ ખાડી પર કેબલ-સ્ટેઈડ બ્રિજ

# ઓશિવરા, લોખંડવાલા વિસ્તાર જોડનારા બ્રિજનું કામ ૨૦૨૮માં પૂર્ણ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પશ્ચિમ ઉપનગરમાં ટ્રાફિકની સમસ્યાને હળવી કરવા માટે મુંબઈ મહાનગરપાલિકા એક નવો કેબલ-સ્ટેઈડ બ્રિજ ઊભો કરવાની છે. આ બ્રિજ બંધાઈ ગયા બાદ અંધેરી, ઓશિવરા, લોખંડવાલા અને ગોરેગામના રહેવાસીઓને ટ્રાફિકમાં મોટી રાહત મળી રહેવાની છે.

ગોરેગામની ખાડી પર એક નવો છ લેનના પુલનું બાંધકામ ચાલી રહ્યું છે, તેથી મુંબઈના મહત્ત્વના ટ્રાફિકથી ભરચક રહેતા લોખંડવાલા જંક્શનમાં વાહનચાલકોને મોટી રાહત મળી રહેશે. ઈંધણની સાથે જ લોકોના સમયની પણ બચત થવાની છે.

હાલ પશ્ચિમ ઉપનગરમાં એસ.વી.રોડ અને લિંકિંગ રોડ તથા ઉત્તર-દક્ષિણ કોરિડોર છે. આ

(જુઓ પાનું ૪) ▶▶




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** “મુંબઈ સમાચાર” પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના “મુંબઈ સમાચાર” પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**